બફ્યુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા (માસિક)

**ફેબ્રુઆરી-૨૦૨૧**


જમાદિઉલ આખર-રજબુલ મુરજ્જબ
હિજરી સન : ૧૪૪૨

વર્ષ : ૧૮, અંક : ૦૨, સળંગ અંક : ૨૦૫



**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧
Mo. 9427464411 (PhonePe/Paytm)
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૩૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


01 લવ જેહાદના કાયદા કરતાં દુષ્કર્મીઓ સામે જેહાદની તાતી જરૂર 04
02 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન 08
03 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત 11
04 હદાઈકે બખ્શિશ 14
05 હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) 18
06 ફુતૂહુલ ગયબ (એટલે ગૌષ પાક رضی اللہ عنہ ના વઅઝ) 20
07 તઝકેરતુલ અવલિયા 23
08 હઝરત નૂરી મિયાં رحمۃ اللہ علیہ ની દીન પ્રત્યે મક્કમતા 26
09 અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ 30
10 ક઼ાનૂને શરીઅત 32
11 لَيْسَ مِنَّا 'તે અમારો નથી' 35
12 મુસલમાનોની બુઝદિલીના સબબો 39
13 નમાઝ અને મેડિકલ સાયન્સ 41
14 મુસ્લિમ સ્ત્રીઓની ઈદ્દત અને ડીએનએનું વૈજ્ઞાનિક સંશોધન 47
15 બરકાતે ખ્વાજાની ટપાલ 48


### કા'બે કે દર કે સામને માંગી હૈ યે દુઆ ફક઼ત

અઝ : હઝરત નઝમી મિયાં મારેહરવી બરકાતી رحمۃ اللہ علیہ

કા'બે કે દર કે સામને માંગી હૈ યે દુઆ ફક઼ત
હાથોં મેં હશ્ર તક રહે દામને મુસ્તફા ફક઼ત

અપને કરમ સે અય ખુદા ઈશ્કે રસૂલ કર અતા
આખરી દમ ઝબાં પર હો સલ્લિ અલા સદા ફક઼ત

તયબહ કી સૈર કો ચલેં ક઼દમોં મેં ઉન કે જાન દેં
દફ્ન હોં ઉન કે શહર મેં હૈ યહી ઈલ્તેજા ફક઼ત

યૂં તો હર એક નબી વલી રબ કે હુઝૂર હૈ શફીઅ્
શાફએ રોઝે હશ્ર કા હમ કો હૈ આસરા ફક઼ત

મેઅરાજ કા શરફ મિલા યૂં તો હર એક રસૂલ કો
અર્શ સે આગે જા સકે અહમદે મુજતબા ફક઼ત

દુન્યા કી સારી નેઅમતેં મેરી નઝર મેં હેચ હો
રખને કો સર પે ગર મિલે નઅલૈને મુસ્તફા ફક઼ત

દિન રાત મેરે સામને તઝકેરએ હબીબ હો
મુઝ સે મરીઝે ઈશ્ક઼ કી હૈ યહી એક દવા ફક઼ત

નઝઅ કે વક઼ત જબ મેરી સાંસોં મેં ઈન્તિશાર હો
મેરી નઝર કે સામને ગુંબદ હો વો હરા ફક઼ત


મુન્કર નકીર ક઼બ્ર મેં હમ સે સવાલ જબ કરેં
ઐસે મેં વિર્દ હમ રખેં આપ કે નામ કા ફક઼ત

નઅતે રસૂલે પાક હૈ 'નઝમી' કા મક઼સદે હયાત
ક઼બ્ર મેં ભી લબોં પર હો સરકાર કી ષના ફક઼ત

# લવ જેહાદના કાયદા કરતાં દુષ્કર્મીઓ સામે જેહાદની તાતી જરૂર

તંત્રી લેખ...

પ્રિય વાંચકો ! સ્ત્રીઓ પર અત્યાચારનો નીચે દર્શાવેલ રેકોર્ડ જુઓ અને વિચારો કે આપણા પ્રિય વતન હિંદમાં સ્ત્રીઓ પર બળાત્કાર તથા દુષ્કર્મ તથા અત્યાચાર કેટલા પ્રમાણમાં થઈ રહ્યો છે પણ ઈક્કા દુક્કા કેસોના સિવાય કોઈ વિરોધ જોવા મળતો નથી. રેપિસ્ટોને જાણે છૂટો દોર મળી ગયો હોય તેમ જાણે કોઈ કાયદા તેમને નડતા નથી અને રોજ બરોજ તમો સમાચારોમાં જોતા વાંચતા હશો કે કેટલી કૂમળી કળીઓ તથા કેટલીય લાચાર મા બહેનોને કચુંડી કાઢવામાં આવે છે. આજે કહેવાતા ''લવ જેહાદ''ના નામ પર ધાંધલ ધમાલ થઈ રહી છે પણ આ બહેનોનો કોઈ બેલી નથી ! દેશની અબળાઓ પર **રેપ** તથા **દુષ્કર્મ** તથા **અત્યાચાર**ના બનાવોની સરખામણીમાં ''લવ જેહાદ''ના કહેવાતા ગુનાહ ૧% પણ નહીં બનતા હોય, છતાં આ કેવી ઉલ્ટી ગંગા વહી રહી છે કે આ લાચાર અબળાઓના પ્રતિ આંખ આડા કાન કરવામાં આવે છે.




''NCRB (નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો)ના રિપોર્ટ પ્રમાણે ૨૦૧૮માં દેશમાં **રેપના કુલ ૩૩૩૫૬ કેસો** નોંધાયા (જે નહીં નોંધાતા હોય તે તો અલગ). **૨૦૧૭**માં આ સંખ્યા **૩૨૫૫૯** હતી. **યુ.પી.**માં પાછલા વર્ષે **૩ હજારથી વધુ** થયા. **૨૦૧૯**ના વર્ષમાં દેશમાં **૩૨૦૩૩** કેસો નોંધાયા. રોજના સરેરાશ **૮૮** બળાત્કારના કેસો આઝાદ ભારતમાં થઈ રહ્યા છે. ભારતમાં દરરોજ ૧૦ દલિત મહિલાઓ સાથે રેપ થાય છે. ગુજરાતમાં ૨૦૧૮–૧૯માં કુલ ૨૭૨૩૦ રેપના કેસો તથા ૨૦૧૯માં રાજસ્થાનમાં ૬૦૦૦ લગભગ રેપના બનાવો બન્યા. ૨૦૧૦ થી ૨૦૧૯ની વચ્ચે પૂરા ભારતમાં કુલ **૩,૧૩,૨૮૯** બળાત્કારના કેસો નોંધાયા.

**★ વિધર્મી સાથે લગ્નો પહેલાં પણ થતાં હતાં તેને કોઈએ 'લવ જેહાદ' નથી કહ્યું ! ★**

‘‘ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી કટ્ટરવાદી તત્વો દ્વારા લવ જેહાદના મુદ્દાને બિનજરૂરી રીતે ઉછાળી રાજ્યની શાંતિમાં પલીતો ચાંપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોય એવું જણાઈ રહ્યું છે. આ કહેવાતા લવ જેહાદની જેવી કોઈ પ્રવૃત્તિ છે જ નહીં, પણ **જે વિધર્મી સાથે લગ્નની સમસ્યા છે તે સમસ્યા કોઈ એક ધર્મ કે સમાજની નહીં તમામ ધર્મ કે સમાજની છે. આથી કાયદો બને તે જરૂરી છે અને કોઈ એક ધર્મના લોકોને ટાર્ગેટ કર્યા વિના તમામ લોકોને એક સરખી સજા મળે તેવી જોગવાઈ કરવી જોઈશે.**

પરંતુ સાથે સાથે રાજ્યમાં હાલ **કલ્પિત લવ જેહાદ** કરતાં અનેકગણો ખતરનાક દુષ્કર્મનો પ્રશ્ન ખૂબ જ ગંભીર છે, અનેક માસૂમ કિશોરીઓ અને યુવતીઓ દુષ્કર્મનો શિકાર બની રહી છે ત્યારે કલ્પિત લવ જેહાદ કરતાં વધારે દુષ્કર્મીઓ સામે જેહાદ કરવાની વધારે જરૂર છે. બે વિજાતીય વ્યક્તિઓ વચ્ચે પ્રેમ અને આકર્ષણ એ આજકાલનો પ્રશ્ન નથી, સદીઓથી ચાલતુ આવે છે અને પ્રેમ કરનારા કદી નાત, જાત, ધર્મ કે ખાનદાન જોતા

http://newbarkatekhwaja.net

નથી. તેઓ તો બસ પ્રેમ થાય એટલે મરી ફિટવા પણ તૈયાર થઈ જાય છે. પ્રેમ એ કોઈ એક સમાજની સમસ્યા નથી, તમામ સમાજમાં આ પ્રકારના સાચા ખોટા લવરિયાઓ અસ્તિત્વ ધરાવે છે. જેમાં કેટલાક પ્રેમી પંખીડા પોતાના પરિવારને મનાવી લગ્ન કરવામાં સફળ થાય છે, તો કેટલાક પરિવારને મનાવામાં નિષ્ફળ નીવડતા હોવાથી ઘરેથી ભાગીને લગ્ન કરી લેતા હોય છે, (પછી લગ્નજીવન સફળ થાય કે ન થાય) તો વળી કેટલાક પરિવારની ઈચ્છા સામે ઝૂકી જઈ પોતાના સંબંધો પર પૂર્ણવિરામ મૂકી દેતા હોય છે. જ્યારે કેટલાક અપવાદરૂપ કિસ્સામાં આવા પ્રેમી પંખીડાઓ પોતે એક નહીં થઈ શકે એ ડરે આત્મહત્યા પણ કરી લેતા હોય છે. આ બધું આપણે વર્ષોથી જોઈએ અને સાંભળીએ છીએ. આથી આ પ્રશ્ન બે પરિવારો કે યુવક–યુવતીના ખાનદાન સિવાય ક્યારેય આખા સમાજ, શહેર, રાજ્ય કે દેશનો પ્રશ્ન બન્યો નથી. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી દેશમાં આવા પ્રેમ લગ્નોને લવ જેહાદનું નામ આપી ઉશ્કેરણી કરવાનો અને બે કોમ વચ્ચે વૈમનસ્ય ઊભું કરવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે.

ખરેખર સિક્કાની બીજી બાજુ જોવામાં આવે તો લવ જેહાદના નામે ચગાવવામાં આવતો પ્રેમ લગ્નોનો પ્રશ્ન બહુમતી સમાજ માટે મોટી ચિંતાનો પ્રશ્ન જ નથી, એના કરતાં તો વધારે ચિંતા કિશોરી કે યુવતીના માતા–પિતાઓને દુષ્કર્મની સતાવી રહી છે. કારણ કે પ્રેમલગ્નના કિસ્સા બને છે, એના કરતાં અનેક ગણા બનાવો દુષ્કર્મના બની રહ્યા છે, તેમની લાડકવાઈ ઘરેથી સ્કૂલ કોલેજ કે નોકરીયે જાય અને સાંજે સલામત રીતે પરત આવે ત્યારે જ માતા–પિતાને હાશકારો થાય છે. ઊલટાનું **ચિંતા તો ખરેખર લઘુમતી સમાજ કરી રહ્યો છે કે, જેમની યુવતીઓને યેનકેન પ્રકારે ભગાડી જઈ લગ્ન કરવા ખાસ ઝુંબેશ ચલાવાઈ રહી છે અને તે માટે કેટલીક સંસ્થાઓ દ્વારા નાણાકીય ફંડ પણ પૂરું પાડવામાં આવે છે. એટલું જ નહીં લગ્ન કરનાર યુવકોને આર્થિક મદદ પણ કરવામાં આવે છે. આ માટે કેટલીક સંસ્થાઓ દ્વારા ખુલ્લેઆમ આ પ્રવૃત્તિ ચલાવાઈ રહી છે. જેના વીડિયો પણ સોશિયલ મીડિયામાં અવાર–નવાર વાયરલ થઈ રહ્યા છે.** છેલ્લા કેટલાક વર્ષોથી મેરેજ રજિસ્ટ્રેશન કચેરીઓમાં રજિસ્ટ્રેશન થઈ રહેલા લગ્નની સંખ્યા જોવામાં આવે તો મુસ્લિમ યુવતીઓ અને અન્ય ધર્મના યુવક વચ્ચે લગ્ન રજિસ્ટ્રેશન થયાના અનેક કિસ્સા જોવા મળશે. પરંતુ અહીં કટ્ટરવાદી તત્વોના મોઢા સિવાઈ જાય છે.

હાલ ગુજરાત સહિત દેશભરમાં સૌથી વધુ ગંભીર સમસ્યા હોય તો તે કિશોરીઓ અને યુવતી ઉપર થઈ રહેલા દુષ્કર્મ અને અત્યાચારની છે. અખબારોમાં રોજરોજ અહેવાલો પ્રસિદ્ધ થાય છે, એના કરતા અનેક ગણી કિશોરીઓ અને યુવતીઓ રોજરોજ ભૂખ્યા વરૂ જેવા શેતાનોના હવસનો શિકાર બની રહી છે. ક્યાંક લલચાવી, ક્યાંક ડરાવી, ક્યાંક ધમકાવી, ક્યાંક બ્લેકમેલ કરી, તો ક્યાંક મજબૂરીનો લાભ ઉઠાવી અસંખ્ય અબળાઓને પીંખવામાં આવી રહી છે, તો કેટલાક કિસ્સામાં પુરાવાનો નાશ કરવા આવી માસૂમ બાળા અને યુવતીઓની હત્યા પણ કરવામાં આવી રહી છે. છતાં સમાજના કહેવાતા સેવકોનું રૂંવાયડુયે ફરકતું નથી. **આપણા દેશમાં આવી કિશોરીઓ અને યુવતીઓને હવસનો શિકાર બનતી અટકાવવા કાયદો બનાવવામાં આવ્યો છે ખરો, પરંતુ તે નહોર વિનાના સિંહ જેવો છે, ઊલટાનું જો આંકડાઓનો અભ્યાસ કરવામાં આવે તો કાયદો બન્યા બાદ આવા દુષ્કર્મોની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. આથી માત્ર કાયદો ઘડી નાખવાથી ગુનાઓનું પ્રમાણ ઓછુ થતું નથી પરંતુ તેનો કડકમાં કડક રીતે અમલ કરવા માટેની ઈચ્છાશક્તિ જોઈએ જે આપણા શાસકોમાં નથી.** પરિણામે ગુનેહગારો બેફામ બની રહ્યા છે અને નિર્દોષ

લોકો પીસાઈ રહ્યા છે. એવું સમાજના હિતેચ્છુઓનું જણાવવું છે.'' *(ગુજરાત ટુ ડે, ૪–૧–૨૦૨૧)*

## ★ ઈસ્લામી દષ્ટિએ 'લવ જેહાદ' શબ્દ સુસંગત જ નથી ! ★

ઈસ્લામી દષ્ટિએ જોતાં **'લવ જેહાદ'** શબ્દ એ સદંતર ''તૂત'' તથા ''તરકટ'' અને બનાવટ'' છે. કારણ કે ઈસ્લામ ધર્મમાં એને કોઈ સ્થાન જ નથી, **ઈસ્લામમાં કોઈ પણ ગૈર સ્ત્રી ચાહે તે મુસ્લિમ હોય કે ગૈર મુસ્લિમ હોય તેની સાથે ''પ્રેમ સંબંધ'' કે મેલજોલ રાખવી, તેણી સાથે દોસ્તી કે મિત્રતા કેળવવી જાઈઝ જ નથી. ગૈર સ્ત્રી સાથે લવ, દોસ્તી, મેળમેળાપ, એકાંતમાં મળવું અને તેણી સાથે પ્રેમાલાપ આ સૌ ''હરામ'' છે અને ઐયાશી છે, જહન્નમના અઝાબને નિમંત્રણ આપવું છે.** પછી કેમ કરીને ''લવ જેહાદ'' શબ્દ અસ્તિત્વમાં આવ્યો ?! આ શબ્દ જ બે કૌમો વચ્ચે વૈમનસ્ય તથા અસહિષ્ણુતા તથા ઉશ્કેરણી પેદા કરવા માટે જન્મ પામેલો છે ! જેના નામે આજે કાયદા બની રહ્યા છે કે કાયદા બનાવવાની વાતો થાય છે. કેટલાક ભાગલાવાદી તથા અંગત સ્વાર્થમાં પોતાનો રોટલો શેકવા માગતા તત્વોના મક્કાર દિમાગની આ પેદાશ છે.

## ★ વિધર્મી સાથે લગ્ન એ હિંદમાં નવી વાત નથી ! ★

હિંદમાં સેંકડો વરસોથી સર્વ ધર્મના લોકો એક સાથે રહે છે અને એકબીજા સાથે શૈક્ષણિક ક્ષેત્રે, રમતગમત ક્ષેત્રે, વ્યાપારિક ક્ષેત્રે તેમજ એક જ શહેર, એક જ ગામ તથા મહોલ્લામાં આડોશ પાડોશમાં પણ રહે છે. ધંધાઓમાં ભાગીદાર પણ રહે છે, નોકરી તથા અન્ય સામાજિક કાર્યોમાં સાથે સાથે રહીને કામો કરતા રહીને જીવતા આવ્યા છે. તો સ્વભાવિક છે કે સ્ત્રી પુરૂષોમાં પણ વિજાતીય આકર્ષણમાં ઘણા એવાં દષ્ટાંતો છે કે હિંદુ સ્ત્રી સાથે મુસ્લિમ પુરૂષે તથા મુસ્લિમ સ્ત્રીએ હિંદુ પુરૂષ સાથે લગ્નો કરેલાં છે. વરસોથી આ ક્રમ ચાલેલો છે. પણ દરેકની અંગત મરજી અને વ્યક્તિ સ્વાતંત્ર્યતા તથા હિંદના બંધારણમાં દરેક વ્યક્તિ પોતે ગમે તે ધર્મ પાળવા સ્વતંત્ર અધિકાર ધરાવતી હોય અત્યાર સુધી કોઈએ વાંધા ઉઠાવ્યા ન હતા. અને એમાં ફક્ત વિજાતીય આકર્ષણમાં જેના પર દિલ લાગી જાય તેનાં દીવાનાં સ્ત્રી પુરૂષ બની જતાં હોય છે. **કોઈ ધર્મનો ફેલાવો કરવાનો ખયાલ પણ તેમને નથી હોતો. પોતાની વાસનાઓ કે મનેચ્છાઓ માટે કે દૌલતની લાલચમાં આવા સંબંધો બંધાતા હોય છે તેને ''જેહાદ'' કહેવું ક્યાંથી યોગ્ય માની શકાય ?!**

અત્યાર સુધી વિવિધ કૌમોના લોકો વચ્ચે એકતા તથા ભાઈચારગીનો સંબંધ ચાલ્યો આવેલો છે. આજે પણ ફિલ્મી લાઈન ક્ષેત્રે તથા રાજકરણ ક્ષેત્રે તથા અન્ય ક્ષેત્રોમાં વિધર્મી જોડાંઓ મશહૂર છે. પણ છેલ્લા કેટલાક વરસોથી પબ્લિકમાં અમુક ધાર્મિક સંગઠનોએ રાજકરણના ખેલમાં કે ઉગ્રતામાં આ બાબતે ઉશ્કેરણી ફેલાવવાનું શરૂ કરીને બે કૌમો વચ્ચે વૈમનસ્ય ખડુ કર્યું છે અને હાલમાં યુ.પી.માં આ બાબતે ''જબરદસ્તી ધર્માંતરણ''ના નામે કાયદો પણ બની ગયો છે જેને ''લવ જેહાદ અંગેનો કાયદો'' એ રીતે મીડિયાવાળા ઓળખાવે છે.

## ★ લવ જેહાદનો કાયદો, માનવ અધિકારોનો ભંગ ?! ★

**સુપ્રિમ કોર્ટના નિવૃત્ત જજ જસ્ટિસ મદન લોકુરે કહ્યું** કે ઉત્તર પ્રદેશની રાજ્ય સરકારે ઘડેલો લવ જેહાદ કાયદો માનવ અધિકારોનો ભંગ કરતો છે. તેમણે કહ્યું કે આ કાયદો કમનસીબ ગણાય. એક લેકચર

દરમ્યાન તેમણે કહ્યું કે આ કાયદો જીવનસાથી પસંદ કરવાના અધિકારનો ભંગ કરતો છે. જસ્ટિસ લોકુરે કહ્યું કે ૨૦૧૮માં સુપ્રિમ કોર્ટમાં રજૂ થયેલા હાદિયા કેસના આદેશનું શું થયું. સુપ્રિમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે એક યુવતી પોતાની પસંદગીના યુવક સાથે પરણી શકે છે અને સ્વેચ્છાએ ધર્મ પરિવર્તન કરી શકે છે. લવ જેહાદનો કાયદો ઘડતી વખતે સુપ્રિમ કોર્ટના આ આદેશનું પણ ઉલ્લંઘન થતુ હતું એમ તેમણે કહ્યું હતું. *(ગુજરાત ટુ ડે, તા. ૨–૧૨–૨૦૨૦)*

એ જ પ્રમાણે **દિલ્હી હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ એ.પી.શાહ** જણાવે છે કે, ઉત્તર પ્રદેશના નવા ધર્માંતરણવિરોધી વટહુકમનું ધ્યેય લવજેહાદને ડામવાનું છે. વાસ્તવમાં આ કાયદો ખાપ પંચાયતની ફિલોસોફીને અનુસરે છે. તેનો હેતુ મુખ્યત્વે મહિલાઓને દબાવીને રાખવાનો છે. વધુમાં એન.ડી.ટીવી પર બોલતાં તેમણે જણાવ્યું હતું કે આ વટ હુકમની કેટલીક જોગવાઈઓ ધર્મના અનુસરણની આર્ટિકલ ૨૫ હેઠળ આપવામાં આવેલી કેટલીક જોગવાઈઓના મૂળભૂત અધિકારનો ભંગ કરે છે તેની સાથે તે આર્ટિકલ ૨૫ હેઠળ આપવામાં આવેલા જીવનના અધિકાર અને સ્વતંત્રતાના મૂળમાં ઘા કરે છે. ન્યાયધીશ લો કમિશનના પૂર્વ વડા છે. તેમજ કાયદાની વિસંગતતાઓનુ પણ તેમણે વર્ણન કર્યું હતું. કહ્યું કે, **રસપ્રદ વાત એ છે કે પુનઃધર્માંતરણ કે રાજકીય શબ્દોમાં કહીએ તો 'ઘર વાપસી' ગેર કાયદેસર નથી, પછી ભલે ને તે બળજબરી કે છેતરપિંડી દ્વારા કરવામાં આવી હોય. અહીં કોઈ વ્યક્તિએ સ્વૈચ્છિક રીતે ધર્માંતરણ કર્યું હોય તો તેની ધરપકડ થઈ શકે છે, પરંતુ જો કોઈ વ્યક્તિની બળજબરીથી કે પરાણે 'ઘર વાપસી' કરાવવામાં આવી હોય તો તે ગુનો બનતો નથી !** એવો નિર્દેશ તેમણે કર્યો હતો. *(ગુજરાત ટુ ડે, ૪–૧–૨૦૨૧)*

એટલું જ નહી બલ્કે **૧૦૪ આઈ.એ.એસ. ઓફીસરોએ U.P.** નફરતના રાજકરણનો અડ્ડો બની રહ્યું હોવાનો ચોંકાવનારો આક્ષેપ કર્યો છે. ભૂતપૂર્વ સરંક્ષણ સલાહકાર શિવશંકર મેનન, ભૂતપૂર્વ વિદેશ સચિવ અનુપમા રાવ અને વડાપ્રધાનના ભૂતપૂર્વ સલાહકાર ટી.કે.એ. નાયર સહિતના અધિકારીઓએ U.P.ના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથને લખેલા એક પત્રમાં એવો આક્ષેપ કર્યો હતો કે એક સમયે ગંગા જમુનાના તીર્થ ધામ તરીકે ઓળખાતુ U.P. અત્યારે નફરતના રાજકરણ, વિભાજનવાદ અને કટ્ટરતાના રાજકરણનું કેન્દ્ર બની રહ્યું છે. ખાસ કરીને તાજેતરમાં ઘડવામાં આવેલા લવ જિહાદના કાયદાની પત્રમાં આકરી ટીકા કરવામાં આવી હતી. *(ગુરાજત ટુ ડે, ૪–૧–૨૦૨૦)*

### ★ અંતિમ સમજવા જેવી નસીહતભરી વાત ! ★

ઈસ્લામમાં દીન ઈમાન એ દિલની કેફિયતનું નામ છે. **રાજીખુશીથી, હોશ હવાસ સાથે, સમજી વિચારીને સાચા દિલથી જ્યાં સુધી ઈસ્લામના સિદ્ધાંત કે ઈસ્લામી માન્યતાને ન માને ત્યાં સુધી જીભ વડે કલમો પઢવાથી કોઈ મુસલમાન થઈ શક્તુ નથી.** જેથી ઈસ્લામમાં જબરદસ્તી કલમો પઢાવવાની કલ્પના પણ નથી થઈ શકતી. વળી કુર્આનમાં છે : لَآ اِكْرَاهَ فِي الدِّيْنِ **"દીનમાં કોઈ જબરદસ્તી નથી."** (સૂરએ બક્રહ, ૨/૨૫૬) જેથી બળપૂર્વક મુસલમાન બનાવવાનો ઈસ્લામમાં કોઈ સ્કોપ જ નથી. અને અંતમાં જે મુસલમાન યુવાન કે યુવતી કોઈ ગૈર ધર્મવાળા પ્રતિ આકર્ષાયને જેને કહેવાતો 'લવ' કરે કે તેમની સાથે શાદી કરે તો જાણી લે કે એ ચીજો નાજાઈઝ તથા હરામ છે, અને જે મેળ મેળાપ કે સંબંધ થશે તે ઝિના ગણાશે, જે ઔલાદ થશે તે હરામની ગણાશે. જેથી જો દીન ઈમાનનું મહત્વ સમજતા હોવ તો **તમારા નફ્સની ઈચ્છા તથા મનની વાસનાથી પરહેઝ કરો અને એ શરીઅત વિરુદ્ધના ધંધાઓથી બચો, અને પોતાને જહન્નમથી બચાવો.**



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.

فَاِذَا قَضَيْتُمُ الصَّلٰوةَ فَاذْكُرُوا اللّٰهَ قِيٰمًا وَّ قُعُوْدًا وَّ
عَلٰى جُنُوْبِكُمْ ۚ فَاِذَا اطْمَاْنَنْتُمْ فَاَقِيْمُوا الصَّلٰوةَ ۚ اِنَّ
الصَّلٰوةَ كَانَتْ عَلَى الْمُؤْمِنِيْنَ كِتٰبًا مَّوْقُوْتًا ﴿١٠٣﴾ وَ لَا تَهِنُوْا
فِی ابْتِغَآءِ الْقَوْمِ ؕ اِنْ تَكُوْنُوْا تَاْلَمُوْنَ فَاِنَّهُمْ يَاْلَمُوْنَ
كَمَا تَاْلَمُوْنَ ۚ وَ تَرْجُوْنَ مِنَ اللّٰهِ مَا لَا يَرْجُوْنَ ؕ وَ كَانَ
اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا ﴿١٠٤﴾ اِنَّاۤ اَنْزَلْنَاۤ اِلَيْكَ الْكِتٰبَ بِالْحَقِّ
لِتَحْكُمَ بَيْنَ النَّاسِ بِمَاۤ اَرٰىكَ اللّٰهُ ؕ وَ لَا تَكُنْ
لِّلْخَآىِٕنِيْنَ خَصِيْمًا ﴿١٠٥﴾ وَّ اسْتَغْفِرِ اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ كَانَ
غَفُوْرًا رَّحِيْمًا ﴿١٠٦﴾ وَ لَا تُجَادِلْ عَنِ الَّذِيْنَ يَخْتَانُوْنَ
اَنْفُسَهُمْ ؕ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ مَنْ كَانَ خَوَّانًا اَثِيْمًا ﴿١٠٧﴾
يَّسْتَخْفُوْنَ مِنَ النَّاسِ وَ لَا يَسْتَخْفُوْنَ مِنَ اللّٰهِ وَ هُوَ
مَعَهُمْ اِذْ يُبَيِّتُوْنَ مَا لَا يَرْضٰى مِنَ الْقَوْلِ ؕ وَ كَانَ اللّٰهُ
بِمَا يَعْمَلُوْنَ مُحِيْطًا ﴿١٠٨﴾ هٰۤاَنْتُمْ هٰۤؤُلَآءِ جٰدَلْتُمْ عَنْهُمْ
فِی الْحَيٰوةِ الدُّنْيَا ۫ فَمَنْ يُّجَادِلُ اللّٰهَ عَنْهُمْ يَوْمَ
الْقِيٰمَةِ اَمْ مَّنْ يَّكُوْنُ عَلَيْهِمْ وَكِيْلًا ﴿١٠٩﴾ وَ مَنْ يَّعْمَلْ
سُوْٓءًا اَوْ يَظْلِمْ نَفْسَهٗ ثُمَّ يَسْتَغْفِرِ اللّٰهَ يَجِدِ اللّٰهَ
غَفُوْرًا رَّحِيْمًا ﴿١١٠﴾ وَ مَنْ يَّكْسِبْ اِثْمًا فَاِنَّمَا يَكْسِبُهٗ عَلٰى

## સૂરએ નિસાઅ્ની તફસીર

પછી જ્યારે તમે નમાઝ પઢી ચૂકો, તો અલ્લાહની યાદ કરો ઉભા રહીને, અને બેસીને અને પડખાંઓ પર સૂતા સૂતા[૨૦૯] પછી જ્યારે શાંત પડી જાવ તો નિયમ મુજબ નમાઝ કાયમ કરો. બેશક ! નમાઝ છે મુસલમાન પર સમય નક્કી કરેલો[૨૧૦] ફર્ઝ (૧૦૩) અને કાફિરોની શોધમાં સુસ્તી ન કરો. જો તમને દુઃખ પહોંચે છે તો તેમને પણ દુઃખ પહોંચે છે જેવું કે તમને પહોંચે છે અને તમે અલ્લાહથી તે આશા રાખો છો, જે તેઓ નથી રાખતા. અને અલ્લાહ જાણનાર, હિકમતવાળો છે[૨૧૧] (૧૦૪) હે મહબૂબ ! બેશક ! અમે તમારી તરફ સત્ય કિતાબ ઉતારી, જેથી તમે લોકોમાં ફૈંસલો કરો[૨૧૨] જે રીતે તમને અલ્લાહ દેખાડે[૨૧૩], અને દગાખોરો તરફથી ઝઘડો ન કરો (૧૦૫) અને અલ્લાહ પાસે માફી માગો, બેશક ! અલ્લાહ માફ કરનાર, મહેરબાન છે (૧૦૬) અને ન તેમની તરફથી ઝગડો, જેઓ પોતાના પ્રાણોને ખયાનતમાં સંડોવે છે[૨૧૪] બેશક ! અલ્લાહ નથી ચાહતો કોઈ મોટા દગાબાઝ ગુનેહગારને (૧૦૭) માણસોથી સંતાય છે, અને અલ્લાહથી નથી સંતાતા[૨૧૫] અને અલ્લાહ તેમની પાસે

*છે[૨૧૬]. જ્યારે દિલમાં તે વાત ઠરાવે છે જે અલ્લાહને પસંદ નથી[૨૧૭] અને અલ્લાહે એમનાં કામોને ઘેરેલાં છે (૧૦૮) સાંભળો છો ! આ જે તમે છો[૨૧૮] દુનિયાના જીવનમાં તો એમના તરફથી ઝગડયા. તો કયામતના દિવસે એમની તરફથી અલ્લાહ સાથે કોણ ઝગડશે ? અથવા કોણ એમનો વકીલ બનશે ? (૧૦૯) અને જે કોઈ બુરાઈ, અથવા પોતાના પ્રાણ પર જુલ્મ કરે, પછી અલ્લાહ પાસે માફી માગે, તો અલ્લાહને માફ કરનાર, મહેરબાન પામશે (૧૧૦) અને જે કોઈ ગુન્હો કમાય, તો તેની કમાઈ તેના જ જીવ પર પડે. અને અલ્લાહ ઈલ્મ અને હિકમતવાળો છે[૨૧૯] (૧૧૧) અને જે કોઈ ભૂલ અથવા ગુન્હો કમાય[૨૨૦] પછી તેને જે કોઈ નિર્દોષ પર ઠોકી બેસાડે તેણે ચોક્કસ આક્ષેપ અને ખુલ્લો ગુન્હો ઉપાડયો (૧૧૨) અને હે મહબૂબ ! જો અલ્લાહનો ફઝલ અને રહમત તમારા પર ન હોત[૨૨૧] તો તેમનામાંના અમુક લોકો એવું ઈચ્છત કે તમને ધોકો આપી દે, અને તેઓ પોતાને જ બહેકાવી રહ્યા છે[૨૨૨] અને તમારૂં કશું બગાડશે નહીં[૨૨૩]. અને અલ્લાહે તમારા પર કિતાબ[૨૨૪] અને હિકમત ઉતારી. અને તમને શિખવાડી દીધું જે કાંઈ તમે ન જાણતા હતા[૨૨૫] અને છે અલ્લાહનો ફઝલ તમારા પર મોટો[૨૨૬] (૧૧૩) તેમના વધુ પડતા મશવરાઓમાં કાંઈ ભલાઈ નથી[૨૨૭]. પણ જે આદેશ આપે ખૈરાત અથવા સારી વાત અથવા લોકોમાં સુલેહ કરવાનો, અને જે અલ્લાહની ખુશી પામવા એવું કરે, તેને નજીકમાં જ અમે મોટો સવાબ આપીશું (૧૧૪)*

نَفْسِهٖ ؕ وَ کَانَ اللّٰهُ عَلِیْمًا حَکِیْمًا ﴿۱۱۱﴾ وَ مَنْ یَّکْسِبْ
خَطِیْٓـَٔةً اَوْ اِثْمًا ثُمَّ یَرْمِ بِهٖ بَرِیْٓـًٔا فَقَدِ احْتَمَلَ بُهْتَانًا
وَّ اِثْمًا مُّبِیْنًا ﴿۱۱۲﴾ وَ لَوْ لَا فَضْلُ اللّٰهِ عَلَیْكَ وَ رَحْمَتُهٗ
لَهَمَّتْ طَّآئِفَةٌ مِّنْهُمْ اَنْ یُّضِلُّوْكَ ؕ وَ مَا یُضِلُّوْنَ اِلَّاۤ
اَنْفُسَهُمْ وَ مَا یَضُرُّوْنَكَ مِنْ شَیْءٍ ؕ وَ اَنْزَلَ اللّٰهُ
عَلَیْكَ الْكِتٰبَ وَ الْحِكْمَةَ وَ عَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ ؕ
وَ کَانَ فَضْلُ اللّٰهِ عَلَیْكَ عَظِیْمًا ﴿۱۱۳﴾ لَا خَیْرَ فِیْ كَثِیْرٍ مِّنْ
نَّجْوٰىهُمْ اِلَّا مَنْ اَمَرَ بِصَدَقَةٍ اَوْ مَعْرُوْفٍ اَوْ اِصْلَاحٍۭ
بَیْنَ النَّاسِ ؕ وَ مَنْ یَّفْعَلْ ذٰلِكَ ابْتِغَآءَ مَرْضَاتِ اللّٰهِ
فَسَوْفَ نُؤْتِیْهِ اَجْرًا عَظِیْمًا ﴿۱۱۴﴾

**સમજૂતી :: ૨૦૯** : અર્થાત દરેક હાલતમાં અલ્લાહનું ઝિક્ર કરતા રહો. અને કોઈ પણ પરિસ્થિતિમાં અલ્લાહની યાદથી ગાફિલ ન બનો. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ એ ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ ઝિક્ર સિવાય દરેક ફર્ઝની એક હદ નક્કી કરી છે, ઝિક્રની કોઈ હદ રાખી નથી. ફર્માવ્યું, ઝિક્ર કરો ઉભા ઉભા, બેઠા બેઠા, પડખાંઓ પર સૂતા સૂતા, રાતમાં હોય કે દિવસમાં, ધરતી પર હોય કે પાણીમાં, સફરમાં હોય કે ઘરમાં, માલદારીમાં હોય કે ગરીબીમાં, તંદુરસ્તીમાં હોય કે બીમારીમાં, જાહેર રીતે હોય કે છુપી રીતે.

**મસ્અલો** : આનાથી નમાઝ પછી તરત જ કલમએ તવહીદ પઢવા માટે દલીલ કરવામાં આવે છે. જેમકે મશાઈખની આદત છે, અને સહીહ હદીષોથી સાબિત છે.

**મસ્અલો** : ઝિક્રમાં તસ્બીહ, તહલીલ, તમહીદ, તકબીર, ષના, દુઆ તમામનો સમાવેશ થાય છે.

**૨૧૦** : માટે તેના સમયો સાચવવા અનિવાર્ય છે.

**૨૧૧. શાને નુઝૂલ** : ઉહદના યુદ્ધમાંથી

જ્યારે અબૂ સુફ્યાન અને તેમના સાથીદારો પરત થયા, ત્યારે હુઝૂર ﷺએ જે સહાબા ઉહદમાં હાજર થયા હતા, તેમને મુશ્રિકોનો પીછો પકડવા આદેશ આપ્યો, સહાબા ઝખ્મી થયેલા હતા, તેમણે પોતાના ઝખ્મી હોવાની વાત કરી, ત્યારે આ આયતે કરીમા ઉતરી.

**૨૧૨. શાને નુઝૂલ** : અન્સારી કૃબીલા બની ઝફરના તુઅમા બિન ઉમૈરક નામના એક માણસે પોતાના પડોશી કતાદા બિન નુઅમાનનું બખ્તર ચોરી લઈને તેને આટાની ગુણમાં સંતાડી ઝેદ બિન સીમીન નામના યહૂદીને ત્યાં છુપાવી દીધું. જ્યારે બખ્તરની તપાસ થઈ, અને તુઅમા પર શક કરવામાં આવ્યો, ત્યારે તેણે ઈન્કાર કર્યો અને કસમ ખાઈ લીધી, આટાની ગુણ ફાટેલી હતી, તેમાંથી આટો વેરાતો હતો, તેની નિશાની પકડીને લોકો યહૂદીના ઘર સુધી ગયા, ગુણ ત્યાં જોવામાં આવી. યહૂદીએ કહ્યું, તુઅમા મૂકી ગયેલ છે. યહૂદીઓની એક ટોળીએ સાક્ષી પણ આપી. તુઅમાના કૃબીલા બની ઝફરવાળાઓએ ઈરાદો કર્યો કે યહૂદીને ચોર ઠરાવી દઈશું, અને કસમ ખાઈ લઈશું, જેથી આપણો કબીલો બદનામ ન થાય. અને તેમની ઈચ્છા હતી કે રસૂલે કરીમ ﷺ તુઅમાને નિર્દોષ જાહેર કરે, અને યહૂદીને સજા કરે. એટલા ખાતર જ તેમણે હુઝૂર સામે તુઅમાની તરફેણમાં અને યહૂદીની વિરુદ્ધ સાક્ષી આપી. એ સાક્ષીની કોઈ ઉલટ તપાસ થઈ નહીં. તે બનાવ બાબત આ આયત ઉતરી. (આ બનાવ અંગે રિવાયતો બયાન થએલી છે, જેમાં પરસ્પર મત મતાંતરો પણ છે).

**૨૧૩** : અને ઈલ્મ (જાણકારી) આપે. શંકારહિત જ્ઞાનને પ્રાગટય શક્તિના કારણે "દેખાડે" શબ્દ દ્વારા બયાન કરવામાં આવ્યું. હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે, કદાપિ કોઈ એવું ન કહે કે, જેવું અલ્લાહે મને દેખાડયું તેવો મેં ફેંસલો કર્યો. કારણ કે અલ્લાહે ખાસ દરજ્જો તેના નબી ﷺને આપ્યો છે, આપનું મંતવ્ય હમેશાં સત્ય હોય છે. કારણ કે અલ્લાહ તઆલાએ વાસ્તવિક્તાઓ અને બનાવો આપની નજર સમક્ષ કરી દીધા છે, જ્યારે બીજા લોકોના મંતવ્યો કયાસનો દરજ્જો ધરાવે છે.

**૨૧૪** : ગુનાહ કરીને.

**૨૧૫** : શરમ નથી કરતા.

**૨૧૬** : એમની હાલત જાણે છે. તેનાથી એમનો કોઈ ભેદ છુપો રહી શકતો નથી.

**૨૧૭** : જેમ કે તુઅમાની તરફેણમાં જૂઠી કસમ અને જૂઠી સાક્ષી.

**૨૧૮** : અય તુઅમાના કબીલાવાળાઓ !

**૨૧૯** : કોઈને બીજાના ગુનાહનો અઝાબ નથી આપતો.

**૨૨૦** : સગીરા હોય કે કબીરા.

**૨૨૧** : એ રીતે કે તમને નબી અને માસૂમ બનાવ્યા અને ભેદની વાતોથી જાણકાર કર્યો. (જો આમ ન હોત)

**૨૨૨** : કારણ કે એમનો વબાલ એમના પર જ છે.

**૨૨૩** : કારણ કે અલ્લાહે આપને કાયમ માટે મઅસૂમ બનાવ્યા છે.

**૨૨૪** : અર્થાત કુર્આને કરીમ.

**૨૨૫** : દીની બાબતો, શરીઅતના હુકમો, અને ગૈબી ઈલ્મો.

**મસ્અલો** : આ આયતથી પુરવાર થયું કે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺને તમામ કાએનાતનાં ઈલ્મો આપ્યા છે. તેમજ કિતાબ અને હિકમતના ભેદો અને રહસ્યો તથા અસંદિગ્ધ બાબતોની જાણકારી આપી છે. આ મસ્અલો કુર્આને કરીમની આયતો અને પુષ્કળ પ્રમાણમાં હદીષોથી સાબિત છે.

**૨૨૬** : કે તમને એ નેઅમતો સાથે અલગ તારવ્યા.

**૨૨૭** : આ તમામ લોકો માટે આમ છે.

http://newbarkatekhwaja.net

## દર્સે હદીષે પાક એટલે
# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ્ મસાબીહ
# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه رحمة الله الحنّان

*હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે સર્વ જમીન મસ્જિદ છે કૃબ્રસ્તાન સિવાય તથા હમ્મામના[1]. (અબૂ દાઊદ, તિર્મિઝી, દારમી)*

**૧.** ઈસ્લામમાં દરેક જગાએ નમાઝ જાઈઝ છે. કૃબ્રસ્તાનમાં નમાઝ ત્યારે મના છે જ્યારે કે કૃબ્ર નમાઝીની સામે હોય, જેથી કૃબ્રસ્તાનની મસ્જિદોમાં નમાઝ જાઈઝ છે. તેમજ હમ્મામ (બાથરૂમ)માં નહાવાની જગા જ્યાં મેલ કચરો પડયો રહેતો હોય છે, ત્યાં નમાઝ મના છે, જો તેના કોઈ પાક હિસ્સામાં નમાઝ પઢવામાં આવે તો વાંધો નથી.

*હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ સાત જગાએ નમાઝ પઢવાથી મના કર્યું, કચરા પૂંજાની જગા (ઉકરડો), ઝબહની જગા, કૃબ્રસ્તાન[1], રસ્તાની વચ્ચે[2] અને બાથરૂમ (હમ્મામ)માં અને ઊંટ બાંધવાની જગાએ[3] અને કા'બા શરીફથી છત પર[4]. (તિર્મિઝી, ઈબ્ને માજહ)*

**૧.** ઉકરડા તથા ઝબહની જગામાં ગંદકીઓ ફેલાયેલી હોય છે એટલા માટે ત્યાં નમાઝ થશે જ નહીં. કૃબ્રસ્તાનનું વર્ણન હમણા આવી ગયું.

**૨.** એટલે જ્યાં લોકોની સામાન્યતઃ અવર જવર થતી હોય ત્યાં નમાઝ ન પઢે કે એમાં નમાઝીને એકાગ્રતા ન થશે અને પસાર થનારાઓનો માર્ગ બંધ થઈ જશે. મસ્જિદમાં પણ દરવાજા સામે કે દરવાજા નજીક ન બેસે કે એનાથી આવતા જતા લોકોને તકલીફ થશે. થાંભલાની આડ લઈને અથવા ખૂણામાં નમાઝ પઢવામાં આવે.

**૩.** ચાહે ત્યાં તે સમયે ઊંટ બાંધેલ હોય કે ન બાંધેલ હોય. કેમ કે ઊંટના ચરવાહા ઊંટની આડમાં પેશાબ કર્યા કરે છે. જો ઊંટ બંધાયેલુ હોય તો તેના પેશાબ કરવાના તથા છાંટા પડવાનો સખત ખતરો રહે છે. એટલા માટે ખાસ કરીને ઊંટનો ઉલ્લેખ કર્યો, નહીં તો દરેક નાપાક જમીન પર નમાઝ પઢવી મના છે.

**૪.** કેમ કે ત્યાં વિના જરૂરતે ચઢવું જ મના છે કે એમાં કા'બાતુલ્લાહની તૌહીન છે. આ નમાઝમાં તૌહીન સામેલ છે જેથી નમાઝ મકરૂહ થશે. આ જ હુકમ દરેક મસ્જિદનો છે કે જો એના પર ઉપલો માળ ન હોય તો વિના જરૂરતે છત પર ચઢવું મના છે અને ત્યાં નમાઝ મકરૂહ છે. આ મનાઈનું કારણ એ નથી કે એ જગાએ કા'બા નથી, ત્યાંના આસ્માન સુધીના વાતાવરણમાં કા'બા છે. જેથી આ હદીષ હનફીઓના વિરૂધ્ધ નથી.

*હઝરત અબૂ હુરૈરહ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે બકરીઓને બાંધવાની જગાએ નમાઝ પઢો અને ઊંટ બાંધવાની જગાએ નમાઝ ન પઢો[1]. (તિર્મિઝી)*

**૧.** કેમ કે બકરીઓની જગા મોટાભાગે નાપાક નથી હોતી કે ત્યાં બકરીઓવાળા પેશાબ નથી કરતા, તેમજ

http://new.barkatekhwaja.net

નમાઝ દરમ્યાન છાંટા આવવાનો અંદેશો ઓછો હોય છે, કેમ કે બકરી નીચી છે અને પેશાબ કરતી વખતે અધિક ઝુકી જાય છે અને બકરી છૂટી થઈ જવાની હાલતમાં નમાઝીના કચડાઈ જવાનો અંદેશો પણ નથી હોતો. આ બાબત ઊંટના તબેલામાં નથી જેથી ત્યાં નમાઝ પઢવામાં ન આવે. યાદ રાખશો કે હદીષનો મતલબ એ છે કે બકરીના તબેલામાં મુસલ્લો બિછાવીને નમાઝ પઢી શકો છો, ઊંટના તબેલામાં કોઈ રીતે નહીં. અમુક કહે છે કે ઊંટની પેદાઈશ શૈતાનથી છે જેથી એની પાસે નમાઝ મના છે, પણ એ ગલત છે કેમ કે ખુદ હુઝૂર ﷺએ ઊંટ ઉપર નફ્લો પઢયા છે અને ઊંટ મુબારક જાનવર છે, નબીઓની સવારી છે. તેનો ગોશ્ત ખાવામાં આવે છે અને દૂધ પીવામાં છે. સવારી તથા સામાન વહેવામાં કામ આવી શકે છે. તેના અંગોમાં અગણિત ફાયદા છે. ચામડાના વાસણો અને વાળના કિંમતી કારપેટ બને છે. ખૂબ જ મામૂલી ખોરાક ખાયને બેહતરીન ખિદમતો પેશ કરે છે. એટલા માટે ખુદાએ કુદુસે તેને કુદરતની નિશાની બતાવ્યું. જેમ કે ફર્માવ્યું : اِلَى الْاِبِلِ كَيْفَ خُلِقَتْ (ઊંટને નથી જોતા કેવું બનાવ્યું છે) –*સૂ. ગૌશિયા, ૮૮/૭૧*

*હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام એ લઅનત ફર્માવી ક્બ્રોની ઝિયારત કરવાવાળી સ્ત્રીઓ પર[૧] અને કબ્ર પર મસ્જિદ બનાવનારાઓ તથા ચિરાગ સળગાવનારાઓ પર[૨]. (અબૂ દાઊદ)*

http://new.barkatekhwaja.net

**૧.** મોટાભાગના ઉલમા ફર્માવે છે કે આ હુકમ મન્સૂખ છે, એનો નાસિખ ઝિયારતે કુબૂરના પ્રકરણમાં આવી રહેલ છે કે સરકાર ﷺએ ફર્માવ્યું, મેં તમને કબરોની ઝિયારતથી મના કર્યું હતું اَلَا فَزُوْرُوْهَا હવે ઝિયારતો કર્યા કરો, કેમ કે એનાથી આપણી મૌત યાદ આવે છે. પણ હક્ક એ છે કે સ્ત્રીએ ઝિયારત કરવા માટે ક્બ્રો પર જવું મના છે કે એ ત્યાં પહોંચીને કયાં તો સજદા કરશે અથવા રડશે કૂટશે. હઝરત આઈશા સિદ્દીકા એકવાર પોતાના ભાઈ અબ્દુર્રહમાનની કબ્ર પાસેથી પસાર થયાં તો ઝિયારત પણ કરી લીધી. એ કબ્ર પર જવું ન હતું. બલ્કે કબ્રનું માર્ગમાં આવી જવું હતું. યાદ રાખશો કે અહીં આમ કબરો મુરાદ છે, નહીં તો હુઝૂર ﷺના રોઝએ અન્હર પર હાજરી દરેક હાજી પુરૂષ સ્ત્રી પર વાજિબ છે. રબ તઆલા ફર્માવે છે : وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ એની તેહકીક ઈન્શા અલ્લાહ ! બાબે ઝિયારતે કુબૂરમાં આવશે.

**૨.** કબ્ર પર એ રીતે મસ્જિદ બનાવવી કે તાવીઝની ફર્શ મસ્જિદમાં આવી જાય કે લોકો એના (કબ્ર) પર ઉભા રહીને નમાઝ પઢે, અથવા એ રીતે કે કબ્ર નમાઝીની સામે રહે એ હરામ છે કે પ્રથમ સ્થિતિમાં મો'મિનની કબ્રની તૌહીન છે અને બીજી સ્થિતિમાં કબ્રની તરફ સિજદો થશે. તેમજ કબ્રના તાવીઝ ઉપર દીવો સળગાવવો (કબ્ર પર રાખીને) સખત મના છે કેમ કે એમાં આગ છે. મો'મિનની કબ્રને આગથી બચાવવામાં આવે, તેમજ એ કુઝૂલખર્ચી છે, વિના જરૂરતે તેલ બાળવું છે. અને ચિરાગ સળગાવનારની નિય્યત એ છે કે એનાથી કબરમાં રોશની થશે તો બદઅકીદગી છે, કેમ કે કબ્રમાં રોશની તો મદીનાવાળા સાચા સૂરજના કિરણોથી છે, અલ્લાહ નસીબ કરે. પરંતુ **બુઝુર્ગોની કબ્રની પાસે મસ્જિદ બનાવવી એ અંબિયા તથા સહાબાની સુન્નત છે અને કુર્આનથી સાબિત છે** જેવું કે પહેલાં વર્ણન કરવામાં આવ્યું. અને બુઝુર્ગોના મઝાર પાસે ચિરાગ જલાવવો જે ઝિયારત કરનારાઓને તેના પ્રકાશથી આસાની થાય અને તેના અજવાળામાં કુર્આનખ્વાની થઈ શકે તો જાઈઝ છે બલ્કે સવાબ છે. આજે પણ હુઝૂર ﷺના રોઝએ અન્વર પર એવી આલીશાન રોશની હોય છે કે સુબ્હાનલ્લાહ ! જોઈને ઈમાન રોશન થઈ જાય છે. એ જ કારણોને લઈને આ સૈયદુલ ફુસહાએ "અલૈહા" ફર્માવ્યું એટલે કે બરાબર કબરની ઉપર મસ્જિદ તથા ચિરાગ મના છે, એની નજીક

જાઈઝ છે. બાબુદફનમાં આવશે કે હુઝૂર ﷺએ એક મૈયતને રાતમાં દફન કર્યું તો ત્યાં ચિરાગ જલાવવામાં આવ્યો. જાણવા મળ્યું કે જરૂરત હોય તો જાઈઝ છે. એની સંપૂર્ણ ચર્ચા અમારી કિતાબ "જાઅલ્ હક્ક્" ભાગ–૧માં જુઓ.

*હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે એક યહૂદી આલિમે, નબી કરીમ علیہ الصلوٰۃ والسلامને પૂછયું કે કઈ જગા બેહતર છે. હુઝૂર علیہ الصلوٰۃ والسلام ખામોશ રહ્યા[૧] અને ફર્માવ્યું, હું જિબ્રઈલના આવતા સુધી ખામોશ રહીશ, જેથી ખામોશ રહ્યા[૨]. અને હઝરત જિબ્રઈલ હાજર થયા. હુઝૂર ﷺ એ તેમને પૂછયું, તે બોલ્યા, જેનાથી સવાલ કરવામાં આવ્યો છે તે સાઈલ (સવાલ કરનાર)થી મોટા આલિમ છે[૩] પણ હું મારા રબને પૂછીશ[૪] પછી જિબ્રઈલ કહેવા લાગ્યા, હે મુહમ્મદ મુસ્તફા ! ﷺ હું આજે અલ્લાહથી એટલો નજીક થયો કે એનાથી પહેલાં કદી નજીક ન થયો હતો[૫]. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે કેટલા નજીક થયા છો ? અર્ઝ કરી કે મારા તરફ રબની વચ્ચે કેવળ સિત્તેર હજાર નૂરના પર્દા રહી ગયા. રબે ફર્માવ્યું[૬] કે, "બદતરીન જગા બજાર છે અને બેહતરીન જગા મસ્જિદો છે." એને ઈબ્ને હબ્બાને પોતાના સહીહમાં ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી.*

**૧.** જાહેર એ છે કે ખામોશી બેઈલ્મીના કારણે નથી જેમ કે આગલા લખાણથી માલૂમ પડી રહ્યું છે બલ્કે આજે પોતાની મહબૂબિયત દેખાડવી છે અને આ બહાનાથી હઝરત જિબ્રઈલ علیہ السلامને મેઅરાજ કરાવવી છે.

**૨.** આ વાક્ય બતાવી રહેલ છે કે આ ખામોશીમાં કોઈ રાઝ હતું, નહીં તો આ મસ્અલો ઈજતેહાદથી પણ દર્શાવી શકાતો હતો.

**૩.** એટલે કે આ ચર્ચા થઈ રહી હતી એવામાં રબે ફર્માવ્યું, જિબ્રઈલ ! આજે જાવ કાંઈક પામશો. મજાની વાત એ છે કે રબે આ મસ્અલો બતાવીને ન મોકલ્યા અને જિબ્રઈલે અમીને પોતાની બે ઈલ્મીનો ઈક઼રાર નથી કર્યો બલ્કે અર્ઝ કરી કે આ બારામાં મારો ઈલ્મ આપનાથી વધુ નથી. ઈલ્મની અધિકતાની નફી (નકાર) કરી છે એટલે કે જો કે એ આપને માલૂમ પણ છે અને મને પણ. પરંતું અત્યારે બતાવવાની રજા નથી, એમાં કાંઈક રાઝ છે.

**૪.** પોતાના મક઼ામ પર જઈને, નહીં કે અહીં બેસીને.

**૫.** આ પૂરી હદીષનો હેતુ છે. એટલે કે હજી એ મજલિસ ગરમ જ હતી એટલામાં જિબ્રઈલ علیہ السلام જઈને પરત પણ આવી ગયા અને આ પયગામ લાવ્યા. યાદ રાખશો કે હમેશાં હઝરત જિબ્રઈલ علیہ السلام રબના મોકલેલા હુઝૂર علیہ الصلوٰۃ والسلامની પાસે આવ્યા કરતા હતા. પણ આજે મહબૂબના મોકલેલા રબની પાસે ગયા. અને પ્યારાનો ક઼ાસિદ પણ પ્યારો હોય છે, એટલા માટે રબે તેમને સિદરાથીય કેટલાય આગળ બોલાવી લીધા. મેઅરાજમાં આગળ ન વધ્યા કે ત્યાં મહબૂબ તથા હબીબના એકાંત મેળાપનો (તખલિયહનો) સમય હતો કે ખાદિમોએ અલગ રહેવું જોઈતું હતું. અહીં મિર્ક઼ાતે ઘણુ સરસ મજેદાર લખાણ વર્ણન કર્યું છે. આ સઘળો બનાવ જિબ્રઈલ علیہ السلامની આ ઈઝઝ઼ત અફઝાઈના માટે હતો.

**૬.** એટલે કે એનાથી પહેલાં લાખો પર્દા રહ્યા કરતા હતા, પરંતું આજે એક લાખથી પણ ઓછા રહી ગયા. શયખે ફર્માવ્યું કે આ પર્દા મખ્લૂક઼ના લેહાઝથી હતા ન કે ખાલિક઼ના લેહાઝથી. એટલે કે મખ્લૂક઼ પર્દામાં છે ન કે ખાલિક઼. જેમ કે અંધજનથી સૂર્ય છુપો છે પણ પર્દો તેની આંખ પર છે ન કે સૂરજ પર. યાદ રાખશો કે આપણે લોકો ઝુલ્માતી (અંધારામય) અને ફરિશ્તા નૂરાની પર્દાઓમાં. *(ક્રમશઃ)*

# હ઼દાઈક઼ે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**માં, દોનોં ભાઈ, બેટે ભતીજે, અઝીઝ દોસ્ત**
**સબ તુઝકો સોંપે મિલ્ક હી સબ તેરે ઘરકી હૈ**

**અર્થાત** : હે મારા આક઼ા ! ﷺ ઘરેથી ચાલ્યો છું તો મારાં વૃધ્ધ વાલિદા (મા), મારા બંનેવ ભાઈ, મારા પુત્રો ભત્રીજાઓ અને પ્યારા દોસ્તો સૌને આપને સુપરત કરીને ચાલ્યો છું, કેમ કે અમે તો આપના ખાનદાની તથા વંશ પરંપરાગત ગુલામના પુત્ર ગુલામ છીએ. અમારો આપના સિવાય અન્ય કોણ છે ?!

**જિન જિન મુરાદોંકે લિયે અહબાબને કહા**
**પેશે ખબીર ક્યા મુઝે હાજત ખબરકી હૈ**

**અર્થાત** : હે સરકાર ! ﷺ મારા કેટલાય દોસ્તોએ પોતપોતાની મુરાદો આપની બારગાહમાં પેશ કરવાની મને તાક઼ીદ કરી છે તેને પેશ કરવાની હિંમત કરવાનો ઈરાદો કરું છું, પણ ખયાલ આવે છે કે કદાચ આપની બારગાહની શાનને શોભે એવા શબ્દોમાં પેશ કરી શકુ કે ન કરી શકુ. અને એટલા માટે પણ નથી કરી રહ્યો કે આપને તો સર્વ ખબર છે કે કોણે કઈ તમન્ના તથા આરઝૂ કરી છે, પછી મારે બતાવવાની જરૂરત જ શું છે ?!

*બેખબર હો જો ગુલામોંસે વો આક઼ા ક્યા હૈ !–બંદા મિટ જાએ ન આક઼ા પે વો બંદા ક્યા હૈ*

**ફઝ્લે ખુદાસે ગયબ શહાદત હુવા નહીં**
**ઈસ પર શહાદત આયત વ વહી વ અષર કી હૈ**

**અર્થાત** : આપ ﷺ પર અલ્લાહ તઆલાનો કેટલો મહાન ફઝ્લ છે : وَ عَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ ؕ وَ كَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ عَظِيْمًا ﴿۱۱۳﴾ "જે કાંઈ ગાયબ હતું તે પણ આપની સમક્ષ હાજર કરી દેવામાં આવ્યું." *(સૂ. નિશા, ૪/૧૧૩)*

ان اللّٰہ تعالیٰ قد رفع لی الدنیا فانا انظر الیھا والی ما ھو کائن فیھا الی یوم القیمہ کانما انظر الی کفی ھذہ

શું કુર્આન મજીદની આયતો, હદીષો તથા સહાબાનાં કથનો આ અક઼ીદા પર ગવાહીના માટે પૂરતાં નથી ?!

**કહના ન કહનેવાલે થે જબ સે તો ઈત્તેલાઅ**
**મૌલાકો ક઼ૌલ વ ક઼ાઈલ વ હર ખુશ્કો તરકી હૈ**

**અર્થાત** : હે મારા ઈલ્મો ફઝ્લવાળા પ્યારા નબી ! ﷺ આપને તો એ સમયથી ખબર છે કે કોણ શું

કહેશે ? (કેટલીય હદીષોમાં છે કે સહાબા ફર્માવે છે કે અમને હુઝૂરે મખ્લૂકની પેદાઈશથી લઈને કયામત સુધીનું સર્વ કાંઈ બતાવી આપ્યું કે કોણ જન્નતમાં જશે અને કોણ દોઝખમાં ? حفظها من حفظها و نسيها من نسها "જેણે યાદ રાખ્યું તેને યાદ રહ્યું, જેણે ભૂલાવી દીધું તેણે ભૂલાવી દીધું. પછી અમે શા માટે કાંઈ કહીએ ! જ્યારે આપણા આકાને દરેક કથન તથા દરેક કહેનારની પણ ખબર છે અને ખુશ્ક તથા તરની (દરેક સ્થળની જમીન, જંગલ, પાણીની) પણ ખબર છે.

**ઉન પર કિતાબ ઉતરી تِبۡيَانًا لِّكُلِّ شَيۡءٍ**
**તફસીલ જિસમેં مَا عَبَرَ و ما غَبَرَ કી હૈ**

**અર્થાત :** વળી આપ ﷺ ને અલ્લાહ તઆલાએ તે ઈલ્મોનો ખજાનો કિતાબ અતા ફર્માવી કે :–

جميع العلم فى القران لكن۔تقاصر عنه افهام الرجال

તમામ ઈલ્મો કુર્આનમાં મૌજૂદ છે પણ દરેક બંદાની સમજની એના સુધી પહોંચ નથી. હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ ફર્માવે છે, **જો હું સૂરએ ફાતિહાની તફસીર લખવાનું શરૂ કરી દઉં તો ૭૦ ઊંટો એ તફસીરથી લદાય જાય તેમ છતાં સૂરએ ફાતિહાના ઈલ્મો તથા મઅરિફતો વર્ણન ન થઈ શકે.** આ કિતાબ કુર્આને પાકમાં દરેક ચીજનું સ્પષ્ટ બયાન છે : (تبیان بیان مع الدلائل ને કહેવામાં આવે છે) અને એમાં જે થઈ ચૂક્યું એની પણ તફસીલ છે. અને જે કયામત સુધી અને કયામત બાદ થવાનું છે એની પણ તફસીલ છે. જેમ કે હદીષ શરીફમાં છે : فيه نبأ من قبلكم وخبر من بعدكم તેમ છતાં જેઓ ખુદ બેખબર છે તેઓ આપને પણ બેખબર કહે છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે : لو ضاع لى عقال بعير لو جدته فى القران **"જો મારા ઊંટની રસ્સી પણ ગુમ થઈ જાય તો હું કુર્આનથી રહનુમાઈ લઈને એને શોધી લઉં છું."** તો પછી હુઝૂર ﷺના ઈલ્મોનો આલમ શો હશે ?

**બાબે મદીનતુલ ઈલ્મ અને એક યહૂદી :** હઝરત અલી મુર્તઝા શેરે ખુદા બાબે મદીનતુલ ઈલ્મ ફાતેહે ખયબરે એકવાર એલાન કર્યું કે મારાથી જે પણ સવાલ કરો હું કુર્આનથી જવાબ આપીશ. (હઝરત અલી رضی اللہ عنہની દાઢી મુબારક ખૂબ જ ગાઢ હતી જ્યારે કે એક યહૂદીના દાઢીના અમુક જ વાળ હતા) યહૂદીએ સવાલ કર્યો કે કુર્આનમાં ક્યાં લખેલુ છે કે આપની દાઢી ગાઢ હશે અને મારી પાતળી ? આપે તરત જ કુર્આને પાકની આયત પઢી : والبلد الطيب يخرج نباته باذن ربه "પાક જમીનથી ભરપુર લીલોતરી નીકળે છે." والذى خبث لا يخرج الا نكدا, ઉજ્જડ તથા ખરાબ જમીનથી કોઈ કોઈ તણખલુ નીકળે છે." ફર્માવ્યું, મારા શરીરની જમીન ઈમાનના કારણે પાક છે એટલા માટે દાઢી ગાઢ છે અને તારા શરીરની જમીન ઈમાન ન હોવાના કારણે ઉજ્જડ તથા નાપાક તથા ખરાબ છે એટલા માટે કોઈ કોઈ વાળ છે." હુઝૂર ﷺની હદીષ છે કે :–

انا مدينة العلم وعلى بابها۔انا دار الحكمة وعلى بابها "હું ઈલ્મનો શહેર છું અને અલી તે શહેરના દરવાજા છે."

**આગે રહી અતા વો બકદરે તલબ તો ક્યા**
**આદત યહાં ઉમ્મીદસે ભી બેશતર કી હૈ**

**અર્થાત :** જો અતાની વાત કરો છો તે તો માગણી પ્રમાણે છે, જેની તલબ જેટલી વધારે સાચી હશે તેને

http://newbarkatekhwaja.net

તેની નિય્યત તથા ખુલૂસના પ્રમાણે એટલુ મળી જશે. પરંતું હુઝૂર ﷺની આદત મુબારક તો એ છે કે આપની તલબ કરતાં પણ અધિક આપે છે. કે સાઈલે કહેવું પડે છે : *જોલી હી મેરી તંગ હૈ–આક઼ા તેરે યહાં કમી નહીં*

આ'લા હઝરતે શું સરસ ફર્માવ્યું :

*મેરે કરીમસે ગર ક઼તરા કિસીને માંગા–દરયા બહા દિયે હૈ દુર બે બહા દિયે હૈં*

ચાહે તો એક અઅરાબીને આખે આખી વાદી (બે પહાડો વચ્ચેનું મેદાન) બકરીઓથી ભરેલી અતા કરી આપે (જેવું કે હદીષમાં છે) કેમ કે આપનો હાથ ખુદા ન ખત્મ થનારા ખજાનામાં છે, જાહેરમાં ભલે ખાલી હોય :

*દો જહાંકી નેઅમતેં હૈં ઉનકે ખાલી હાથમેં*

**બે માંગે દેનેવાલે કી નેઅમતમેં ગર્ક હૈ**
**માંગે સે જો મિલે કિસે ફ઼હમ ઈસ ક઼દરકી હૈ**

**અર્થાત** : જ્યારે મારા કરીમ આક઼ા ﷺ વણમાગ્યે એટલુ આપી દે છે કે દુનિયા તથા આખેરતની હાજતો પૂરી થઈ જાય છે. આપ ફર્માવતા રહ્યા : او غیر ذلک "હે રબીઆ ! કાંઈ અધિક પણ માગી લે !" અને રબીઆ رضی اللہ عنہ અર્ઝ કરે છે ! هو ذاک یا رسو اللہ ﷺ

*સબ કુછ ખુદાસે માંગ લિયા તુઝકો માંગકે–ઉઠતે નહીં હૈ હાથ મેરે ઈસ દુઆ કે બાદ*

જ્યારે વણમાગ્યે આટલુ બધુ મળી જાય છે તો માગવા પર જે મળશે એનો કોણ અંદાઝો કરી શકે છે ?!

**અહબાબ ઈસસે બઢ્હ કે તો શાયદ ન પાએં અર્ઝ**
**ના કર્દા અર્ઝ, અર્ઝ પે તર્ઝે દિગરકી હૈ**

**અર્થાત** : દોસ્તો ! તમને આ બારગાહથી વધીને પોતાની તમન્નાઓ પૂર્ણ કરવાનો મોક઼ો ક્યાં મળશે ? કે જ્યાં અરજ ન કરવી એ અરજ કરવાનો જ એક અંદાઝ તથા તરીક઼ો છે. એટલે કે અર્ઝ ન કરો તો પણ જોલીઓ ભરી આપે છે, કેમ કે એમની અતા કોઈની દરખાસ્તનો ઈન્તેઝાર નથી કરતી. સુબ્હાનલ્લાહ ! માગવાનો પણ કોઈ અંદાઝ હોવો જોઈએ.

**દન્દાં કા નઅતખ્વાં હૂં ન પાયાબ હોગી આબ**
**નદ્દી ગલે ગલે મેરે આબે ગોહર કી હૈ**

*(દંદા = દાંત, પાયાબ = ઓછી પાણીવાળી ઘાટી, આબે ગોહર = મોતીનું પાણી)*

**અર્થાત** : અને હે અઝમતે મુસ્તફા ﷺના મુન્કિરો ! (અહમદ રઝા) કોઈ સામાન્ય મોતીની પ્રશંસા નથી કરતો બલ્કે પોતાના આક઼ા ﷺના દાંત મુબારકની પ્રશંસા કરનારો છે અને મારા આક઼ા મને એટલો નવાઝશે કે પોતાના ઈનામોના સમુદ્રના કિનારે નહીં રાખે બલ્કે પોતાના કરમની નદીની વચ્ચે ઉભો રાખશે જ્યાં તેનાં સાચા મોતીઓનું પાણી મારા ગળા સુધી આવશે, એટલે કે મહાન ઈનામો વડે નવાઝવામાં આવશે.

*ઉનકે દરબારસે ગર હૈ લેના તુમ્હેં–તો ફિર અંદાઝે અહમદ રઝા ચાહિયે*

**દશ્તે હરમમેં રહને દે સૈયાદ અગર મુઝે**
**મિટ્ટી અઝીઝ બુલબુલ બેબાલ પર કી હૈ**

**અર્થાત** : હે શિકારી ! આ વાળ તથા પાંખો વિનાના, લાચાર તથા મજબૂર બુલબુલ પર જો તને કાંઈ દયા આવી રહી છે તો મારી એક ખ્વાહિશ છે તે જો તું પૂરી કરી દે તો તારી મહેરબાની થશે. અને તે એ કે મને મદીના પાકના કોઈ જંગલમાં જ મરી જવા દે, કેમ કે અહીં મરીને માટી બની જવું મને હજાર જિંદગીથી અધિક પ્રિય છે. અને તયબહના મેદાનમાં ધ્રુસ્કાં ભરતા રહેવું મને દુનિયાના કરોડો બાગોથી અધિક પ્રિય છે.

*મિટ્ટી ન હો બર્બાદ પસે મર્ગ ઈલાહી–જબ ખાક ઉળે મેરી મદીનેકી હવા હો*

**યા રબ રઝા ન અહમદ પારીના હોકે જાએ**
**યહ બારગાહ તેરે હબીબે અબ્ર કી હૈ**

*(પારીના અગાઉની જેમ = પૂરાણો, અબ્ર = વાદળ અથવા સૌથી વધુ એહસાન કરનાર)*

**અર્થાત** : હે મારા અલ્લાહ ! અહમદ રઝા કોઈ મામૂલી ચોખટ પર તો નથી આવ્યો બલ્કે તારા મહબૂબ ﷺના દર પર આવ્યો છે, શું એ એવી જ રીતે જેવી રીતે ખાલી આવ્યો છે તો ખાલી જ પાછો ચાલ્યો જશે ! આ તારા મહબૂબ, કરમના વાદળનો આસ્તાનો છે, જો અહીંથી પણ આ માગનારાને ન નવાઝવામાં આવ્યો તો પછી કોણ તેનો ભાવ પૂછશે ?!

**તૌફીક઼ દે કે આગે ન પૈદા હો ખૂએ બદ**
**તબદીલ કર જો ખસ્લતે બદ પેશતર કી હૈ**

*(ખૂએ બદ = બુરી આદત. પેશતર = અગાઉની)*

**અર્થાત** : હે અલ્લાહ ! મને તૌફીક઼ અતા ફર્માવ કે આજના પછી મારી અંદર કોઈ અન્ય બુરી આદત પેદા ન થાય, અને જે પહેલેથી મૌજૂદ છે એમને પણ અચ્છાઈમાં બદલી નાખ, કેમ કે તારા જ કરમ તથા તૌફીક઼થી બુરાઈ અચ્છાઈમાં બદલાય શકે છે. બંદામાં એ શક્તિ ક્યાં ?! فاولئک یبدل اللہ سیاتھم حسنات

**આ કુછ સુના દે ઈશ્ક઼ કે બોલોંમેં અય 'રઝા' !**
**મુશ્તાક તબઅ લિઝ્ઝત સોઝે જિગરકી હૈ**

*(સોઝે જિગર = જિગરની ગરમી. તબઅ = તબીઅત. મુશ્તાક = આતુર)*

**અર્થાત** : હે અહમદ રઝા ! (ગદાએ દરે ખૈરુલવરા, ષના ખ્વાને મુસ્તફા, પ્યારા !) (આગલી નઅતમાં આશિક઼ાના રંગની અંદર) હુઝૂર ﷺના ગુલામોને ઈશ્ક઼ના શેઅરો પણ સંભળાવી આપ ! કેમ કે મારી પોતાની તબીઅત પણ જિગરના દર્દ તથા સોઝનો તકાઝો કરી રહી છે.

તો હે આશિક઼ાને મુસ્તફા ! ﷺ હે વાંચકો ! જરા દિલની ખિડકીઓ ખોલી દો અને તસવ્વુરે મદીનામાં ગુમ થઈ જાવ અને આપણા આક઼ાએ નેઅમત, મોહસિનો મુરબ્બી, કુશ્તએ ઈશ્કે રસૂલ (ﷺ), આ'લા હઝરત, અઝીમુલ બરકતથી આગલી નઅતમાં આશિક઼ાના અંદાઝમાં દરબારે રિસાલતની હાજરીનો લુત્ફ઼ ઉઠાવો અને મજાની સાથે પઢો અને બારગાહે આ'લા હઝરતમાં નિયાઝમંદી સાથે કહો :

*મુલ્કે સુખન કી શાહી તુમકો 'રઝા' મુસલ્લમ–જિસ સિમ્ત આ ગયે હો સિક્કે બિઠા દિયે હૈં*

http://new.barkatekhwaja.net

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

અસ્રારુલ અવલિયા

હપ્તો ૧૫

**સંપાદક** : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક્ رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

## પીર રોશન ઝમીરની ફરજો

હઝરત શયખુલ ઈસ્લામ દામત બરકાતુહુમએ ફર્માવ્યું, હે દુરવેશ ! સુલૂકના આ પવિત્ર માર્ગમાં પીરની અંદર કુવ્વતે ઝાતી તથા રોશન ઝમીરીનું હોવું ખૂબ જ જરૂરી છે. જ્યારે કોઈ શખ્સ તેની ખિદમતમાં ઈરાદત (મુરીદ થવા)ની નિય્યતથી હાજર થાય તો તે પોતાની મઅરેફતની નજરે જોઈ શકે કે તેના દિલના અંતરમાં શું છે અને ઈર્ફાનની રોશની વડે મુરીદના બાતિનને દુનિયામાં તથા તેમાં જે કાંઈ છે તેની ગંદકીઓથી સાફ તથા પાક બનાવી દે. અને કેટલાક સમય ગાળા સુધી તેને હઝરતે હક્ક઼માં રિયાઝત તથા મુજાહિદા કરાવે. ત્યારબાદ જ્યારે દુનિયવી ખ્વાહિશોનો કોઈ મેલ કચરો તેના વજૂદમાં બાકી ન રહે તો તેને ખિર્ક઼ાપોશીથી નવાઝી દે એમાં વાંધો નથી. જો પીર પોતે જ કાબેલિયતવાળો ન હોય તો જાણે તેણે તે શખ્સને કુલાહ તથા ખિર્ક઼ો આપીને ગુમરાહીના અંધાર્યા કૂવામાં ધકેલી દીધો અને પોતે પણ ગુમરાહ થયો. ખિર્ક઼ા તથા કુલાહને પાત્ર તો એવો જ શખ્સ થઈ શકે છે જે મુજાહિદા કરવાથી અને અવલિયાની મહોબ્બતથી પોતાના વજૂદને પાક સાફ બનાવી લે.

આ સ્થળે હઝરતે અક઼દસ قُدِّسَ سِرُّهُ الْعَزِيْز એ હિકાયત વર્ણન કરી કે જ્યારે અમારા ભાઈ મૌલાના બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની મઅરેફતના ઈલ્મો અને ઈશ્ક઼ો મહ઼બ્બતનાં કામોની પૂર્ણતા કરીને પોતાના મખ્દૂમ શયખ શહાબુદ્દીન સુહરવર્દીની બારગાહમાં હાજર થયા. ત્રણ દિવસ ખિદમતે અક઼દસમાં પસાર કર્યા. ચોથા દિવસે ખિર્ક઼ો, મુસલ્લો, અસા, નાલૈન અતા કર્યાં, અને હુકમ આપ્યો કે જાવ ! અમે મુલ્તાનની વિલાયત તમને બખ્શી. હાજરજનો સૌ આશ્ચર્યમાં પડી ગયા, અને કહેવા લાગ્યા કે આ હિંદુસ્તાની આવ્યો છે અને ત્રણ દિવસમાં વિલાયતના દરજા પર બિરાજમાન થઈ ગયો છે, અમે આટલા વરસોથી શયખની ખિદમતમાં છીએ અને એવા ને એવા જ છીએ ! જ્યારે આ વાત શયખ શહાબુદ્દીન સુહરવર્દી સુધી પહોંચી તો આપે ફર્માવ્યું, હે દુરવેશો ! બહાઉદ્દીન પોતાનુ કામ સંપૂર્ણ કરીને આવેલ છે. સૂકી લાકડી લાવ્યો છે. ત્રણ દિવસમાં જ ફૂંકથી સળગી ઉઠી. જ્યારે તમારુ બળતણ લીલુ છે જેથી ઈશ્ક઼ની આગ લગાડવામાં સમયની જરૂરત પડશે.

ફર્માવ્યું, ખિર્ક઼ો તે પહેરે જે ખુદાની મખ્લૂકની અયબ જોવાથી આંખોને સીવી લે. એકવાર ક઼ાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہએ હૌઝે શમ્સી પર મશાઈખની એક જમાઅતની સામે શયખ શાહી મવતાબ رحمۃ اللہ علیہને ખિર્ક઼ો મુબારક અતા કર્યો. તરત જ શયખ મૌઝાદોઝ رحمۃ اللہ علیہની તરફ માણસ મોકલ્યો

કે આજે અમે શયખ શાહી મવતાબને ખિર્કો આપ્યો છે, આપને પસંદ છે કે નહીં ?! શયખ મહમૂદ મૌઝાદોઝે કહી મોકલ્યું કે આપની પસંદ એ અમારી પસંદ છે કેમ કે જે શખ્સને આપે ખિર્કો અતા કર્યો હશે તે એનો અહલ તથા પાત્ર હશે, નહીં તો આપ શાથી આપતા ?!

પછી ફર્માવ્યું કે એકવાર ફકીર શામ (સીરિયા)ના ઈલાકામાં સફર કરી રહ્યો હતો. ત્યાં શહેરમાં એક બુઝુર્ગનો પતો લાગ્યો. હું તેમની ખાનકાહમાં ગયો. તે બુઝુર્ગ ઘણા જ ઝાકિર તથા શાગિલ હતા. મેં સલામ કરી તો જવાબ આપ્યો અને ફર્માવ્યું, બેસી જાવ ! થોડી વાર પછી બુઝુર્ગ મૌસૂફના કેટલાક ખિર્કાપોશ મુરીદ આવ્યા. તેમણે પોતાની ટોપીઓ જમીન પર રાખી દીધી. પછી એક અન્ય દરવેશ આવ્યા અને તે પણ બેસી ગયા. થોડીવાર પછી મૌસૂફ બુઝુર્ગે માથુ ઝુકાવ્યું અને પછી વાતની શરૂઆત કરી કે હું આ દુરવેશને ખિર્કો આપવા ચાહુ છું, તો આપની શું રાય છે ? અમે સૌએ તાઝીમમાં ઝુકીને અર્ઝ કર્યું, આપની જે રાય છે તે જ અમારા સૌની રાય છે. જે વાત આપ પસંદ કરો છો તેને અમે હજારવાર પસંદ કરીએ છીએ. પછી એ લોકો એક બીજાના માફક સ્વભાવ તથા મિજાઝ, હાલતો તથા કૈફિયતો પર વાતચીત કરવા લાગ્યા. તે દુરવેશ જેને ખિલાફતના ખિર્કાથી નવાઝવામાં આવતા હતા, તેમણે પણ પૂછયા વિના કેટલાક અહવાલ યારાને તરીકતના વિરૂધ્ધ તથા અયોગ્ય કહેવા શરૂ કરી આપ્યા. તો હુકમ આપ્યો કે આ દુરવેશને પરત મોકલી દો કે આ ખિર્કાના પાત્ર નથી. એ જૂઠો અને વિરોધી માણસ છે, ખિર્કો તેને શોભતો નથી.

હઝરતે ફર્માવ્યું, અસલમાં ફિર્કો ફી નફસેહી (જાતે પોતે) કોઈ ભરોસાપાત્ર ચીજ નથી, કેમ કે ખિર્કાનો જો એતબાર હોત તો આખુ જગત ખિર્કાપોશ થઈ જાત. ખિર્કાનો એતબાર તો એ માણસથી છે જેણે તેને ઓઢી લીધો. જેમ કે મેઅરાજ મુકદ્દસની રાતે જયારે સરકારે રિસાલત મઆબ ﷺને ખિર્કા મુબારક પહેરાવવામાં આવ્યો તો ફર્માન થયું, હે મુહમ્મદ ! ﷺ તમે એ ખયાલ ન કરો કે આ ખિર્કાથી આપની બુઝુર્ગી વધારવામાં આવી છે, બલ્કે આપની બુઝુર્ગીના લીધે આ ખિર્કો શરફયાબ થયો છે. એટલા માટે હે અઝીઝ ! જે ખિર્કાનો હક્ક અદા નથી કરતો અને ખિર્કાવાળાઓની સીરતને નથી અપનાવતો તે માણસ ભરોસાપાત્ર નથી. ખ્વાજા જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ ફર્માવ્યા કરતા હતા કે જો ખિર્કાનો એતબાર હોત તો તે આગ તથા લોખંડથી બનાવવામાં આવત. પરંતુ દરરોજ અમારા માથામાં તો આ નિદા આવી છે : لا اعتبار بالخرقۃ "ખિર્કાનો કોઈ એતબાર નથી." એટલા માટે કયામતના દિવસે એવા ખિર્કાપોશોની મોટી સંખ્યા હશે જેમની ગરદનોમાં આગની જંઝીરો હશે ! *(ક્રમશઃ)*


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : રૂા. ૪૫૦/– (ટપાલ ખર્ચ રૂા.૭૫ અલગ)

:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::
સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# કુતૂહુલ ગયબ

એટલે..... ગયબને જાહેર કરવું

ગૌષપાકرضی اللہ عنہના વાઅઝોનો સંગ્રહ

હપ્તો : ૦૬

❑ શરહકર્તા ❑

શયખ અતાઉલ્લાહ પેટલાદી ગુજરાતી رحمۃ اللہ علیہ

❑ ઉર્દૂ અનુવાદક ❑

મૌલાના મુહમ્મદ નાઝિમ અલી મિસ્બાહી-મુબારકપુર

❑ ગુજરાતી અનુવાદક ❑

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

*"સુલ્તાનુલ્ અવલિયા ગૌષપાક સરકારે બગદાદ શયખ અબ્દુલકાદિર જીલાની رضی اللہ عنہની નૂરાની વઅઝોનો સંગ્રહ અત્રે રજૂ થઈ રહેલ છે. આપની વાણીમાં એવી રૂહાની અસર હતી કે હજારો કાફિરો આપના વઅઝોમાં કુફ્રથી તૌબા કરી ઈમાન લઈ આવતા હતા અને અસંખ્ય ગુનેહગારો તૌબા કરી ઈસ્લામના શરીઅતના તાબેદાર બની જતા હતા. તો આપણે પણ એ નિય્યતથી એને વાંચીએ કે આપણને પણ ખૌફે ખુદા સાથે નેક જિંદગી નસીબ થાય અને આપણી દુનિયા તથા આખેરત બંનેવ સંવરી જાય."*

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**વાંચકોની જાણ માટે** : હવે વઅઝ નં ૬ થી **"કુતૂહુલ ગયબ"**ની અન્ય શરહમાંથી લેખ આપવામાં આવશે જેની વિગત ઉપર દર્શાવી છે. કેમ કે આ કિતાબમાંની શરહ વાંચકો માટે પણ સમજવામાં સરળ જણાય છે. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

http://new.barkatekhwaja.net

## ★ મખ્લૂકથી ફના ★

**વઅઝ નં. ૬** : *સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہએ ફર્માવ્યું : અલ્લાહ તઆલાના હુકમ થકી મખ્લૂકથી ફના થઈ જાવ. તેના હુકમ થકી પોતાની ખ્વાહિશ તથા ઈચ્છાથી ફના થઈ જાવ. અને તેના ફેઅલના થકી પોતાના ઈરાદાથી ફના થઈ જાવ.*

**સમજૂતી** : હે રાહે હક્કના મુસાફર !" અલ્લાહ તઆલાના હુકમના થકી મખ્લૂકથી ફના થઈ જાવ." એટલે મખ્લૂકને ભલાઈ તથા બુરાઈનો મુસ્તકિલ (અલ્લાહની અતા વિના જાતે પોતે) સબબ ન જાણો બલ્કે એવું કામિલ યકીન તથા મજબૂત અકીદો રાખો કે તમારા તથા અન્યોની સાથે લોકો જે કાંઈ કરે છે એ સૌ બાબતોમાં કેવળ અલ્લાહનો જ હુકમ જારી થયો છે. એટલે કેવળ અલ્લાહ عزوجلના હુકમથી જ થાય છે (મખ્લૂકના હુકમથી નહીં) અને અલ્લાહ તઆલાના અમ્ર (હુકમ) થકી પોતાની ખ્વાહિશથી ફના થઈ જાવ, એટલે **પોતાની ખ્વાહિશને અલ્લાહ તઆલા અને તેના રસૂલે પાક ﷺના હુકમના તાબા હેઠળ કરી દો.** અલ્લાહ તઆલાએ ખ્વાહિશ તથા મનેચ્છાની બુરાઈ વર્ણવતાં ફર્માવ્યું :

اَرَءَيْتَ مَنِ اتَّخَذَ اِلٰهَهٗ هَوٰىهُ ؕ اَفَاَنْتَ تَكُوْنُ عَلَيْهِ وَكِيْلًا ۝ اَمْ تَحْسَبُ اَنَّ اَكْثَرَهُمْ يَسْمَعُوْنَ اَوْ يَعْقِلُوْنَ ؕ اِنْ هُمْ اِلَّا كَالْاَنْعَامِ بَلْ هُمْ اَضَلُّ سَبِيْلًا ۝

"શું તમે તેને જોયો **જેણે પોતાના જીવની ઈચ્છાને પોતાનો ખુદા બનાવી લીધો,** તો શું તમે તેની નિગેહબાનીનો ઝિમ્મો લેશો ? અથવા એ સમજો છો કે એમનામાં ઘણુ બધુ સાંભળતા તથા સમજે છે ? એ તો નથી પણ જાણે કે ચોપગાં, બલ્કે તેમનાથી પણ બદતર ગુમરાહ." *(સૂ. ફુર્કાન, ૨૫/૪૩, ૪૪)*

અને રસૂલે પાક ﷺએ ફર્માવ્યું : لَا يُؤْمِنُ اَحَدُكُمْ حَتّٰى يَكُوْنَ هَوَاهُ تَابِعًا لِّمَا جِئْتُ بِهٖ "તમારામાંથી કોઈ શખ્સ ત્યાં સુધી મોમિન થશે નહીં, જ્યાં સુધી કે તેની ખ્વાહિશ મારી લાવેલી શરીઅતના તાબા હેઠળ ન થઈ જાય."

*(રૂહુલ બયાન, સૂ. નિસાઅ–૬૪)*

## ★ પોતાના ઈરાદાથી ફના ★

*"અને અલ્લાહ તઆલાના ફેઅલના થકી પોતાના ઈરાદાથી ફના થઈ જાવ." એટલે કે તમારી હાલતોના દરેક સમયે અને દરેક જમાનામાં અલ્લાહ તઆલાનો જ ફેઅલ અને તેની જ તાષીર તથા ઈજાદ (વજૂદમાં લાવવું) તમારી નજરો સમક્ષ રહે. એટલે કે તમારી સાથે અને અન્યની સાથે અલ્લાહ તઆલા જે કાંઈ ફર્માવે છે એમાં તમારો ઈરાદો ફાની તથા ફના થઈ જાય.*

*તો એ વખતે તમે ઈલ્મે ઈલાહીનુ પાત્ર બનવાને લાયક થઈ ગયા તો અલ્લાહ તઆલાની મખ્લૂકથી તમારા ફના થવાની નિશાની એ છે કે તમે તેમનાથી પોતાનો રિશ્તો તથા સંબંધ કટ કરી લો. તેમની પાસે આવજા ત્યજી દો અને તેમના હાથોમાં જે કાંઈ છે તેનાથી નિરાશ તથા નાઉમ્મીદ થઈ જાવ. અને તમારી ખ્વાહિશ તથા મનેચ્છાથી તમારા ફના (અલગ) થવાની નિશાની એ છે કે નફાની પ્રાપ્તિ અને નુકસાનનું નિવારણ સબબોથી ન કરો અને સબબોથી સંબંધ ન રાખો તો તમે પોતાની બાબતોમાં પોતાને સક્રિય ન કરો અને પોતાના પર દારોમદાર ન કરો, જાતે પોતે કોઈ ચીજને દફેઅ ન કરો, કોઈ ચીજ થકી પોતાની મદદ ન કરો, પરંતું તમારો સઘળો મામલો કેવળ અલ્લાહ તઆલાના હવાલે કરી તેને સોંપી દો. એટલા માટે કે શરૂથી જ તારો મામલો તેના વાલીપણા હેઠળ છે તો આખરમાં પણ તારો મામલો તેના જ વાલીપણા હેઠળ રહે, જેવી રીતે તારો સઘળો મામલો એ વખતે તેના હવાલે તથા સુપરત હતો, જ્યારે તું માના પેટમાં છુપાયેલો હતો અને પોતાના પારણામાં દૂધ પીતો બાળક હતો."*

**સમજૂતી :** તો "એ વખતે" એટલે અલ્લાહ તઆલાની તરફ સંપૂર્ણ ધ્યાન અને તેની બારગાહથી ઈન્કેશાફે તામ થવાથી રોકનારાઓ તથા મના કરનારાઓને જ્યારે તેં તારા ઈરાદાથી ફના કરી દીધા તો તમે અલ્લાહ તઆલાના ઈલ્મનું પાત્ર બનવાને લાયક અને તેના અહલ થઈ ગયા. હવે અલ્લાહ તઆલા તમારા પર પોતાના રુમુઝો અસ્રાર (રહસ્યો)ના ઈલ્મનો ફયઝાન અને પોતાના અન્વાર (નૂરો)ને પ્રકાશિત તથા ચમકતાં કરશે.

અલ્લાહ તઆલાના હુકમના થકી તેની મખ્લૂકથી તમારા ફના થવાની નિશાની એ છે કે તમે બાતિનમાં (અંતરથી) તમારો સંબંધ તેમનાથી કટ કરી લો અને જાહેરમાં તેમની પાસે આવજા બંધ કરી દો અને તેમના હાથોમાં જે કાંઈ છે તેનાથી આશાહિન થઈ જાવ. જ્યારે ખુદાની મખ્લૂકથી તમારો સંબંધ કટ થઈ જશે તો તમે મખ્લૂકથી ફનાઈયતના મકામ પર બિરાજમાન થઈ જશો. અને તમારી ખ્વાહિશ તથા મનેચ્છાથી તમારા ફના થવાથી નિશાની એ છે કે નફાની પ્રાપ્તિ અને નુકસાનનું નિવારણ અસબાબથી ન કરો, તમો સબબોથી સંબંધ કટ

કરી લો, કેમ કે સુલુકની શરૂઆતમાં અસબાબથી સંબંધ કરવો અને અસ્બાબ થકી કસબ (કોશિશ)માં મશગૂલ થવું કેવળ ખ્વાહિશ તથા મનેચ્છાના સબબે છે. તો જ્યારે તમને પોતાની ખ્વાહિશથી છૂટકારો મળી જાય તો તમારી નફસાની તથા શારીરિક સર્વ બાબતોમાં પોતાની તદબીર તથા તસર્રુફ (યુક્તિ પ્રયુક્તિ)ને કામે ન લગાડો અને પોતાના માટે લાભદાયી ચીજોમાં પોતાના ઉપર ભરોસો ન કરો. પોતાની રાયના વડે પોતાની જાતથી કોઈ ચીજને દફેઅ ન કરો અને પોતાની ઈચ્છા થકી પોતાની જાતની મદદ ન કરો પરંતુ લાભની પ્રાપ્તિ અને નુકસાનનું નિવારણ એ સર્વ ચીજોને કેવળ અલ્લાહ તઆલાને સુપરત કરી દો, એટલા માટે કે તમારી ફિત્રતની શરૂઆતથી જ્યારે તમે એક નુત્ફો (વિર્ય બિંદુ), માના પેટનુ બાળક તથા દૂધ પીતા બુધ્ધિ હિન બાળક હતા ત્યારે તમારા સંપૂર્ણ બુધ્ધિમાન થતા સુધી તે જ તમારાં કામોનો માલિક છે, તો આખર એટલે વર્તમાન તથા ભાવિમાં પણ તે જ તમારી બાબતોનો માલિક છે, જે રીતે તમારાં સર્વ કામો કેવળ એ જ કાદિરે મુત્લકની માલિકી હેઠળ હતાં, જ્યારે તમે માના પેટમાં છુપાયેલા તથા પોતાના પારણામાં દૂધ પીતા બાળક હતા. સૈયદુત્તાઈફા શયખ અબુલ હસન શાઝલીએ પોતાની અમુક દુઆઓમાં અર્ઝ કર્યું : كن لي الآن كما كنت لي قبل. والسلام "તું આ વખતે મારી બાબતોનો માલિક રહે જેવી રીતે એનાથી પહેલાં હતો." વસ્સલામ.

*"અને અલ્લાહ તઆલાના ફેઅલના થકી પોતાના ઈરાદાથી તમારા ફના થવાની નિશાની એ છે કે કદી તું કોઈ મુરાદનો ઈરાદો ન કરે, તારી કોઈ ગરજ ન રહે. તારી કોઈ હાજત અને તારું કોઈ કામ ન રહે. એટલા માટે કે અલ્લાહ તઆલાના ઈરાદાની સાથે કોઈ અન્ય ઈરાદો તારી મુરાદ અને તારો હેતુ ન હોય, બલ્કે તારામાં કેવળ અલ્લાહ તઆલાનું જ ફેઅલ અને તેની જ તાષીર તથા ઈજાદ (વજૂદ પામવું) જારી તથા ચાલુ રહે તો તું અલ્લાહ તઆલાનો ઈરાદો અને તેનો ફેઅલ બની જઈશ. તારાં અંગો સુકૂનવાળાં, તારુ દિલ સંતુષ્ઠ, તારો સીનો વિશાળ તથા રોશન, તારો ચહેરો પુરનૂર, તારું બાતિન અમ્નવાળુ, ચીજોના ખાલિક઼ની તરફ ધ્યાનના થકી ચીજોથી વિમુખ તથા બેનિયાઝ થઈ જાય."*

**સમજૂતી** : અને અલ્લાહ તઆલાના ફેઅલના થકી પોતાના ઈરાદાથી તમારા ફના થવાની નિશાની એ છે કે કદી તું કોઈ મુરાદ ન માગે, કોઈ ચીજમાં તારી કોઈ ગરજ (મતલબ) જોડાયેલ ન રહે, કોઈ ચીજ તરફ તારી કોઈ હાજત બાકી ન રહે અને ન તો કોઈ ચીજ સાથે તારો કોઈ મક઼સદ આધારિત રહે. એટલા માટે કે જ્યારે અલ્લાહ તઆલાના ઈરાદામાં તારો ઈરાદો તેં ફના કરી આપ્યો તો અલ્લાહના ઈરાદાની સાથે તું કોઈ અન્ય ઈરાદાનો જાતે પોતે ઈરાદો ન કરે. બલ્કે તારા દરેક હાલમાં અલ્લાહ તઆલાનો જ ફેઅલ અને તેની જ તાષીર તથા ઈજાદ (વજૂદ પામવું) લાગુ રહે જેણે તારા વજૂદથી પહેલાં તારા હક્ક઼માં ઈરાદો કર્યો, તો અલ્લાહના ઈરાદામાં તારી ફનાઈયતની શાન એ થશે કે જાણે કે તું અલ્લાહ તઆલાનો ઈરાદો અને તેનો ફેઅલ છે. તારાં અંગો શાંત (સાકિન) છે, જેને કોઈ ચીજની તરફ તું જુંબિશ કે હરકત નથી આપી રહ્યો. તારું દિલ સંતુષ્ઠ છે, કોઈ ચીજની તરફ આકર્ષિત થતુ તથા ખેંચાતુ નથી. તારો સીનો વિશાળ છે, એટલા માટે કે એમાં કોઈ હેતુ કે મતલબની આડ નથી. અલ્લાહ તઆલાના નૂરથી તારા ચહેરા પર નૂર છે, તેના ઝિક્રથી તારું બાતિન આબાદ તથા મઅમૂર છે. ચીજોના ખાલિકની તરફ તવજ્જોહ (ધ્યાન) અને તેની તરફ પોતાના મામલાની સોંપણી તથા સ્વીકારના સબબે દુનિયાની સર્વ ચીજોથી બેપરવા તથા બેનિયાઝ છે. *(ક્રમશઃ)*

http://new.barkatekhwaja.net

તઝકેરતુલ અવલિયા

# હઝરત ઝુન્નૂન મિસ્રીના رحمۃ اللہ علیہ

## હાલાત તથા ખૂબીઓ

હપ્તો ૩૨

**ઈખ્લાસ** : ફર્માવ્યું કે ઈખ્લાસમાં જ્યાં સુધી સિદ્ક઼ (સત્ય) તથા સબ્રનો સમાવેશ ન હોય ત્યાં સુધી ઈખ્લાસ સંપૂર્ણ નથી થતો. અને પોતાને ઈબ્લીસથી મહેફૂઝ રાખવાનું નામ પણ ઈખ્લાસ છે. અને ઈખ્લાસવાળા તેઓ છે જેઓ પોતાની પ્રશંસાથી ખુશ અને પોતાની બુરાઈથી નાખુશ ન થાય. અને પોતાના નેક અમલોને ભૂલાવી દે કે ક઼યામતના દિવસે અલ્લાહ તઆલાથી તેના બદલાની માગણી ન પણ કરે. પરંતુ એકાંતમાં ઈખ્લાસને કાયમ રાખવું ઘણુ મુશ્કેલ છે.

**યક઼ીન** : ફર્માવ્યું કે આંખોથી મુશાહેદા કરનારનું દૃષ્ટાંત ઈલ્મ જેવું છે અને દિલથી જોનારાનું દૃષ્ટાંત યક઼ીન જેવું છે. અને યક઼ીનનું ફળ સબ્ર છે. અને યક઼ીનની પણ ત્રણ નિશાનીઓ છે : પ્રથમ એ કે દરેક ચીજમાં ખુદાને જોવું. બીજી એ કે પોતાના દરેક કામોમાં તેના તરફ રુજૂઅ કરવું. ત્રીજુ એ કે દરેક હાલતમાં તેની મદદ તલબ કરવી. યક઼ીન, આરઝૂઓમાં કમી કરી દે છે અને આરઝૂઓની ઓછપ ઝુહદની તલ્ક઼ીન (પ્રતિ પોત્સાહિત) કરે છે અને ઝુહદ હિકમતનો ઝંડાધારી છે અને હિકમત અંજામના ઝાડને હર્યુભર્યુ કરે છે. અને થોડુ સરખુ યક઼ીન પણ પૂરી દુનિયાથી અધિક મહત્વ ધરાવે છે, કેમ કે એ પ્રગતિ આખેરતની તરફ લઈ જાય છે અને એનાથી આલમે મલકૂતનો મુશાહેદો થવા લાગે છે. અને અહલે યક઼ીનની ઓળખ એ છે કે મખ્લૂક઼નો વિરોધ કરતાં ન તો તેની પ્રશંસા કરે અને ન તેની દાદ તથા વાહ વાહથી ફાયદો ઉઠાવે. અને જો મખ્લૂક઼ ઈજા પહોંચાડવા લાગે તો પોતાની જાતથી મખ્લૂક઼ને તકલીફ ન પહોંચાડે. કેમ કે જેને ખાલિક઼ની કુર્બત (નઝદીકી) હાંસલ હોય તે મખ્લૂક઼થી કોઈ વાસ્તો નથી રાખતા.

ફર્માવ્યું કે હક્ક઼બીની (હક્ક઼ જોવાનો) દાવેદાર ન કેવળ મેહરૂમીનો શિકાર થાય છે બલ્કે તેનો દાવો પણ જૂઠો હોય છે, કેમ કે હક્ક઼બીન બંદો જાહેર કરવાને અયબદાર સમજે છે. ફર્માવ્યું કે કોઈ મુરીદ સાચા અર્થમાં ત્યાં સુધી સાચા અર્થમાં મુરીદ નથી થતો જ્યાં સુધી ખુદા પછી મુર્શિદનો આજ્ઞાંક્તિ ન બને. અને જે બંદો દિલી વસવસાઓને ખત્મ કર્યા બાદ મુરાકેબો કરે છે તો અલ્લાહ તઆલા તેના જાહેરને પણ અઝમત અતા કરે છે. ફર્માવ્યું કે ખુદાથી ખૌફ રાખનાર તેની જ તરફ ધ્યાનિત રહે છે અને જે એના તરફ ધ્યાનિત થઈ જાય તેને નજાત હાંસલ થઈ ગઈ. અને ક઼નાઅત અપનાવનાર બંદો લિજ્જત તથા કૈફમાં ગર્ક થઈને સૌનો સરદાર બની જાય છે. જે બંદો બેકારના કામોમાં તકલીફ વેઠે છે તે જ ચીજ તેના બાદ કામની સાબિત થાય છે.

**સોનેરી કથનો** : ફર્માવ્યું કે ખુદાથી ડરતા રહેનારના દિલમાં ખુદાની મહોબ્બત એ રીતે બેસી જાય છે કે તેને કામિલ બુદ્ધિ અતા કરી દેવામાં આવે છે. અને જે મુશ્કેલીઓ પર ક઼ાબૂ પામવાની કોશિશ કરતો રહે છે તે સખત મુશ્કેલીઓમાં સપડાતો જાય છે. અને જે નિરર્થક ચીજોની પ્રાપ્તિની કોશિશ કરે છે તે એ ચીજને ખોઈ નાખે છે જેનાથી તેને ફાયદો પહોંચી શકતો.

ફર્માવ્યું કે જો તમને હક્ક઼ વાત પર થોડો પણ

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

http://new.barkatekhwaja.net

રંજ થાય છે તો એ, એ ચીજની નિશાની છે કે તમારી દૃષ્ટિએ હક્ક઼નો દરજો ખૂબ જ ઓછો છે. ફર્માવ્યું કે **જેનું જાહેર, બાતિનનો (અંતરનો) આઈનાદાર (પ્રતિબિંબ) ન હોય તેની સોહબતથી દૂર રહો.** પછી ફર્માવ્યું કે યાદે ઈલાહી કરનાર ખુદાના સિવાય દરેક ચીજને આપોઆપ ભૂલતો ચાલ્યો જાય છે.

**ફાયદાકારક જવાબો** : જ્યારે લોકોએ આપને સવાલ કર્યો કે આપે ખુદાને કેવી રીતે ઓળખ્યો ? તો ફર્માવ્યું કે મેં તેની જાત તથા સિફતોથી ઓળખ્યો અને મખ્લૂક઼ને તેના રસૂલના લીધે ઓળખી. કેમ કે ખુદાને તો ખાલિક઼ હોવાના લીધે ઓળખી શકાય છે, અને રસૂલ કેમ કે મખ્લૂક઼ છે એટલા માટે મખ્લૂક઼ને તેમનાથી ઓળખી શકાય છે. પછી લોકોએ સવાલ કર્યો કે બંદો ખુદાથી કયા વખતે મદદ તલબ કરે છે ? ફર્માવ્યું કે નફ઼્સ તથા તદબીરોથી આજિઝ આવીને.

**ખુદાનો ડર** : ખુદાના ડરની નિશાની એ છે કે ખુદા સિવાય દરેક ચીજથી નીડર થઈ જાય અને દુનિયામાં તે જ મહેફૂઝ રહે છે જે કોઈની સાથે વાત નથી કરતો. પછી ફર્માવ્યું કે તવક્કુલ નામ છે મખ્લૂક઼થી લાલચ ત્યજી દેવાનું અને દુનિયાવી માધ્યમો છોડીને ગોશાનશીન થઈ જવાનું અને નફ઼્સને રબૂબિયતથી અલગ કરીને અબૂદિયતની તરફ વળી જવાનું. પછી ફર્માવ્યું કે બેતીનત (અસંતોષી)ને ગમ પણ અધિક થાય છે. અને દુનિયા નામ છે ખુદાથી ગાફેલ કરી દેવાનું. ફર્માવ્યું કે તે કમીનો છે જે ખુદાના રસ્તામાં નાવકેફ હોવા છતાં પણ કોઈથી મા'લૂમાત ન કરે.

હઝરત યૂસુફ બિન હુસૈને આપને પૂછયું કે કોની મહોબ્બત અપનાવું ? ફર્માવ્યું કે જેમાં હું અને તું નો ખતરો ન હોય અને નફ઼્સના વિરોધમાં ખુદાના મુવાફિક઼ બની જાવ, અને કોઈને કમતર (ઉતરતી કક્ષાનો) ખયાલ ન કરો, ભલે તે મુશ્રિક જ કેમ ન હોય, કેમ કે શક્ય છે કે તે કદીક તૌબા કરીને ખુદાની બારગાહનો મક઼બૂલ બની જાય.

**નસીહત તથા વસિયત** : કોઈએ આપને અર્ઝ કરી કે મને કોઈ નસીહત કરો. આપે ફર્માવ્યું કે પોતાના જાહેરને મખ્લૂક઼ને અને બાતિનને ખાલિક઼ના હવાલે કરી દો અને ખુદાથી એવો સંબંધ સ્થાપો જેના કારણે તે તમને મખ્લૂક઼થી બેનિયાઝ કરી દે, અને યક઼ીન પર કદી શકને અગ્રતા ન આપો અને જ્યાં સુધી નફ઼્સ ફર્માંબરદારી (ઈતાઅત) માટે તૈયાર ન થાય ત્યાં સુધી સતત તેનો વિરોધ કરતા રહો. અને મુસીબતોમાં સબ્ર કરતા રહીને જિંદગી ખુદાની યાદમાં પસાર કરી દો. પછી બીજા શખ્સને એ વસિયત કરી કે દિલને ભૂતકાળ તથા ભવિષ્યકાળના ચક્કરમાં ન નાખો. એટલે કે વહી ગયેલા તથા આવનારા સમયનો ખયાલ દિલથી કાઢીને કેવળ વર્તમાનકાળને ગનીમત જાણો.

કોઈએ આપને પૂછયું કે સૂફ઼ીની શું વ્યાખ્યા છે ? ફર્માવ્યું કે જે દુનિયા ત્યજીને ખુદાને મહબૂબ બનાવી લે અને ખુદા પણ તેને પોતાનો મહબૂબ સમજે. પછી કોઈએ કહ્યું કે મને ખુદાનો રસ્તો બતાવી દો. આપે ફર્માવ્યું કે ખુદા તારી પહોંચથી ઘણો જ દૂર છે પરંતુ જો કોઈને ખરેખર કુર્બ (નઝદીકી) પામવો હોય તો પછી તે પ્રથમ જ ડગલે મળી જાય છે. અને જેને આપણે પહેલાં જ વિસ્તારપૂર્વક વર્ણન કરી ચૂક્યા છીએ. પછી કોઈએ અર્ઝ કરી કે આપને મારો દોસ્ત માનુ છું. તો ફર્માવ્યું કે કેવળ ખુદાથી દોસ્તી કરો, અને એની જ દોસ્તી તમારા માટે પૂરતી છે. અને જો તમે હક્ક઼ને ઓળખાનાર નથી તો કોઈ એવાની શોધ કરો જે તમને હક્ક઼ની ઓળખ કરાવી દે. કેમ કે મારી દોસ્તી તમારા માટે લાભદાયી નથી થઈ શકતી. ફર્માવ્યું કે જેને મઅરેફતની હદો માલૂમ થઈ જાય છે તે ખુદ ગુમ થઈ જાય છે કોઈએ પૂછયું કે આરિફની વ્યાખ્યા શું

http://new.barkatekhwaja.net

છે ? ફર્માવ્યું કે જેનામાં પહેલાં તહૈયૂર હોય અને બાદમાં ઈત્તેસાલે હક્ક થઈ જાય તે વખતે આરિફે હયાતે દાઈમી (કાયમી જીવન) હાંસલ થઈ જાય છે. અને તે દરેક સમયે યાદે ઈલાહી તથા વિસાલ હાંસલ કરે છે. અને નફ્સની મઅરેફત એ છે કે હમેશાં નફ્સથી બદઝન (ગલત ગુમાનવાળા) રહીને કદી તેનાથી સારું ગુમાન ન રાખે. ફર્માવ્યું કે મારાથી વધુ ખુદાથી કોઈપણ દૂર નથી કેમ કે સિત્તેર વરસ તૌહીદ તથા તફરીદના સમુદ્રમાં ડૂબકીઓ મારતા રહ્યા બાદ પણ ગુમાન સિવાય કાંઈ હાંસલ ન થઈ શક્યું.

નકલ થયેલ છે કે મૌતની નજીક લોકોએ સવાલ કર્યો કે આપની તબીઅત કોઈ ચીજને ચાહે છે ? ફર્માવ્યું, મારી ખ્વાહિશ કેવળ એ છે કે મૌતથી પહેલાં મને ખબર મળી જાય. પછી આપે આ શેઅર પઢયો :

اَلخوف امرضنی والشوق احرقنی۔الحب اوفنانی واللہ احیانی

''ખૌફે મને બીમાર બનાવી દીધો અને શૌકે જલાવી દીધો. અને મહોબ્બતે મને ફના કરી દીધો અને અલ્લાહે ઝિંદા કરી આપ્યો.

ત્યાર બાદ આપના પર બેહોશી છવાઈ ગઈ અને કાંઈક હોશ આવ્યા બાદ જ્યારે યૂસુફ બિન હુસૈને વસિયત કરવા માટે અર્ઝ કરી તો ફર્માવ્યું કે અત્યારે હું ખુદાના એહસાનોમાં ગુમ થયેલો છું જેથી અત્યારે કોઈ વાત ન કરો. ત્યાર બાદ ઈન્તેકાલ થઈ ગયો. اِنَّا لِلّٰہِ وَاِنَّآ اِلَیْہِ رٰجِعُوْنَ

**રિવાયતો : આપના ઈન્તેકાલની રાતમાં સિત્તેર અવલિયાએ કિરામને હુઝૂર અકરમ ﷺની ઝિયારત થઈ, અને હુઝૂર ﷺએ ફર્માવ્યું કે હું ખુદાના દોસ્ત ઝુન્નૂન મિસ્રીના સ્વાગતના માટે આવ્યો છું.**

ઈન્તેકાલ બાદ લોકોએ આપની પેશાની પર આ શબ્દો લખેલા જોયા :

ھذا احبیب اللہ مات فی حب اللہ وھذا قتیل اللہ مات من سیف اللہ

''આ અલ્લાહનો હબીબ છે અને તેની મહોબ્બતમાં મરી ગયો. અને એ અલ્લાહની તલ્વારથી કત્લ થઈ ગયો.'' તડકાની સખ્તીના કારણે આપના જનાઝા પર પક્ષીઓ સાયો કરીને રહી ગયાં હતાં. જે બાજુથી આપનો જનાઝો પસાર થયો ત્યાં મસ્જિદમાં મોઅઝ્ઝિન અઝાન આપી રહ્યો હતો. અને જે વખતે તે

اَشْھَدُاَنْ لَّآ اِلٰہَ اِلَّا اللّٰہُ وَحْدَہٗ لَاشَرِیْکَ لَہٗ وَاَشْھَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُہٗ وَرَسُوْلُہٗ

પર પહોંચ્યો તો આપે શહાદતની આંગળી ઉઠાવી દીધી, જેના લીધે લોકોને ખયાલ આવ્યો કે આપ હયાત છે, પણ જ્યારે જનાઝો રાખીને જોયું તો આપ મૃત્યુ પામેલ હતા અને શહાદતની આંગળી ઉઠેલી હતી. અને ઘણી જ કોશિશો છતાં સીધી ન થઈ જેથી આ જ સ્થિતિમાં આપને દફન કરી દેવામાં આવ્યા. અને આપની આ કરામત જોઈને મિસરવાળા આપને સતત તકલીફ પહોંચાડવા પર બેહદ શર્મિંદા થયા અને તેમણે પોતાની ગલતીઓથી તૌબા કરી. *(ક્રમશ:)*

**'બરકાતે ખ્વાજા' માસિકને ઝિંદા રાખવા ગ્રાહકો વધારો**

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! વર્તમાન પુર ફિતન દૌરમાં દીન તથા ઈમાનની સલામતી માટે અકીદા બાબતે બાતિલ ફિર્કાઓ વહાબી, દેવબંદી, શીઆ, ગૈર મુકલ્લિદ, કાદયાની વગેરેની ડંકાની ચોટ પર રદ કરી ઈમાનની રક્ષા કરતુ તેમજ અમલોની સુધારણા માટે દિલને પીગળાવનારા લેખો કુર્આન, હદીષ, બુઝુર્ગોના વાણી તથા વર્તનોનો ચિતાર, વાકિઆ રજૂ કરી અસરકારક લખાણો પેશ કરતા આપના પ્યારા આ માસિક માટે સુન્નિયતનું દર્દ રાખી દરેક ગ્રાહક પોતાની કોશિશોથી પોતાનાં સગાં, મિત્રો કે સંબંધી વર્તુળમાં જરૂર નવા ગ્રાહકો ઉભા કરી સવાબે દારૈનના હક્કદાર બને એવી નમ્ર અપીલ છે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

http://newbarkatekhwaja.net

# હઝરત નૂરી મિયાં رحمۃ اللہ علیہ ની દીન પ્રત્યે મક્કમતા

રજૂકર્તા : પટેલ અબ્દુર્રહમાન મિસ્બાહી (પારેખત)
(રિસર્ચ સ્કોલર : જામિઆ અશ્રફિયહ-મુબારકપુર)

બરકાતી ખાનવાદા મારેહરા શરીફના ચળકતા મોતી હઝરત નૂરી મિયાં رحمۃ اللہ علیہ એક આરિફે કામિલ અને મહાન પીરની હૈસિયતથી પોતાના સમયના ઉલમા તથા મશાઈખમાં ઘણા આદરણીય અને મહાન ગણાતા હતા. ૯, શવ્વાલ ૧૨૫૫ હિ. એટલે કે ૨૬ ડિસેમ્બર ૧૮૩૯ ઈ.સ. ના રોજ પેદા થયા અને ૧૧, રજબ ૧૩૨૪ હિ. એટલે કે ૩૧, ઓગસ્ટ ૧૯૦૬ ઈ.સ.ના રોજ આપનો વિસાલ થયો. તે સમય દીન અને સુન્નતની રક્ષાના હિસાબે બહુ કપળો સમય હતો. બદ્અક઼ીદગી ચારેબાજુથી ત્રાટકી રહી હતી. રાફઝિયત, વહાબિયત, મિર્ઝાઈયત અને નેચરિયતની ચળવળો સવાદે આ'ઝમ અહલે સુન્નતના અક઼ીદા અને મસ્લક પર હુમ્લા કરવામાં એકબીજાથી આગળ નીકળવાના પ્રયત્નમાં લાગેલી હતી. આવા ખતરનાક માહોલમાં હઝરત નૂરી મિયાં رحمۃ اللہ علیہએ પોતાની જુદી જુદી પત્રિકાઓ દ્વારા એહલે સુન્નત વ જમાઅતના અક઼ાઈદ તથા આમાલની રક્ષા અને હિમાયત જે મો'મિન જેવી દીર્ઘ દષ્ટિ અને મુજાહિદ જેવી મજબૂતી સાથે કરી તેનું ઉદાહરણ તે સમયની કોઈ બીજી ખાનક઼ાહ કે બીજા પીરને ત્યાં નથી દેખાતી. ઘણા બધા વઝીફા અને વિર્દોના કારણે લેખન અને સંપાદનની પ્રવૃત્તિઓ માટે બહુ ઓછો સમય આપ કાઢી શકતા, તેમ છતાં જ્યારે હક઼્નો સાથ દેવા અને બાતિલનો રદ કરવાનો જ્યારે પણ સમય આવ્યો છે તો તરત જ આપની દીની લાગણી જાગી ઉઠી છે અને આપ કાગળ, ક઼લમ લઈને મેદાનમાં આવી ગયા છે. પરિણામે આપની એક ડઝન જેટલી નાની, મોટી પત્રિકાઓ આપની યાદગીરી તરીકે સામે આવી ગઈ છે. અહીં આપના તમામ ઈલ્મી કાર્યોનો પરિચય કરાવવાનો મારો મકસદ નથી, બલ્કે ફકત આપની એક કિતાબ "સિરાજુલ્ અવારિફ ફિલ્ વસાયા વલ્ મઆરિફ"ના અમુક એવા મુદ્દાઓ વર્ણન કરવા ઈચ્છું છું જેમાં આપણા સમયના અમુક સળગતા મુદ્દાઓ અને ધ્યાન કેન્દ્રિત કરનારી બાબતોનો હલ મૌજૂદ છે.

આ કિતાબ ૧૩૧૩ હિ.સ. માં ફારસી ભાષામાં લખાઈ છે. તેનો ઉર્દૂ અનુવાદ ૧૩૧૪ હિ.સ. માં થયો છે. તે જ ઉર્દૂ અનુવાદ મારી સમક્ષ છે. આ કિતાબ સાચા અર્થમાં ફિક઼્હ, અક઼ાઈદ, હદીષ, તસવ્વુફ, સીરત અને સુલૂકના જાત જાતના લાભોનો કિંમતી સંગ્રહ છે. આપના શ્રેષ્ઠ સંશોધોનોનો ખજાનો છે અને નજાત તથા મગફેરતનું પ્રમાણપત્ર છે. તેની શરૂઆત બિદઅતની બુરાઈ અને બિદઅતીઓની ઝાટકણીથી થાય છે.

"વાજિબે અવ્વલ"ના ઉપશિર્ષક હેઠળ સૌ પ્રથમ આપે એ વાત પર જોર આપ્યું છે કે **અહલે સુન્નત વ જમાઅત જ હક઼્ છે, સિરાતે મુસ્તકીમ છે, અને આ જ નજાતનો રસ્તો છે.** આપ ફર્માવે છે : **"તમામ અવલિયાએ કિરામ હઝરત અમીરુલ મો'મિનીન અબૂબક્ર સિદ્દીક઼ે અકબર અને અમીરુલ મો'મિનીન સૈયદુના મૌલા અલી رضی اللہ عنہما ના સમયથી આજ સુધી, બલ્કે સૈયદુના ઈમામ મહદી رضی اللہ عنہ ના સમય સુધી સૌ આ જ મસ્લક પર હતા, છે અને રહેશે."**

આ જ સ્થળે આપે આ હદીષ પણ વર્ણન કરી છે કે, **"જે જમાઅતથી એક વેંત અલગ પડયો તેણે પોતાના ગળામાંથી ઈસ્લામનો પટ્ટો કાઢી નાખ્યો"**

આ રીતે આપે આ ઈમાન અફરોઝ ભાવ દર્શાવ્યો કે સવાદે આ'ઝમ અહલે સુન્નત વ જમાઅતની પૈરવીમાં જ ભલાઈ છે. આ રસ્તાથી જે બાલ બરાબર હટશે તેને ગુમરાહીના ખાડામાં પડવાથી કોઈ બચાવી શક્તું નથી. ત્યાર બાદ આપે પોતાનો મજબૂત અકીદો જાહેર કર્યો છે;

''ખુદાની કસમ ! અમારા બધા પીરો અને બધા વલીઓ એકાંત અને જાહેર દરેક હાલતમાં મસ્લકે અહલે સુન્નત ધરાવે છે. એ જ અકીદા પર અમે જીવંત છીએ, અને એના પર ઈન્શા અલ્લાહ ! કબ્રમાંથી ઉઠાવવામાં આવીશું.''

અકીદાની આ સુંદરતા, બયાનનો આ ભાર, આ ઊંચો ધ્યેય, અને આ દીની મક્કમતા કેટલી ઈમાન અફરોઝ અને આંખો ખોલનારી છે, તે બયાન કરવાની જરૂર નથી. આપણો યુગ પણ દીનના નામે નવા નવા ફિત્ના પેદા કરવાનો સમય છે. કીડા, મકોડા જેમ શિકારીઓ શિકારની તાકમાં ફરી રહ્યા છે. બદ્અકીદગી અને ગુમરાહી પોતાની છાપા મારવાની ટીમ લઈને તૈયાર બેઠી છે. આવી પરિસ્થિતિમાં બીજા અમલી ઉપાયો સિવાય હઝરત નૂરી رحمۃ اللہ علیہના આ કથનોનો મોટા પાયે પ્રચાર કરવાની પણ જરૂર છે જેથી આપણી હાલની પેઢી અને આવનારી પેઢીઓ બદ્અકીદગીની ઝેરીલી હવાઓથી પોતાના ઈમાનની ખેતીની રક્ષા કરી શકે.

''વાજિબે દોમ''ના હેઠળ આપે આ ઈર્શાદ ફર્માવ્યો છે કે શરીઅતની પૈરવી જ અસલ વસ્તુ છે. જે લોકો એનું મહત્વ ઘટાડવા અને તેની અવગણના કરવાની વિચારધારા રાખે છે તેમને ક્યારેય હિદાયતની રોશની મળી શકતી નથી. અમુક તથા કથિત સૂફીઓ અને ખુદાનો ખૌફ ન રાખનારા લોકોને એમ કહેતાં સાંભળવામાં આવ્યા છે કે જે હકીકતની મંઝિલ સુધી પહોંચી ગયો તેને શરીઅતની જરૂરત નથી. હઝરત ફર્માવે છે આ વિચારધારા ગુમરાહી અને બેદીની પર આધારિત છે. અને ખરેખર આવો વ્યક્તિ શૈતાનના પંજામાં છે. શરીઅતની પૈરવી વગર મંઝિલ સુધી પહોંચવાની ઈચ્છા કરવી ખરેખર મૂર્ખાઈ છે. અહીં આપે હઝરત સાઅ્દીના બે શેઅ્ર પણ નકલ કર્યા છે;

**અર્થાત** : ''મને ભય છે કે, હે વ્યક્તિ ! તું કા'બા નહીં પહોંચે, કેમ કે જે રસ્તે તું ચાલી રહ્યો છે તે તુર્કીનો માર્ગ છે.''

**અર્થાત** : ''સાઅ્દી ! એ વાત અસંભવ છે કે તું રસૂલુલ્લાહ ﷺની પૈરવી વિના તસવ્વુફનો સાચો માર્ગ મેળવી લે.''

''વાજિબે ચહારૂમ''ના મથાળા હેઠળ આપે તે જાહિલ સૂફીઓઓ અને આઝાદ બંધુઓની ખૂબ ઝાટકણી કરી છે, જેઓ ભંગ પીવા, ગપ્પા હાંકવા, ચોટી રાખવા, દાઢી મૂંડાવવા, રેશમી પોશાક પહેરવા, વાજિંત્રો સાંભળવા અને તવાઈફનું નૃત્યુ જોવાને તસવ્વુફની વાતો સમજે છે. હઝરત નૂરી મિયાંના મુજબ આ બધી વાતો શરીઅતની સાથે મજાક અને ઠેકડી ઉડાડવા જેવી છે. આ ચેતવણી આપે લગભગ ૮૫ વર્ષ પહેલાં આપી હતી, કુર્બાન જાવ આપની દૂરંદેશી અને ઈમાની ફરાસત પર કે આ સમયે પણ ઘણા મઝારો પર એવા શરીઅતના દુશ્મન તથા કથિત સૂફીઓ ઉપરોક્ત બધા જ કામોમાં સપડાયેલા જોવા મળે છે, જેની હઝરત નૂરી મિયાંએ ટકોર કરી છે. જરૂરત એ વાતની છે કે આવા બદ્અમલ સૂફીઓ અને ઢોંગીઓથી મઝારોને પાક કરવામાં આવે જેથી શરીઅતનું માન, સન્માન બાકી રહે અને ડુપ્લિકેટ પર ઓરીજનલ હોવાનો વહેમ ન થાય.

''વાજિબે ચહારૂમ'' બાદ અસલ કિતાબની શરૂઆત થાય છે. કિતાબ સાત ''લમ્આત'' (ચળકતા કથનો) પર આધારિત છે. પહેલો લમ્આન વસિયતો છે, જેમાં અગ્યાર વસિયતો છે. છઠ્ઠી આ છે;

**''અંગત ઝઘડાઓના કેસમાં કચેરીઓમાં ન જાવ, આ ફોર્મલ કોર્ટના જજો પાસે ફેંસલા ન કરાવો, બલ્કે દરેક મામલામાં શરીઅત તરફ**

**આવો અને** فردوہ الی اللہ**ના હુકમ મુજબ શરીઅતનો હુકમ હોય તેના પર અમલ કરો."**

વિચારો ! આ કેટલી મહત્વની વસિયત છે. મને તો લાગે છે કે હઝરત નૂરી મિયાં رحمۃ اللہ علیہની નિગાહે વિલાયત જોઈ રહી હતી કે એક સમય આવનારો છે, જયારે મુસલમાનો પોતાની ઘરેલુ સમસ્યાઓ અને કેસોના ફેંસલા માટે ગૈર મુસ્લિમ વ્યક્તિઓ અને સંસ્થાઓ તરફ જશે, જેના પરિણામે કટોકટીની સ્થિતિ ઊભી થશે, અને મુસલમાનોને પોતાના શરઈ હુકમો માટે ડિફેન્સ કરવામાં ઘણી મુશ્કેલી થશે. અને કાફિરો તથા મુનાફિક઼ો પોતાની અંદરની ગંદકી જાહેર કરવા માટે ઈસ્લામના ક઼ાનૂનોનું મજાક ઉડાડશે. એવો મોકો જ કેમ આવે ? હવે આ સંદર્ભમાં શાહબાનુ કેસને યાદ કરો કે તેની આડમાં મુસ્લિમ પર્સનલ લો પર કુફ્રનો કેટલો જબરો હુમ્લો થયો અને મુસલમાનોનું ઈમાની સુકૂન કેટલું વેડફાયું હતું. એ તો કહો કે આપણા સામૂહિક પ્રયત્નોએ જાલિમોને હાર માનવા પર મજબૂર કરી દીધા, નહીં તો બીજી કેવી કેવી ભયાનક બાબતો સામે આવતી. **જો કે ખટરો ટળી ગયો છે પણ ખતમ નથી થયો. દુશ્મન ઘાટમાં લાગેલો છે, પ્લાનિંગ થઈ રહી છે.** એટલા માટે જો આપણને ખરેખર આપણી શરીઅત વ્હાલી છે તો પોતાની ખાનગી સમસ્યાઓ અને બીજી ધાર્મિક બાબતો કદાપિ કોઈ કચેરી કે કાફિર સિસ્ટમના હવાલે ન કરો, બલ્કે પોતાના દીની મર્કઝ કે દારુલ કઝા તરફ આવો✪.

"સાતમી વસિયત" પણ "વાજિબે અવ્વલ" જેમ દીનમાં મજબૂતી પેદા કરવાની દા'વત આપી રહી છે. હઝરત નૂરી મિયાં ફર્માવે છે;

**"પોતાના દીન અને મસ્લક પર એટલો મજબૂત થઈ જા કે બીજા તને કટ્ટર સમજે. બેશક ! દીનમાં મજબૂતી અને અડગતા જેને 'તસલ્લુબ' કહે છે એ મક઼બૂલિયતની નિશાની અને સારી વાત છે."**

એટલે કે પોતાના અક઼ીદા અને મસ્લક પર પહાડ જેમ અડીને રહેવું જ ઈમાનનો તકાદો છે, આ જ શરીઅતનો હુકમ છે, અને અમાં જ અલ્લાહની રઝા અને રસૂલુલ્લાહ ﷺની પ્રસન્નતા છે. બાતિલ જોડે કોઈ પણ પ્રકારનું સમાધાન નથી થઈ શકતું. ઉલમાના મત મુજબ બાતિલ વિચારવાળાઓ સાથે સ્મિત કરીને મળવું પણ સખત હરામ છે, અને હદીષે પાક الحُبُّ للہ والبغض للہ (અલ્લાહના માટે દોસ્તી અને અલ્લાહના માટે દુશ્મની)નો પણ આ જ સાર છે.

"નવમી વસિયત" ઉર્સ અને ઉર્સના કાર્યો વિશે છે. આના હેઠળ જે કાંઈ આપે લખ્યું છે તેનો ખુલાસો એ છે કે ઉર્સના પ્રસંગે કોઈ જાતનો બનાવટી શણગાર કરવામાં આવે નહીં. બહુ જ સાદા સ્વરૂપમાં કોઈપણ પ્રકારના દિખાવા વગર ઉજવણી કરવામાં આવે. અને ઉધાર પૈસા માગીને તો ક્યારેય ઉર્સ કરવો નહીં. ઉર્સોમાં જે શરીઅતના ધજાગરા ઊડે છે તેના વિશે લખે છે :–

"ઉર્સમાં કુર્આનની તિલાવત, હદીષના બયાન, દુરૂદ શરીફ, કા'બા શરીફ, અને અલ્લાહ વ રસૂલના ઝિક્ર સિવાય કોઈપણ જાતની બિદઅત ન હોય કે આજ કાલના ઉર્સોમાં બેકારની વધુ લાઈટો, ફટાકડાબાજી, અને કવ્વાલી સાંભળવાની લાયકાત ન ધરાવનારા ગ્રુપો માટે વાજિંત્રો મંગાવવામાં આવે છે અને સિમાઅ્ થાય છે. (આ કામો) કદાપિ કરશો નહીં. અને ફુઝૂલખર્ચીથી બચો. અને

✪ *કાશ ! મુસલમાનો હઝરત નૂરી મિયાં رحمۃ اللہ علیہની આ ચેતવણીથી સાવચેત થયા હોત અને પોતાના અંગત મામલાનો હલ શરીઅતના હુકમ પ્રમાણે કરતા રહેત તો ગૈરોને મુસ્લિમ પર્સનલ લોમાં ચંચુપાત કરવાનો મોકો જ ન મળત. આ નસીહત ન માનવાનું પરિણામ એ નીકળ્યું કે તલાક઼ના મસ્અલામાં તકસાધુઓએ હંગામો મચાવી ગૈર શરઈ કાયદા બનાવી મુસ્લિમોની બેઈજ્જતી કરી.*

જે વાતની શરીઅતે ઈજાઝત નથી આપી તેને છોડી દો."

આનો મતલબ એ થયો કે હઝરતના કાળમાં ઉર્સોમાં શરીઅત વિરુદ્ધ કામો શરૂ થઈ ગયાં હતાં, જેને જોઈને સાંભળીને આપને ફિકર થવા લાગી હતી કે જો એને સખત રીતે રોકવામાં નહીં આવે તો બિદઅતી લોકો આ મેહફિલોની પવિત્રતા ખતમ કરી દેશે અને હક઼ીક઼ત ખુરાફાતમાં ખોવાય જશે. હું આ સ્થળે પણ હઝરતની નિગાહે વિલાયતને સલામ પેશ કરું છું કે જે ખતરાની ગંધ આપે એક સદી પૂર્વે મહેસૂસ કરી લીધી હતી, હવે તે સંપૂર્ણ રીતે ઉર્સની મેહફિલોમાં ક઼દમ જમાવી ચૂક્યો છે. જેની ગંભીરતાનો અને ભયાનક્તાનો એહસાસ દરેક એવા આલિમે રબ્બાની અને બુદ્ધિજીવીને છે જેના દિલમાં સુન્નિયતનો દર્દ છે. આ સદીના છેલ્લા દાયકાઓમાં **ખતીબે મશ્રિક઼ અલ્લામા મુશ્તાક઼ અહમદ નિઝામી** رحمۃ اللہ علیہથી મોટો સુન્નિયતનો સંપૂર્ણ અને ભરોસાપાત્ર વકીલ કોણ છે ? પરંતુ ઉર્સના પ્રસંગોમાં થનારી ખોટી ગતિવિધિઓ વિશે તેમની અનુભૂતિ પણ દર્દ બનીને છલકે છે. વાંચો;

"આજે તો અમિટેશનની પૈરવીનું બજાર ગરમ છે, અસલ પર્દામાં છે અને નકલે દુકાન માંડી રાખી છે. ઘણા લોકોએ પીરી મુરીદીને ધંધો બનાવી રાખ્યો છે, એટલા માટે ખાનક઼ાહો વિરુદ્ધ ઘણા દિલોમાં લાવા ઉકળી રહ્યો છે અને જ્યાં ત્યાં ફાટીને જવાળામુખી જેવો ધમાકો કરી રહ્યો છે. તમે એવું જરાય ન વિચારશો કે હું ખાનક઼ાહોનો દુશ્મન છું. અલ્અયાઝુ બિલ્લાહિ મિનઝાલિક ! હું તો પોતે એ લોકોમાંથી છું કે ખાનક઼ાહી રસ્મો, રિવાજ પર હુમ્લો કરનારાઓ પર જોરદાર પ્રહાર કરું છું. પરંતુ ભૂલ માફ કરજો કે હું ઉર્સ જેવા પ્રસંગોમાં બિદઅતો અને ખોટા કામોને સામેલ કરવાને ફકત અક઼ીદત તથા મહોબ્બતના કારણે જાઈઝ નથી કહી શકતો ! **સમય આવી ગયો છે કે જમાઅતના સભાન અને જાગૃત માણસો એવી દરેક રસ્મ વિરુદ્ધ જે મસ્લકના માટે ધબ્બો છે, લેખિત અને મૌખિક જેહાદ કરવા માટે તૈયાર થઈ જાય. ઉલમાએ અહલે સુન્નતે જે ઉર્સને જાઈઝ કહ્યો છે તે કિતાબોનાં પાનાં સુધી રહી ગયો છે.** ઈલ્લા માશા અલ્લાહ !"

*(ઈસ્તેક઼ામત ડાયજેસ્ટનો મુફતીએ આ'ઝમ નંબર, પેજ :૪૧)*

મને અવતરણ લાંબુ થઈ જવાનો એહસાસ છે પણ પરિસ્થિતિ મુજબ આટલુ લખાણ નકલ કરવું જરૂરી હતું.

**શું આ હક઼ીક઼ત નથી કે ઈમામ અહમદ રઝાએ પોતાની કિતાબો, ફતાવા રઝવિય્યામાં ક઼બ્રને ચૂમવા અને સ્ત્રીઓની મઝાર પર હાજરીને નાજાઈઝ તથા હરામ કહ્યું છે ! તેમ છતાં આપણી ખાનક઼ાહો અને આપણા મઝારો પર આ કામોની ખુલ્લી છૂટ છે ! મસ્લકે આ'લા હઝરત ઝિંદાબાદનો નારો પણ લાગે છે અને આ ગૈરશરઈ કામોનું નેતૃત્વ પણ ચાલુ છે !** હવે આના સિવાય શું કહેવું કે;

*ખૌફે ખુદા, શરમે નબી, યે ભી નહીં, વો ભી નહીં !*

અલ્લાહ તઆલાની હજારો રહ઼મતો નાઝિલ થાય હઝરત નૂરી رحمۃ اللہ علیہની ક઼બ્ર પર જેમણે પોતાની કિતાબો દ્વારા અક઼ાઈદ અને આમાલ બંનેમાં દાખલ થનારી બેદરકારીથી સમયસર સાવચેત કરીને આપણા સુન્નીઓની સાચી રહનુમાઈ કરી અને આપના બાદ આપની ખાનક઼ાહના મહાન ખલીફા આ'લા હઝરત મુહદ્દિષ બરેલ્વી رحمۃ اللہ علیہએ આપના મસ્લક તથા મિશનને પૂરી જિમ્મેદારી સાથે ઉમ્મત સુધી પહોંચાડવામાં પોતાની બધી શક્તિ ખર્ચી નાખી. અને અલ્લાહ તઆલાએ તેમની નિષ્ઠાવાન સેવાઓ ક઼બૂલ કરી લીધી જેનો સબૂત એ છે કે તે આજે આખા ઈસ્લામી જગતમાં અહલે સુન્નત વ જમાઅતના સૌથી મોટા ઈમામ સ્વરૂપે અક઼ીદતનો મર્કઝ બની ગયા છે. અલ્લાહ આવા પાક કિરદારવાળા લોકો પર રહ઼મત નાઝિલ ફર્માવે.

*(માહનામા અશ્રફિયા–મુબારકપુરનો સૈયદૈન નંબર ઈ.સ. ૨૦૦૨, પેજ : ૨૭૨ થી ૨૭૭)*

http://new.barkatekhwaja.net

# અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

હપ્તો : 03

**૨૦. અગર દસ દિન કે બાદ ભી ઔરત કો ખૂન આતા રહે તો ક્યા અબ ભી વોહ નમાઝ નહીં પળ્હેગી ?**

મુસલમાન ઔરતોં મેં યે ગલતફહમી પાઈ જાતી હૈ કે અગર દસ દિન કે બાદ ભી હૈઝ કા ખૂન જારી રહે તો સમઝતી હૈં કે જબ તક ખૂન જારી રહેગા તબ તક નમાઝ પળ્હને કી ઈજાઝત નહીં હૈ. હાલા કે શરીઅત કા હુકમ યહ હૈ કે હૈઝ ઝયાદા સે ઝયાદા દસ દિન તક રહેગા. દસ દિન કે બાદ અગરચે ખૂન આતા હો ફિર ભી ગુસ્લ કરકે નમાઝ, રોઝા શુરૂઅ કર દિયા જાએ.

ઔર દસ દિન સે ઝયાદા ખૂન આને કી સૂરતમેં એક હુકમ યે ભી હૈ, જિસ પર બહોત કમ લોગ તવજ્જોહ દેતે હૈં કે અબ યે દેખા જાએગા કે ઈસ સે પેહલેવાલે મહીને મેં ઔરત કો કિતને દિનોં તક ખૂન આયા થા. અગર દસ દિનોં તક ખૂન આયા થા યા યહ ખૂન પહેલી મર્તબા આયા હૈ તબ તો ઠીક હૈ વરના ઈસસે પેહલેવાલા ખૂન જિતના દસ દિનોંસે કમ થા ઉતને દિનોં કી નમાઝ કી ક઼ઝા કી જાએ, મષલન ઈસસે પહલે છે દિન ખૂન આયા થા તો ચાર દિન કી નમાઝ ક઼ઝા કી જાએ ઔર ચાર દિન આયા થા તો છે દિન કી નમાઝ ક઼ઝા કી જાએ.

"બહારે શરીઅત" મેં હૈ :–

"આદત કે દિનોં સે ખૂન મુતજાવિઝ હો ગયા (આગે બળ્હ ગયા) તો હૈઝ મેં દસ દિન ઔર નિફ઼ાસ મેં ચાલીસ દિન તક ઈન્તિઝાર કરે અગર ઉસ મુદ્દત કે અંદર બંદ હો ગયા તો અભીસે નહા ધોકર નમાઝ પળ્હે ઔર જો ઈસ મુદ્દત કે બાદ ભી જારી રહા તો નહાએ ઔર આદત કે બાદ બાકી દિનોં કી ક઼ઝા કરે."

*(બહારે શરીઅત, જિલ્દ–૧, હિસ્સા–૨, સફ઼હા–૩૮૧)*

"ફ઼તાવા રઝવિય્યહ્" મેં હૈ :

"જબ તક દમ (ખૂન) આએ નમાઝ તર્ક કી જાએ. હાં ! અગર દસ રોઝ કામિલ સે આગે બળ્હે તો ગુસ્લ કરકે પળ્હના શુરૂઅ કરેં ઔર વોહ પિછલા તમ્ષ (હૈઝ કા ખૂન) જિસ કે બાદ ઈહ્તિબાસ હો ગયા થા (યા'ની ખૂન રુક ગયા થા) અગર દસ દિન આયા થા તો ખૈર વ રના જબ યે દિન દસ સે બળ્હે તો વોહ (પિછલા ખૂન) જિતના દસસે કમ થા ઉતને દિનોં કી નમાઝ ક઼ઝા કી જાએ. મષલન્ વોહ છે રોઝા કા થા તો ચાર દિન કી નમાઝ ક઼ઝા કરેં ઔર ચાર કા થા તો છે કી."

*(ફ઼તાવા રઝવિય્યહ્, જિલ્દ–૫, સફ઼હા–૩૫૧)*

**૨૧. ક્યા બચ્ચા પૈદા હોને કે બાદ ઔરત ચાલીસ દિન તક નાપાક રહતી હૈ ?**

અકષર ઔરતોં મેં યે ગલતફહમી પાઈ જાતી હૈ કે બચ્ચે કી પૈદાઈશ કે બાદ હમે શા ચાલીસ દિન તક ઔરત નાપાક રહતી હૈ. ચુનાંચે ઈન ચાલીસ દિનોં મેં ઔરત અપને આપકો નાપાક સમઝતે હુએ ન નમાઝ પળ્હતી હૈ, ન રોઝે રખતી હૈ. જબ કે શરીઅત કા હુકમ તો યહ હૈ કે બચ્ચે કી પૈદાઈશ કે બાદ જૈસે હી ખૂન બંદ હુવા, ચાહે દો દિન હી કયૂં ન હુએ હોં, ઔરત નહાકર નમાઝ, રોઝા શુરૂઅ કર દે. ખૂન બંદ હોને કે બાદ ચાલીસ દિન તક નમાઝ રોઝા તર્ક કરના **સખ્ત હરામ** ઔર **ગુનાહે કબીરા** હૈ. જૈસા કે "ફ઼તાવા રઝવિય્યહ્"મેં હૈ :–

http://new.barkatekhwaja.net

અઝ : હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી (સદર મજલિસે ક઼ઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)

"યે જો અવામ જાહિલોં ઔરતોં મેં મશ્હૂર હે કે જબ તક ચિલ્લા ન હો જાએ (યા'ની ચાલીસ દિન ન હો જાએ) ઝચ્ચા (બચ્ચા પૈદા કરનેવાલી ઔરત) પાક નહીં હોતી, મહઝ ગલત હે. ખૂન બંદ હોને કે બાદ નાહક્ક્ નાપાક રહ કર નમાઝ, રોઝે છોળ કર સખ્ત કબીરા ગુનાહ મેં ગિરફ્તાર હોતી હે. મર્દોં પર ફર્ઝ હે કે ઉન્હેં ઈસસે બાઝ રખેં. નિફાસ કી ઝયાદા હદ કે લિયે ચાલીસ દિન રખે ગએ હેં, ન યહ કે ચાલીસ દિન સે કમ કા હોતા હી ન હો. ઉસ કે કમ કે લિયે હદ નહીં. અગર બચ્ચા જનને કે બાદ સિર્ફ એક મિનટ ખૂન આયા ઔર બંદ હો ગયા તો ઔરત ઉસી વક્ત પાક હો ગઈ. નહાએ ઔર નમાઝ પળ્હે ઔર રોઝે રખે." *(ફતાવા રઝવિય્યહ, જિલ્દ–૫, સફહા–૩૫૭)*

**૨૨. હૈઝો નિફાસવાલી ઔરત કો મન્હૂસ સમઝના, ઉસ કા ખાના, પીના સબ કુછ અલગ કર દેના કૈસા હે ?**

કુછ લોગ જો યે સમઝતે હેં કે હૈઝો નિફાસવાલી ઔરત મન્હૂસ હોતી હે, ઉસ કે સાથ ખાયા ન જાએ, ઉસ કા સબ કુછ અલગ થલગ કર દિયા જાએ. યે ખયાલાત બિલ્કુલ શરીઅત કે ખિલાફ હે. શરીઅતને તો ઉસ કે સાથ હમબિસ્તરી કરને સે મના કિયા હે, ન કે ઉસ કે સાથ ખાને પીને સે. જૈસા કે "બહારે શરીઅત" હિસ્સા–૨, સફહા–૩૮૩ ઔર "ફતાવા રઝવિય્યહ્", જિલ્દ–૫, સફહા–૩૫૬ પર હે.

**૨૩. ક્યા હૈઝો નિફાસવાલી ઔરત નિયાઝ કા ખાના પકા સકતી હે ?**

બહોતસે મુસલમાનોં મેં યે ગલતફહમી પાઈ જાતી હે કે હૈઝો નિફાસવાલી ઔરત નિયાઝ કા ખાના નહીં પકા સકતી. હાલાં કે શરીઅતને ઈસસે મના નહીં ફર્માયા. ચુનાંચે હુઝૂર સિરાજુલ ફુકહા મુહક્કિકે મસાઈલે જદીદા મુફતી નિઝામુદ્દીન સાહબ કિબ્લા (مدظلہ العالی)ને ઈસ તરહ કે એક સવાલ કે જવાબ મેં ઈર્શાદ ફર્માયા :

"ઝૈદને ગલત કહા, ઈસ્લામ પર ઝયાદતી કી. હાઈઝા ઔરત કો ખાના પકાને સે કુર્આનો હદીષમેં કહીં મુમાનઅત નહીં કી ગઈ હે, બક્ર કા કૌલ સહીહ દુરુસ્ત હે. હદીષ મેં હે કે હુઝૂર સૈયદે આલમ ﷺને ફર્માયા : ان حیضتک لیست فی یدک

યા'ની "અય આઈશા ! તેરા હૈઝ હાથ મેં નહીં." ઈસ કા ખુલા હુવા મતલબ યે હે કે તેરા હાથ પાક હે. યહાંસે મઅલૂમ હુવા કે ઝૈદને જો બાત કહી હે વોહ યહૂદિયોં કા મઝહબ હે. મુસલમાનોં કા મઝહબ વોહ હે જો ઈન અહાદીષ સે આશકાર હે. જબ હુઝૂર ﷺને જિમાઅ કે સિવા હર ચીઝ કી ઈજાઝત દેદી તો ઉસ મેં ખાના પકાના ભી શામિલ હે, ચાહે વોહ ખાના અવલિયા અલ્લાહ કી નિયાઝ કે લિયે તૈયાર કિયા જાએ, યા ખૂદ ખાને ઔર દૂસરોં કે ખિલાને કે લિયે, ઈસ મેં શરઅન કોઈ કબાહત નહીં." મુખ્તસરન

*(આપ કે મસાઈલ, સફહા, ૨૦૧/૨૦૨)*

**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**


**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અકીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક વિશે, કસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો) **બંને ભાગના રૂા. ૪૫૦** (ટપાલ ખર્ચ રૂા.૫૦)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## ભરણપોષણનું બયાન

ભરણપોષણથી મુરાદ ખાવું, કપડાં તથા રહેવા માટેનું મકાન છે. ભરણપોષણ વાજિબ થવાનાં ત્રણ સબબ છે. પત્ની, વંશ તથા માલિકીપણું. *(દુર્રે મુખ્તાર, જોહરા)*

**મસ્અલા** : જે સ્ત્રીથી સહીહ નિકાહ થયેલ છે તેનું ભરણપોષણ પતિ પર વાજિબ છે. સ્ત્રી મુસલમાન હોય કે કાફિર, આઝાદ હોય કે મકાતિબા, મોહતાજ હોય કે માલદાર હોય, હમબિસ્તરી થઈ છે કે નથી થઈ, બાલિગ હોય કે નાબાલિગ. પરંતુ નાબાલિગામાં શર્ત એ છે કે સંભોગની તાકાત રાખતી હોય કે (પુરૂષ માટે ખેંચાણ) **મુશ્તહાત** હોય. ભલે શોહર નાબાલિગ બલ્કે ગમે તેટલી ઓછી ઉંમરનો હોય તો પણ એના પર ભરણપોષણ વાજિબ છે. એના માલમાંથી આપવામાં આવે અને એની મિલ્કતમાં (કબજામાં) માલ ન હોય તો એની સ્ત્રીનું ભરણપોષણ તેના બાપ પર વાજિબ નથી. હા ! જો એના બાપે ભરણપોષણ આપવાની જામિનગીરી આપી હોય તો બાપ પર વાજિબ છે. *(હિંદિયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : પતિ નામર્દ છે અથવા શિશ્ન કપાય ગયેલું છે અથવા બીમાર હોવાને કારણે સંભોગ કરવાની તાકાત ન ધરાવતો હોય અથવા હજમાં ગયો છે તો પણ ભરણપોષણ વાજિબ છે.
*(હિંદિયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : નાબાલિગા કે જે સંભોગને પાત્ર નથી એનું ભરણપોષણ પતિ પર વાજિબ નથી, ભલે પતિના ઘેર રહે કે એના બાપને ઘેર રહે, જ્યાં સુધી હમબિસ્તરીને લાયક ન થઈ જાય. હા ! જો ખિદમત કરી શકવા જેટલી લાયક હોય અથવા એનાથી પ્યાર–મહોબ્બત હાંસલ થતી હોય અને પતિએ એને પોતાના મકાનમાં રાખી હોય તો ભરણપોષણ વાજિબ છે. જો ઘરમાં નથી રાખી તો નહીં (વાજિબ નથી). *(હિંદિયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : ઔરતની શર્મગાહ બંધ છે જેના કારણે સંભોગ ન થઈ શકતો હોય અથવા દીવાની હોય કે બોહરી (બુધ્ધિ ગુમાવેલ) હોય તો પણ ભરણ પોષણ વાજિબ છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : ફાસિદ નિકાહમાં અથવા એની ઈદ્દતમાં ભરણ પોષણ વાજિબ નથી. એ જ રીતે સંભોગમાં પણ. જો જાહેરી રીતે નિકાહ સહીહ થયેલા હોય અને કાઝીએ ભરણપોષણ નક્કી કરી આપ્યું હોય અને પાછળથી ખબર પડી કે નિકાહ સહીહ ન હતા (જેમ કે તે સ્ત્રી એની રજાઈ બહેન સાબિત થઈ) તો ભરણપોષણ પેટે જે કંઈ આપવામાં આવ્યું હતું તે પાછું લઈ શકે છે અને કાઝીના હુકમ વગર પોતે જ આપ્યું છે તો પાછું લઈ શકશે નહીં. *(જોહરા, રદુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : બાલિગ સ્ત્રી જો ભરણપોષણની માગણી કરે અને હજુ તેની રૂખસત ન થઈ હોય તો તેની માગણી દુરસ્ત છે. જ્યારે કે પતિએ એને પોતાના મકાનમાં લઈ જવાનું ન કહ્યું હોય અને જો પતિ એમ કહે કે તું મારે ઘેર ચાલ અને સ્ત્રીએ

http://newbarkatekhwaja.net

ઈન્કાર કર્યો તો પણ ભરણપોષણની હકદાર છે. સ્ત્રીના ઈન્કાર કરવાની બે હાલત છે : **(૧)** જો એમ કહેતી હોય કે જ્યાં સુધી મહેર મોઅજ્જલ નહીં આપો ત્યાં સુધી નહીં જાઉં, તો એ હાલતમાં ભરણપોષણ મેળવી શકશે. [કેમ કે એ ઈન્કાર ખોટો (ગલત) નથી]. **(૨)** અને જો ઈન્કાર ગલત છે (દા.ત. મેહર મોઅજ્જલ અદા કરી ચૂક્યો અથવા મેહર મોઅજ્જલ હતી જ નહીં યા તો સ્ત્રી માફ કરી ચૂકી છે) તો એ હાલતમાં ભરણપોષણ મેળવી શકશે નહીં જ્યાં સુધી કે પતિના ઘેર ન આવી જાય. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : સંભોગ થયા પછી જો પત્ની પતિને ત્યાં આવવાથી ઈન્કાર કરતી હોય અને મેહર મોઅજ્જલની માગણી કરી એમ કહેતી હોય કે અદા કરશો તો આવીશ તો ભરણપોષણની હકદાર છે, નહીં તો નહીં. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : પત્ની પોતાના પતિના ઘેરથી નાહક ચાલી ગઈ તો ભરણપોષણ મેળવી શકશે નહીં જ્યાં સુધી તે પાછી નહીં ફરે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : જે સ્ત્રીને તલાક આપવામાં આવી છે તે બહરહાલ ઈદ્દતની અંદર ભરણ પોષણ મેળવી શકશે. ભલે તલાકે રજઈ કે તલાકે બાઈન દીધી હોય કે ત્રણ તલાક દીધી હોય, પત્ની ગર્ભવતી હોય કે ન હોય (ઈદ્દતની અંદર ભરણપોષણ મેળવી શકે છે). *(ખાનિયા, બહાર)*

**મસ્અલા** : જ્યાં સુધી ઔરત **સન્ને અયાસે** પહોંચવા છતાં પણ હૈઝ ન આવ્યું તો **સન્ને અયાસ** પછી ત્રણ મહિના પસાર થયા બાદ ઈદ્દત પૂરી થશે અને ત્યાં સુધી ભરણપોષણ આપવું પડશે. જો પતિ ગવાહોથી સાબિત કરી આપે કે પત્નીએ ઈકરાર કર્યો હતો કે ત્રણ હૈઝ આવ્યા છે અને ઈદ્દત પૂરી થઈ ગઈ છે તો ભરણપોષણ આપવું રદ થઈ જશે. એટલા માટે કે આ રીતે ઈદ્દત પૂરી થઈ ચૂકી છે. ઔરતને તલાક આપવામાં આવી એણે પોતાને ગર્ભવતી બતાવી તો તલાકના સમયથી બે વર્ષ સુધી ગર્ભ દૂર થયા સુધી રાહ જોવામાં આવે અને ગર્ભ દૂર (પ્રસૂતિ) થતાં સુધીનું ભરણપોષણ વાજિબ છે. અને બે વરસ સુધીમાં પણ પ્રસૂતિ ન થઈ. અને ઓરત કહેતી હોય કે મને હૈઝ નથી આવ્યું અને ગર્ભ હોવાનું ગુમાન હતું તો ભરણપોષણ મેળવતી રહેશે ત્યાં સુધી કે ત્રણ હૈઝ આવે અથવા **સન્ને અયાસે** પહોંચ્યા પછી ત્રણ મહિના પૂરા થાય. *(ખાનિયા, બહાર)*

**મસ્અલા** : ઈદ્દતના ભરણપોષણ માટે દાવો ન કર્યો, કાઝીએ પણ ભરણપોષણ નક્કી ન કર્યું તેવામાં **ઈદ્દત પૂરી થયા પછી ભરણપોષણ રદ થઈ ગયું.** *(બહાર)*

**મસ્અલા** : પતિ લાપતા હોય તેવામાં એની સ્ત્રી બીજા નિકાહ કરી લીધા. બીજા પતિએ સંભોગ પણ કર્યો. ત્યાર બાદ પહેલો પતિ આવી ગયો તો સ્ત્રી અને બીજો પતિ બન્નેને અલગ કરી દેવામાં આવશે અને સ્ત્રી ઈદ્દત ગુજારશે. પરંતુ ઈદ્દતનું ભરણપોષણ પહેલા પતિ કે બીજા પતિ બન્નેમાંથી કોઈના પર લાગુ પડશે નહીં. *(ખાનિયા, બહાર)*

**મસ્અલા** : મૃત્યુની ઈદ્દતમાં ભરણપોષણ વાજિબ નથી. ભલે ઓરત ગર્ભવતી હોય કે ન હોય. એ રીતે સ્ત્રીના તરફથી ગુનાહના કારણે જુદાઈ થવા પામી હોય તો એમાં પણ ભરણપોષણ મેળવી શકશે નહીં. *(જોહરા)*

**મસ્અલા** : મહેર માફ કરી તલાક (છૂટાછેડા) લેવાની બાબતમાં ભરણપોષણ મેળવી શકે છે. હા! જો છૂટાછેડા એ શરતે થયા હોય કે સ્ત્રીએ

http://new.barkatekhwaja.net

ભરણપોષણ તેમજ રહેવાનું મકાન મેળવવાનું માફ કર્યું છે તો ભરણપોષણ મેળવી શકશે નહીં. પરંતુ પતિએ રહેવાનું મકાન આપવું પડશે. કેમ કે રહેવાનું મકાન મેળવવાનું માફ કરવાનો અધિકાર પત્નીને નથી. *(જોહરા)*

**મસ્અલા** : ઈલા, ઝિહાર અથવા લિઆન કર્યા અથવા પતિ મુર્તદ થઈ ગયો અથવા પતિએ પત્નીની મા સાથે ઝિના કર્યો અથવા નામર્દની પત્નીએ જુદાઈ મેળવી તો આ તમામ હાલતમાં ભરણપોષણ મેળવી શકશે. *(હિંદીયા, બહાર)*

**મસ્અલા** : જો મર્દ અને ઓરત બન્ને માલદાર હોય તો ભરણપોષણનું પ્રમાણ માલદારો જેવું હશે અને બન્ને મોહતાજ (ગરીબ) હોય તો ગરીબોના જેવું પ્રમાણ હશે અને જો એક માલદાર હોય અને બીજું ગરીબ હોય તો વચગાળાનું પ્રમાણ હશે. (અર્થાત ગરીબ જેવું ખાતા હોય તેનાથી સારા પ્રકારનું અને માલદાર જેવું ખાતા હોય એનાથી થોડા હલકા પ્રકારનું) અને જો પતિ માલદાર હોય અને ઓરત ગરીબ હોય તો બેહતર એ છે કે પોતે જેવું ખાય છે એવું ઓરતને ખવડાવે, પરંતુ એ વાજિબ નથી. આવી હાલતમાં વચગાળાનું પ્રમાણ વાજિબ છે.

*(દુર્રેમુખ્તાર વગેરે)*

**મસ્અલા** : સ્ત્રી લોટ દળવાથી કે રોટી પકાવવાથી ઈન્કાર કરે તો જો તે એવા ઘરાનાની છે કે એના ઘરાનામાં ત્યાંની સ્ત્રીઓ આવાં કામ નથી કરતી અથવા સ્ત્રી બીમાર કે અશક્ત હોવાને કારણે આવાં કામ ન કરી શકતી હોય તો પકાવેલું ખાવા આપવું પડશે અથવા તો કોઈ એવો માણસ રોકવામાં આવે. જે ખાવા પકાવી આપે. રાંધવા માટે સ્ત્રીને મજબૂર ન કરવામાં આવે. અને જો એવા ઘરાનાની ન હોય તથા બીજા કોઈ એવા કારણો ન હોય કે જેથી તે ખાવા રાંધી શકતી ન હોય તો પકાવેલું ખાવા આપવું પતિ પર વાજિબ નથી અને જો સ્ત્રી પોતે રાંધતી હોય અને રાંધવાનું મહેનતાણુ માગતી હોય તો મહેનતાણુ આપવામાં આવશે નહીં.

*(હિંદિયા, દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : ખાવા રાંધવા માટેનાં તમામ વાસણો, સામાન વગેરે પતિ પર વાજિબ છે. જેમ કે ઘંટી, હાંડલી, તવો, સાણસી, પ્યાલા, રકાબી, ચમચો વગેરે જે ચીજોની જરૂરત પડે છે તે હેસિયત પ્રમાણે (આપવાં) વાજિબ છે. એ જ રીતે હેસિયત પ્રમાણે ઘરનો સામાન જેવો કે ચટાઈ, શેતરંજી, ગાલીચો, પલંગ, ગોદડી, તકિયો, ચાદર વગેરે આપવું વાજિબ છે. એ રીતે કાંસકી, તેલ, માથુ ધોવા માટે જરૂરી સાધન, સાબુ તથા મેલ દૂર કરવા માટેનું બેસન દેવું વાજિબ છે. સૂરમો, મિસ્સી (એક પ્રકારનું મંજન જેને સ્ત્રીઓ ખુશ્બુ માટે વાપરે છે), મહેંદી આપવી પતિ પર વાજિબ નથી. જો લાવવામાં આવે તો સ્ત્રીએ ઉપયોગ કરવો. અત્તર વગેરે ખુશ્બુ એટલા પ્રમાણમાં જરૂરી છે કે બગલ તથા પસીનાની દુર્ગંધને દૂધ કરી શકાય. *(જોહરા વગેરે)*

**મસ્અલા** : ગુસ્લ તથા વુઝૂના પાણીની જવાબદારી પતિની છે ભલે સ્ત્રી માલદાર હોય તો પણ.

**મસ્અલા** : સ્ત્રી ચા, હુક્કો કે સિગારેટ પીતી હોય તો એનો ખર્ચ પતિ પર વાજિબ નથી, ભલે ન પીવાથી નુકસાન થતું હોય. એ રીતે પાન, તંબાકુ પતિ પર વાજિબ નથી. *(રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : સ્ત્રી બીમાર હોય તો એની દવાની કિંમત અને ડોકટરની ફી પતિ પર વાજિબ નથી. નશ્તર લગાડવાની જરૂર હોય કે પછના લગાડવાની (રગમાંથી લોહી ખેંચવાની) હોય તો એ પણ પતિ પર (વાજિબ) નથી. *(જૌહરા, બહાર)* *(ક્રમશઃ)*

http://www.barkatekhwaja.net



# لَیۡسَ مِنَّا

# 'તે અમારો નથી'

હપ્તો : ૧૦

**અગ્ર : દાઈએ કબીર મૌલાના મુહમ્મદશાકિર નૂરી**

**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**

**મુશ્રિકો સાથે મેલ મહોબ્બત પર ચેતવણી** : ઈન્સાનની ફિત્રત છે કે તેના પર માહોલનો અસર થાય છે. ખાસ કરીને નાના બાળકો માહોલનો અસર બહુ જલ્દી લે છે. એટલા માટે ઈસ્લામી અહકામમાં એ પણ છે કે એવી જગ્યાએ રહેવું જોઈએ જ્યાં ઈસ્લામી ખયાલના લોકો રહેતા હોય જેથી આવનારી પેઢી તેમની અસર લે. હિંદુસ્તાનમાં વિવિધ ધર્મોના લોકોની વસ્તી છે અને એક જ વિસ્તારમાં વિવિધ ધર્મોના લોકો રહે છે માટે અમુક સ્થળોએ અમુક મુસલમાનો કાફિરોની સાથે ખૂબ મેલજોલ રાખવાનું શરૂ કરી દે છે. જેના પરિણામે કાફિરોના વિચાર અને તેમના તરીકા મુસ્લિમ બાળકો અપનાવવા લાગે છે અને પછી એક સમય એવો આવે છે કે તેઓ ઈસ્લામી ફિક્ર (વિચારસરણી) અને અમલથી બેઝારી જાહેર કરવા લાગે છે.

હદીષ શરીફમાં આ કાર્યને અત્યંત બુરુ વિચારવામાં આવ્યું છે અને કુર્આન તથા હદીષમાં તેનાથી બચવાની વારંવાર તાકીદ કરવામાં આવી છે. જે વ્યક્તિ મુશ્રિકો સાથે મેલ મહોબ્બત રાખે તેના વિશે આકાએ કાએનાત ﷺએ ફર્માવ્યું કે તે અમારામાંથી નથી.

હઝરત સમુરહ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

لَا تُسَاكِنُوا الْمُشْرِكِيْنَ وَلَا تُجَامِعُوْهُمْ فَمَنْ سَاكَنَهُمْ اَوْ جَامَعَهُمْ فَلَيْسَ مِنَّا

"મુશ્રિકો સાથે રહેઠાણ ન અપનાવો અને ન તો તેમનું અનુકરણ કરો. જેમણે તેમની સાથે રહેઠાણ અપનાવ્યું અથવા તેમનું અનુકરણ કર્યું તે અમારામાંથી નથી."

(સુનને કુબ્રા, બૈહક઼ી, ૯/૨૪૦)

હઝરત સમુરહ رضی اللہ عنہથી જ એક રિવાયત છે તેના શબ્દો આ પ્રમાણે છે :–

لَا تُسَاكِنُوا الْمُشْرِكِيْنَ فَمَنْ سَاكَنَهُمْ فَهُوَ مِنْهُمْ

"મુશ્રિકો સાથે રહન સહન ન અપનાવો, જેણે તેમની સાથે રહન સહન અપનાવ્યું તે એમનામાંથી છે."

(મુસ્નદે બઝ્ઝાર, ૧૦/૪૨૦)

કુર્આને મુક઼દ્દસમાં પણ એક ઠેકાણે કાફિરો સાથે મેલજોલ અને તેમની વાત માનવાથી મના કરવામાં આવ્યું છે. એક સ્થળે કુર્આનનું ફર્માન છે :–

لَا يَتَّخِذِ الْمُؤْمِنُوْنَ الْكٰفِرِيْنَ اَوْلِيَآءَ مِنْ دُوْنِ الْمُؤْمِنِيْنَ ۚ وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ فَلَيْسَ مِنَ اللّٰهِ فِيْ شَيْءٍ اِلَّآ اَنْ تَتَّقُوْا مِنْهُمْ تُقٰىةً ؕ وَيُحَذِّرُكُمُ اللّٰهُ نَفْسَهٗ ؕ وَاِلَى اللّٰهِ الْمَصِيْرُ ﴿۲۸﴾

"મુસલમાન કાફિરોને પોતાના દોસ્ત ન બનાવી લે મુસલમાનો સિવાય, અને જે આવું કરશે તેનો અલ્લાહ સાથે કોઈ તઅલ્લુક ન રહ્યો, પરંતુ એ કે તમે એમનાથી કાંઈ ભય રાખો. અને અલ્લાહ તમને પોતાના ગઝબથી ડરાવે છે અને અલ્લાહ તરફ જ વળવાનું છે." *(સૂરએ આલે ઈમરાન, આ. ૨૮)*

અમુક લોકો કાફિરો સાથે દોસ્તીના સંબંધ રાખવામાં ઘણો ગર્વ અને શાન અનુભવે છે. તેમને ચેતવણી આપતા કુર્આને મુક઼દ્દસ ફર્માવે છે :–

اِۨلَّذِيْنَ يَتَّخِذُوْنَ الْكٰفِرِيْنَ اَوْلِيَآءَ مِنْ دُوْنِ الْمُؤْمِنِيْنَ ؕ اَيَبْتَغُوْنَ عِنْدَهُمُ الْعِزَّةَ فَاِنَّ الْعِزَّةَ لِلّٰهِ جَمِيْعًا ؕ﴿۱۳۹﴾

"તેઓ જે મુસલમાનોને છોડીને કાફિરોને દોસ્ત બનાવે છે, શું તેમની પાસે ઈજ્જત શોધે છે ? તો ઈજ્જત તો સર્વ અલ્લાહના માટે છે." *(સૂરએ નિસાઅ, આ. ૧૩૯)*

માટે જે લોકો સમજે કે કાફિરો સાથે મેલજોલ રાખવાથી તેમને ઈજ્જત મળશે તેમણે પોતાના આ ફાસિદ ખયાલથી તૌબા કરી લેવી જોઈએ. એટલા માટે કે ઈજ્જત અલ્લાહ તઆલાના દસ્તે કુદરતમાં છે, જેને ચાહે ઈજ્જત આપે, જેને ચાહે ઝલીલ કરી દે.

http://new.barkatekhwaja.net

# હું મુસલમાન થઈને કુર્આન વિશે શું જાણું છું ?!



હપ્તો ૦૨


**લેખક : ડૉક્ટર મુહમ્મદ અહમદ નઈમી**
*(જામિઆ હમદર્દ યુનિવર્સિટી–ન્યુ દિલ્હી)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*


## ★ કુર્આન શબ્દની શાબ્દિક તથા ઈસ્તેલાહી સ્પષ્ટતા ★

કુર્આન શબ્દ قرأنًا, قرء થી માખૂઝ છે જેનો અર્થ છે મિલાવવું, ભેગુ કરવું. *(અલ્મુન્જિદ, પેજ : ૭૭૮, ૭૭૯)* અથવા એ قرأيقرأ "બાબે ફતહ યફતહ"નો મસ્દર છે, જેનો અર્થ છે પઢવું, અને એક ચીજને બીજી ચીજ સાથે મિલાવીને ભેગુ કરવું. અને આ કુર્આન مَقْرُوْءٌ બર વઝન મફઊલ, એટલે જે પઢવામાં આવે છે તે અર્થમાં પણ વપરાય છે. *(દાઈરતુલ મઆરિફે ઈસ્લામિયા, પેજ–૩૧૮)* સારાંશ કે કુર્આનનો શાબ્દિક અર્થ પઢવું (વાંચવું) કે પઢાવવું થયો અથવા જમા કરેલ થયો છે. અને ઈસ્તેલાહ (શરીઅતની પરિભાષા)માં તે વહીયે મત્લૂ (કુર્આન) અથવા કલામે ઈલાહીનું નામ છે જે અલ્લાહે ઈન્સાનોની હિદાયત તથા તર્બિયતના માટે જિબ્રઈલે અમીનના ઝરીયા હઝરત મુહમ્મદ ﷺ પર નાઝિલ કર્યું.

## ★ "કુર્આન" નામના કારણો ★

મુહક્કિકો તથા મુફસ્સિરોની નજરમાં કુર્આન કહેવાનાં વિવિધ કારણો છે. દા.ત. એ આયતો તથા સૂરતોનો સમૂહ એટલા માટે કુર્આન કહેવામાં આવે છે. અથવા એમાં પાછલા સર્વ અંબિયાએ કિરામ પર નાઝિલ થયેલ કિતાબો તથા સહીફાઓ (કિતાબો)ની તા'લીમાતને એકત્ર કરી દેવામાં આવી છે અથવા એમાં કિસ્સાઓ, બનાવો, મહત્વના ભૂતકાળના હાલાત, ઘટનાઓ, કરવાના હુકમો, ન કરવાની મનાઈઓ તથા વાયદા તથા વઈદ (ચેતવણીઓ) વગેરેને યોગ્ય અંદાઝથી જમા કરવામાં આવેલ છે, અથવા એ તિલાવત કરવામાં આવે અને પઢવામાં આવે છે અને પઢાવવામાં આવે છે. અથવા એ સૌને એક જગાએ જમા કરે છે, જેમ કે હજ્જ તથા નમાઝ વગેરે એટલા માટે તેને કુર્આન કહે છે.

*(દાઈરતુલ મઆરિફ, પેજ–૩૧૮)*

## ★ કુર્આનનો વિષય ★

કુર્આનનો વિષય ઈન્સાન છે કે તે હયાતે ઈન્સાનીના વિવિધ પાસાંઓ પર ચર્ચા કરે છે અને નજાત તથા ભલાઈ અને દુનિયવી તથા આખેરતના ફાયદાઓ તથા નુકસાનોને ઘણા જ ખુલાસા તથા સ્પષ્ટતા સાથે વર્ણવે છે.

## ★ કુર્આનનો હેતુ ★

અલ્લાહ અને તેના રસૂલની ઈતાઅત (આજ્ઞાપાલન) તથા પયરવી (અનુસરણ) થકી ખુદાના બંદાઓને દુનિયવી તથા આખેરતની નજાત તથા કામયાબીથી મિલાવવું છે.

## ★ કુર્આનનું ઉતરાણ ★

કુર્આન મુકદ્દસ આસ્માની કિતાબોમાં તે મહાન કિતાબ છે કે જેણે જેવી રીતે હજારો ઈલ્મો વિદ્યાઓના દરિયા વહાવ્યા છે, અગણિત રહસ્યોના ભેદો ખોલ્યા છે તેવી જ રીતે પોતાના બારામાં પણ સર્વ કાંઈ વર્ણન



http://new.barkatekhwaja.net

કર્યું છે. કોઈ ચીજ એવી નથી કે જે તેણે છુપા પર્દામાં રાખી હોય. જેમ કે પોતાના નુઝૂલ (ઉતરાણ)ના જમાના તથા ઉતરાણના સમયના બારામાં કુર્આને પાક ઈર્શાદ ફર્માવે છે : شَهْرُ رَمَضَانَ الَّذِیْۤ اُنْزِلَ فِیْهِ الْقُرْاٰنُ "રમઝાનનો મહિનો જેમાં કુર્આન ઉતાર્યું." *(સૂરએ બક્રહ, ૨/૧૮૫)* اِنَّاۤ اَنْزَلْنٰهُ فِیْ لَیْلَةِ الْقَدْرِ "બેશક ! અમે એને શબે કદ્રમાં નાઝિલ કર્યું." *(સૂરએ કદર, આ. ૧)*

જાણવા મળ્યું કે કુર્આને હકીમ રમઝાન મુબારકની શબે કદરમાં નાઝિલ થયું. ઉપરોક્ત આયાતે કરીમાથી એ સાબિત થઈ ગયું કે કુર્આન રમઝાન મહિનામાં અને શબે કદરમાં નાઝિલ થયું, પરંતુ એ સાબિત નથી થયું કે કેટલી મુદત અને કેટલા સમયમાં નાઝિલ થયું અને તેના નુઝૂલની કૈફિયત કેવી હતી ? આ સવાલોનો જવાબ પેશ કરતાં ઈમામુલ મુફસ્સિરીન હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "એક કથન જે અધિક સહીહ તથા મશહૂર છે તે એ છે કે બેશક ! પૂરૂ કુર્આન પાક આસમાની દુનિયા પર કદરની રાતમાં નાઝિલ થયું, પછી તેના બાદ થોડુ થોડુ કરીને વીસ, ત્રીસ કે પચીસ વરસમાં નાઝિલ થયું.'

*(અલ્ઈત્કાન ફી ઉલૂમિલ કુર્આન–અરબી, પેજ–૧૨૯)*

મુફસ્સિરો તથા મુહદ્દિષોની એના અનુસંધાનમાં અન્ય પણ રિવાયતો વર્ણન થયેલી છે. મોટાભાગની રિવાયતોમાં પ્રથમવાર એક સામટુ લોહે મેહફૂઝથી આસ્માની દુનિયા મુરાદ છે, પરંતુ કુર્આનના દુનિયામાં નુઝૂલની મુદતમાં ઘણાખરા અંશે મતભેદ જોવા મળે છે.

ઈમામ સિયૂતી رحمۃ اللہ علیہની વર્ણવેલ રિવાયતમાં અમારા અપૂર્ણ અભ્યાસ તથા તેહકીકના પ્રમાણે ૨૩ સાલની વાત અધિક યોગ્ય જણાય છે. એટલા માટે કે હુઝૂરે અન્વર ﷺને જે વખતે નબુવ્વત તથા રિસાલતના મન્સબ (સ્થાન)નું એલાન કરવાનો હુકમ થયો તો આપ સંપૂર્ણ ચાલીસ વરસના હતા. ત્યાર બાદ આપે તેર વરસ મક્કા શરીફમાં રોકાણ કર્યું. પછી જ્યારે આપને હિજરતનો હુકમ થયો તો આપ મદીના શરીફ તશરીફ લઈ ગયા જેમાં આપે દસ વરસ રોકાણ કર્યું. પછી જ્યારે દુનિયાથી તશરીફ લઈ જવા લાગ્યા તો તે વખતે આપની ઉમર ૬૩ વરસની હતી. એ રીતે જાહેર થાય છે કે આપ علیہ الصلوٰۃ والسلام પર ૨૩ વરસ સુધી કુર્આન કરીમ નાઝિલ થતુ રહ્યું. જે મુફસ્સિરો તથા મુહદ્દિષોએ નુઝૂલની મુદત ૨૦ વરસ વર્ણવી છે તો શક્ય છે કે તેમણે કસરની સંખ્યાને છોડી દીધેલ હોય, જેમ કે અમુક રિવાયતોમાં કસરને છોડીને હુઝૂરે અન્વર ﷺની ઉમર શરીફ ૬૩ના બદલે ૬૦ વરસ વર્ણવી છે.

કુર્આનના નુઝૂલના બારામાં મુસ્લિમ શરીફની એક અન્ય રિવાયત મળે છે તે એ છે કે, હુઝૂરે અન્વર ﷺને પીર (સોમવાર)ના રોઝ)ના બારામાં પૂછવામાં આવ્યું તો આપે ફર્માવ્યું કે પીરના દિવસે હું પેદા થયો અને પીરના દિવસે જ મારા પર વહી નાઝિલ થઈ." *(સહીહ મુસ્લિમ, કિતાબુસ્સિયામ, પેજ–૭)*

મશહૂર રિવાયતોના પ્રમાણે હુઝૂરે અન્વર ﷺના જન્મ મુબારકની તારીખ ૧૨ રબીઉલ અવ્વલ છે. અને એ જ તારીખ કુર્આનના નુઝૂલની શરૂઆતની છે. રમઝાનુલ મુબારક તથા ૧૨ રબીઉલ અવ્વલ પીરના દિવસે કુર્આનનું નુઝૂલની બંને રિવાયતોમાં એ રીતે મળતાપણુ થઈ શકે છે કે લોહે મહેફૂઝથી પ્રથમ નુઝૂલ રમઝાન મુબારકમાં થયું અને પછી ત્યાંથી વહીના નુઝૂલની શરૂઆત રબીઉલ અવ્વલ પીરના દિવસે થઈ.

### ★ કુર્આનના ઉતરાણની પ્રથમ વહી ★

સહીહ તથા મશહૂર રિવાયતોના પ્રમાણે હુઝૂરે અન્વર ﷺ પર સૌ પ્રથમ કુર્આન મુકદસની જે

આયતો જિબ્રઈલે અમીન થકી વહીના રૂપમાં નાઝિલ થઈ તે સૂરએ અલક્‌ની પ્રારંભિક પાંચ આયતો છે. જેમ કે બુખારી શરીફમાં હઝરત આઈશા رضی اللہ عنہاથી એક લાંબી હદીષ રિવાયત થયેલી છે જેમાં વર્ણન થયેલ છે કે :–

"ગારે હિરામાં ક્‌યામના દૌરાન આપના પર વહીનો નુઝૂલ થયો. ફરિશ્તો આવ્યો અને તેણે કહ્યું, પઢો ! આપ ફર્માવે છે કે મેં કહ્યું કે, હું નથી પઢતો. આપ ફર્માવે છે, ફરિશ્તાએ મને એટલા જોરથી ભીંસ્યો કે મારી શક્તિ જવાબ દઈ ગઈ. પછી મને છોડયો અને કહ્યું, પઢો ! મેં કહ્યું, હું નથી પઢતો. પછી બીજીવાર મને પકડયો અને જોરથી દબાવ્યો, ત્યાં સુધી કે મારી શક્તિ જવાબ દેવા લાગી. પછી મને છોડયો અને કહ્યું, પઢો ! મેં કહ્યું, હું નથી પઢતો. તેણે મને ફરી પકડયો અને ત્રીજીવાર દબાવ્યો પછી છોડી દીધો અને કહ્યું :–

اِقْرَاْ بِاسْمِ رَبِّكَ الَّذِیْ خَلَقَ ۝۱ خَلَقَ الْاِنْسَانَ مِنْ عَلَقٍ ۝۲
اِقْرَاْ وَرَبُّكَ الْاَكْرَمُ ۝۳

"પઢો પોતાના રબના નામથી જેણે પેદા કર્યા. માણસને લોહીના ફોડકાથી બનાવ્યો. પઢો, અને તમારો રબ જ સૌથી મહાન દયાવાન." *(સહીહ બુખારી, ૧/૯૫, કિતાબુલ વહી)* રસૂલુલ્લાહ ﷺએ એ આયતોને દોહરાવી અને આપનું દિલ કાંપી રહ્યું હતું.

ઈમામુલ મુફસ્સિરીન હઝરત જલાલુદ્દીન અબ્દુર્રહમાન સિયૂતી رحمۃ اللہ علیہએ પણ "અલ્ઈત્ક઼ાન ફી ઉલૂમિલ કુર્આન"માં ઘણી બધી મુસ્તનદ તથા વિશ્વસનીય રિવાયતોના હવાલાથી આ ક઼ૌલનું સમર્થન કર્યું છે.

## ઈટોલામાં મસ્જિદે ઈમામ અહમદ રઝાનો ઈફતેતાહ

**ઈટોલા** : (તા. આમોદ, જિ. ભરૂચ) ખાતે જૂની મસ્જિદ શહીદ કરીને નવી શાનદાર મસ્જિદ પટેલ રફીકભાઈ દયાદરાવાળા (રહે. આમોદ) થકી "મસ્જિદે ઈમામ અહમદ રઝા" નામથી મર્હૂમોના સવાબ અર્થે તામીર કરવામાં આવી જેની ઈફતેતાહનો પ્રોગ્રામ તા. ૨૦–૧૨–૨૦૨૦, મુ.ચાંદ ૪–જમાદિયુલ અવ્વલ હિ.સ. ૧૪૪૨ રવિવારના રોજ સવારે ૧૦ વાગ્યે જનાબ હાફિઝ સૈયદ આસિફ બાપુ કેરવાડાવાળા (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)ની સરપરસ્તીમાં તથા જનાબ સૈયદ ઐયૂબ અલી બાપુ–આમોદની સયાદતમાં અન્ય સાદાત, ઉલમા, હુફ્ફાઝની હાજરીમાં થયો જેમાં જનાબ હાફિઝ ક઼ારી ઝયનુલ આબિદીન (વોરાસમનીવાળા–દયાદરા)એ ક઼િરાઅત બાદ નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા. બાદમાં જનાબ આસિફબાપુએ મસ્જિદની ફઝીલતમાં ટૂંકુ પણ નસીહતઆમેઝ બયાન કર્યું હતું. બાદમાં મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે–જંબુસર)એ મસ્જિદ બાંધવા તથા આબાદ કરવા વિશે ફઝીલત તથા મસ્જિદોના મક઼ામ મર્તબા વિશે શાનદાર બયાન કર્યું હતું. મૌલાના મોહસિન ઈટોલાવાળાએ ઈફતેતાહના જશ્નમાં આવનારા સર્વનો આભાર રફીક પટેલ વતી માન્યો હતો તથા ગ્રામ્યજનો, યુવાનો, વડીલોના મસ્જિદના કામમાં સાથ સહકારની પ્રશંસા કરી જનાબ રફીક અલી પટેલ દયાદરવીનો પણ આભાર માની દુઆઓ આપી હતી. સલાતો સલામ દુઆ પર પ્રોગ્રામ ખત્મ થયો. છેવટમાં હાજરજનોને ન્યાઝ જમાડવામાં આવી હતી. સૌને મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**અહમદાબાદ** : મુહમ્મદઝુબેર નસીરુદ્દીન કુરૈશી (ગ્રા. નં. ૧૨૨૧૪)એ પોતાના દાદી મર્હૂમા હજીયાણી અમીના બીબી કુરૈશીના ઈસાલે સવાબ માટે "બરકાતે ખ્વાજા" (માસિક)માં રૂા. ૫૦૦૦/– આપ્યા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ તઆલા તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમાની મગફેરત ફર્માવે અને જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે. અને સખીદાતાની રોજી રોજગારમાં બરકત અતા કરે. (આમીન)

# મુસલમાનોની બુઝદિલીના સબબો

હપ્તો : ૦૭

અઝ : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

## ★ સૌથી બુધ્ધિશાળી મુસલમાન ★

એટલા માટે મૌતને અધિક યાદ કરનાર મા'મિનને સૌથી બુધ્ધિશાળી મો'મિન કહેવામાં આવેલ છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી મરવી છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને સવાલ કરવામાં આવ્યો, કયો મો'મિન સૌથી વધુ બુધ્ધિશાળી છે ? ફર્માવ્યું :

اَکْثَرُهُمْ لِلْمَوْتِ ذِکْرًا وَّاَحْسَنُهُمْ لِمَا بَعْدَهٗ اسْتِعْدَادًا اُولٰٓئِكَ الْاَكْيَاسُ۔

''મૌતને સૌથી વધુ યાદ કરનારા અને મૃત્યુ બાદના માટે સૌથી અધિક તૈયારી કરનારા, એ જ લોકો વધુ બુધ્ધિવાન છે.''

*(શરહુસ્સુદૂર બિશરહે હાલિલ્મૌતા વલ્કુબૂર, પેજ–૨૬)*

કેમ કે તેમને ખબર છે કે દુનિયામાં થોડાક દિવસો માટે આવ્યા છીએ અને એક ન એક દિવસે મૌતના પુલથી પસાર થઈને આખેરતની સફર કરવાની છે. જ્યારે આખરી મંઝિલ કૃબ્ર જ છે તો તેની તૈયારીની ફિકર દરેક સમયે હોવી જોઈએ અને દુનિયાની જિંદગી જ્યારે થોડા દિવસોની છે તો એમાં ખોવાય જવું બુધ્ધિની વિરૂધ્ધ છે.

## ★ શહીદોની સાથે હશ્ર થશે ★

શહીદ તેને કહે છે જે રાહે ખુદામાં પોતાનુ માથુ કપાવી નાખે. એની ફઝીલત માટે એટલુ જ પૂરતુ છે કે અલ્લાહ તબારક વ તઆલા તેના લોહીના ટીપાને જમીન પર પડતાં પહેલાં તેના ગુનાહો માફ કરી આપે છે. કેટલાક લોકો એવા છે જેમનો હશ્ર શહીદોની સાથે થશે. જેવું કે એક રિવાયતમાં છે :

رُوِيَ اَنَّهٗ قِيْلَ يَا رَسُوْلَ اللّٰهِ هَلْ يُحْشَرُ مَعَ الشُّهَدَآءِ اَحَدٌ قَالَ نَعَمْ مَنْ يَّذْكُرُ الْمَوْتَ فِي الْيَوْمِ وَاللَّيْلَةِ عِشْرِيْنَ مَرَّةً۔

''રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની ખિદમતે આલીમાં અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم શું શહીદોની સાથે પણ કોઈનો હશ્ર થશે ? આપે ફર્માવ્યું, હા ! **જે શખ્સ રાત તથા દિવસમાં મૌતને વીસ વખત યાદ કરે તેનો હશ્ર શહીદોની સાથે થશે.**

## ★ મૌતને યાદ કરવાના ફાયદા ★

મૌતને યાદ કરવાના બારામાં આટલા પ્રમાણમાં તાકીદ એટલા માટે કરવામાં આવી છે કે તેના આધારે મુસલમાન બંદાને અગણિત ફાયદા હાંસલ થાય છે. મુફસ્સિરે શહીર હઝરત અલ્લામા જલાલુદીન સિયૂતી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ લખે છે કે અમુક ઉલમાથી નક્લ થયેલ છે કે જે શખ્સ મૌતને કષરતથી (ખૂબ જ પ્રમાણમાં) યાદ રાખે તેને અલ્લાહ તબારક વ તઆલા ત્રણ વાતોની તૌફીક અતા કરે છે.

**૦૧. તૌબામાં જલ્દી** : જો તેનાથી કોઈ ગુનોહ થઈ જાય તો તે જલ્દીથી જલ્દી તૌબા કરીને

http://www.barkatekhwaja.net

ગુનાહ માફ કરાવવાની કોશિશ કરે છે કે ક્યાંક તૌબા વિના મૌત ન આવી જાય.

**૦૨. ક઼નાઅત (થોડામાં રાજી) પસંદ દિલ :** મૌતને યાદ રાખનાર લોભ લાલચમાં નથી પડતો બલ્કે જે કાંઈ તેને મયસ્સર થાય છે તેના પર રાજી રહે છે અને આ કનાઅત (થોડામાં સંતોષ) તેને માનસિક શાંતિ તથા દિલી રાહત અર્પણ કરે છે, કેમ કે તે એવો ખયાલ કરે છે કે આ ટૂંકી સરખી જિંદગી જે રીતે પણ પસાર થઈ જાય પસાર કરી લઈએ, વધારેની ફિકર નિરર્થક રહેશે.

**૦૩. ઈબાદતમાં એકગ્રતા :** મૌતને દિમાગમાં રાખીને જ્યારે ઈબાદત કરવામાં આવે છે તો સંપૂર્ણ દિલ લગાડીને પૂરી એકાગ્રતા સાથે ઈબાદત થાય છે. કેમ કે એવી કૈફિયતની સાથે નમાઝ પઢનાર હમેશાં એ ખતરો મેહસૂસ કરે છે કે ખબર નહીં ફરી ઈબાદતનો મોક઼ૌ મળે કે ન મળે, જેથી હમણા તેને જેટલી સારી બનાવી લઈએ એ ગનીમત છે. તેમજ તેને ઈબાદત પર મળનારા આખેરતના મહાન બદલાના વિશે કામિલ યક઼ીન હોય છે, જેના આધારે તેને ઈબાદતમાં કૈફ તથા સુરૂર (ખુશી) નસીબ થાય છે.

http://www.barkatekhwaja.net

## ★ મૌતના ઉલ્લેખથી બેધ્યાનપણાનાં નુકસાનો ★

**૦૧. તૌબામાં ટાળમટોળ :** એટલે જો તેનાથી કોઈ ગુનોહ થઈ જાય તો તૌબા કરવામાં ટાળમટોળ કરતો રહે છે અને ઈસ્તિગફારમાં જલ્દી નથી કરતો અને કેટલીક વાર એ જ હાલતમાં તેનું મૃત્યુ થઈ જાય છે.

**૦૨. લાલચનું વધી જવું :** જ્યારે મૌતની યાદ નથી રહેતી તો માણસની હવસ વધી જાય છે અને જરૂર જેટલી રોજી પર રાજી નથી રહેતો, બલ્કે هَلْ مِنْ مَّزِيْدٍનો નારો લગાડવા માંડે છે. મૌતથી ગફલતના લીધે મનસૂબાઓ પર મનસૂબા બનાવતો ચાલ્યો જાય છે જેનો અંજામ એ નીકળે છે કે આરઝૂઓ રહી જાય છે અને મૌત આવીને જિંદગીનો ક્રમ ખત્મ કરી દે છે.

**૦૩. ઈબાદતમાં સુસ્તી કરવી :** જ્યારે માણસ મૌતથી ગાફિલ રહે છે તો ઈબાદત કરવામાં કુદરતી તૌર પર (સ્વભાવિકપણે) સુસ્તી જાહેર થાય છે, ખુશી અદશ્ય થઈ જાય છે. પ્રથમ તો ઈબાદત કરતો જ નથી અને કરે પણ છે તો તે તબીઅત પર ખૂબ જ અઘરી લાગે છે. આ ભારે પડવું કેવળ એના કારણે છે કે માણસને એ યાદ જ નથી રહેતુ કે આપણને મૃત્યુ બાદ આ જિમ્મેદારીઓના બારામાં સવાલ કરવામાં આવનાર છે. જો ખુદા નખ્વાસ્તા ત્યાં રઝાએ ખુદાવંદીના પ્રમાણે જવાબ ન થયો તો એવી બેઈજ્જતી થશે જેની સરખામણીમાં દુનિયાની સર્વ બેઈજ્જતીઓ તથા અપમાનો તુચ્છ છે.

*(શરહુસ્સુદૂરમાંથી ટૂંકાવીને, પેજ–૨૬)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૩૫૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧




હપ્તો : ૦૨

લેખક : હઝરત મૌલાના ઈલ્યાસખાન નૂરી
(મુ. રતનપુર, તા. માતર, જિ. ખેડા)
અનુવાદક : ફરજાના સાજિદ પટેલ-દયાદરા

## વુઝૂ અને મેડિકલ સાયન્સ

નમાઝ પઢવાથી પહેલાં ચેહરો ધોવો, બંને હાથ કોણીઓ સુધી ધોવા, ગરદન અને માથાનો મસહ કરવો અને બંને પગો ઘૂંટી સુધી ધોવા, એને શરીઅતની બોલીમાં વુઝૂ કહેવામાં આવે છે. આવો ! વિચારો કે વુઝૂથી તંદુરસ્તીને શું શું ફાયદા છે ?

ડોકટરોના કહ્યાનુસાર જંતુઓ વધારે કાનો, નાકો અને મોંના રસ્તાથી શરીરમાં પ્રવેશે છે. અને વુઝૂ એ રસ્તાઓનું રક્ષક છે જેના લીધે તંદુરસ્તીનો દુશ્મન શરીરમાં પ્રવેશે છે. કદાચ જ આવો હિફાઝત કરવાવાળો કોઈને મળે !

### ★ એક ચીની વૈજ્ઞાનિકની શોધ ★

વુઝૂના વિશે એક ચીની વૈજ્ઞાનિક આઈ. યુ. ટેગજૂનું કહેવું છે કે ચેહરો ધોવાના કારણે પેટ, નાનું આંતરડુ, છાતી, મોટુ આંતરડુ વગેરે પર અસર થાય છે. જેના કારણે માણસને આંખ આવવી, ચક્કર, કમજોરી, દાંતોની બીમારીઓ, માથાનો દુ:ખાવો, મગજનો થાક અને ગભરામણ વગેરેથી વુઝૂ બચાવી રાખે છે. અને ચાર પાંચ વખત મોં ધોવું લોહીના દબાણને ઓછું કરે છે. બલ્ડ પ્રેશર જેવી ખતરનાક અને તકલીફ આપવાવાળી બીમારીથી બચાવે છે. હવે તમે જાતે જ વિચારો કે ઈસ્લામ ચડતીનું નામ છે કે પડતીનું ?

ઈસ્લામિક હુકમો અને સામાજિક કાયદાઓ વ્યકિત, સમાજ અને આમ માણસોના માટે ફાયદામંદ છે કે નુકસાનકારક ? ઈસ્લામના આ જ કાયદાઓ અને લાભદાયી હુકમો પર વિચાર કરો, જો તમે આમ કરવાનું શરૂ કરી દેશો તો ઈસ્લામની સલામતી વ્યવસ્થા આપના સમક્ષ જાહેર થઈ જશે.

હુઝૂરે અકરમ ﷺએ સંપૂર્ણ તંદુરસ્તીના વિશે ઘણી જ જરૂરી હિદાયતો ઉમ્મતને આપી છે જે આજે પણ તંદુરસ્તીને કાયમ રાખવા માટે ઘણી જ જરૂરી છે, જેથી દુનિયવી કાયદો (W.H.O.) અને આધુનિક મેડિકલ સાયન્સ પણ આ જ નિયમોને અપનાવવા પર મજબૂર જોવામાં આવે છે. વાસ્તવમાં ઈસ્લામ તંદુરસ્તીનો માર્ગ છે. જો સમજતા હોઉ તો સમજો, નહીં તો ઈસ્લામની કેળવણી પર સંશોધન કરો કે ઈસ્લામ માણસોને શું આપે છે અને વિજ્ઞાન શું ઈચ્છે છે અને આધુનિક ફેશને શું આપ્યું છે ?!

### ★ હાથને ધોવા ★

વુઝૂમાં સૌ પ્રથમ ત્રણ વાર હાથ ધોવામાં આવે છે. એવું શા માટે છે એ તમે કદી વિચાર્યુ ? જો તમે વિચારશો તો એ પરિણામ પર આવી જશો કે હાથ ધોયા પછી આપણે કોગળા કરવાના છે. જો આપણા હાથમાં કેમિકલ્સ લાગેલ હશે કે આપણા હાથ ગંદા અને જંતુઓવાળા હશે તો એ જ જંતુઓ મોંના દ્વારા પ્રવેશી આપણી તંદુરસ્તી બગાડી નાખશે અને વિવિધ બીમારીઓમાં આપણે સપડાઈ જશું.

### ★ ડોકટર સીલની રિસર્ચ ★

પ્રીન્ટો એન્ડ સોશ્યલ મેડિસીનમાં ડોકટર સીલ લખે છે કે જો હાથોને ભલે એ કેમિકલવાળા હોય કે ન હોય પણ એમને સવારથી લઈને સાંજ સુધી ધોવામાં ન આવે તો ખાંસી, હાંફ ચડવી, તાવ, ફોલ્લાઓ, ફોલ્લીઓ, કબજીયાત, પેશાબનું વધારે થવું, મસા, બલ્ડ પ્રેશર, ડાયાબીટિસ વગેરે જેવી ઘણી જ બીમારીઓ પૈદા થઈ

http://new.barkatekhwaje.net

શકે છે. એટલા માટે ઈસ્લામના પૈગમ્બરે પોતાના માનવાવાળાઓને નમાઝના બહાને વુઝૂ દરમિયાન હાથોને ત્રણ વાર ધોવાનો હુકમ કર્યો જેથી તેમની ઉમ્મત આ ખરાબ બીમારીઓથી બચેલી રહે. એટલા માટે ઈસ્લામે દરેક નમાઝમાં તાજા વુઝૂને અગ્રતા આપી છે અને હમેશાં વુઝૂમાં રહેવાને ઘણુ જ સારું કહ્યું છે. જેથી અંગો જે દેખીતી રીતે ધંધા કારોબારમાં ધૂળ, કચરો અને જંતુઓથી મલીન થાય છે તે દિવસમાં ઓછામાં ઓછું પાંચ વાર પાક સાફ થયા કરે.

### ★ અંગોના ધોવામાં પણ ક્રમનું મહત્વ ★

ડોકટરોના મંતવ્યાનુસાર આ અંગોની સફાઈમાં પણ એવો બાકાયદા ક્રમ હોવો જોઈએ કે ઘણા થોડા સમયમાં સંપૂર્ણ સફાઈ થઈ જાય અને કોઈ એક અંગ ધોવાતાં એના ધોયેલ પાણીથી કોઈ બીજુ અંગ ખરડાવા પામે. દા.ત. જો આપણે કોઈ નિયમ વગર પહેલા એ અંગોની સફાઈ કરી લીધી કે જેને જો આપણે પછી ધોઈએ તો એ બીજા ધોયેલ અંગ પર ધોવણ પસાર થવાના કારણથી એ ફરીથી ગંદકીથી મલીન થઈ જશે. દા. ત. હાથોને સારી રીતે ધોયા પહેલાં જો મોં કે દાંત સાફ કરીએ તો જાણે કે હાથોથી મલીન જંતુઓ કે કેમિકલને મોં અને દાંતોમાં પહોંચાડી દીધાં અથવા ચેહરો ધોઈને નાક સાફ કર્યું તો નાકની લીટ ચેહરાના કોઈ ન કોઈ ભાગને ગંદો કરી શકે છે. તો આવી ક્રમ વગરની સફાઈ કદી પણ ડોકટરી દ્રષ્ટિએ સાચે જ તદન ફાયદાકારક નથી થઈ શકતી.

વુઝૂ જેવી રીતે બાહ્ય શરીરની નાપાકી અને ગંદકીને દૂર કરી દે છે એવી રીતે આંતરિક ગંદકીને પણ દૂર કરી દે છે. સરકાર ﷺનું ફર્માને આલીશાન છે કે જે વ્યક્તિ સારી રીતે વુઝૂ કરશે તો એના તમામ ગુનાહ શરીરથી ખરી જશે ત્યાં સુધી કે નખોની નીચેના પણ તમામ ગુનાહ. *(બુખારી શરીફ)*

ડોકટર હકીમ કુદરતુલ્લાહ કાદરી (M.D.) માજી પ્રિન્સિપાલ ઉષ્માનિયા યુનિવર્સિટી હૈદરાબાદ પોતાની કિતાબ **''ઈસ્લામ અને મેડિકલ સાયન્સ''**માં અને ડોકટર સીલ પોતાની કિતાબ ''પ્રિન્ટો એન્ડ સોશયલ મેડિસીન''માં લખે છે કે જ્યારે આપણે પાણીથી હાથ ધોઈએ છીએ તો આંગળીઓનાં બેડકાંઓમાંથી નીકળ વાવાળાં કિરણો (RAYS) એક એવું વર્તુળ બનાવી લે છે જેના પરિણામ સ્વરૂપે આપણામાં હલન ચલન કરવાવાળી વીજ વ્યવસ્થા તેજ થઈ જાય છે. અને આ કામ કરવાથી હાથ પગો અને ચેહરો ખૂબસૂરત અને નૂરાની થઈ જાય છે. ઈ.સ. ૧૯૮૦ માં ડોકટર ટોસ (TOSS) એ સાબિત કર્યું કે શરીરના કોઈ ભાગને અડકવાથી કે પાણીથી ભીંજાવવાથી હલકાં વિદ્યુત મોજાં (ELECTRIC WAVES) પેદા થાય છે.

### ★ કોગળા કરવા ★

વુઝૂમાં કોગળા કરવા (કુલ્લી કરવી) સુન્નત છે, આ એટલા માટે હુકમ છે કે જે પાણી આપણે વાપરી રહ્યા છીએ તે તંદુરસ્તીના માટે નુકસાનકારક તો નથી ?! કેમ કે હાથ પાણીને સ્પર્શે છે અને કોગળાથી રંગ તથા બૂ અને સ્વાદની પરખ થાય છે. આપણે હવામાં અસંખ્ય ખતરનાક જંતુઓને નથી જોઈ શકતા પરંતુ તે ખતરનાક જંતુઓ આપણા મોં માં હવાના માર્ગે જતાં રહે છે અને થૂકમાં મળીને ચોંટી જાય છે. જો કોગળા કરીને મોં ને સાફ કરવામાં ન આવે તો મોંની જુદી જુદી બીમારીઓમાં માણસ સપડાઈ જાય છે. આના વિશે ડોકટર હકીમ મુહમ્મદ તારિક (ગોલ્ડ મેડલિસ્ટ) પોતાની કિતાબ ''સુન્નતે નબવી અને આધુનિક વિજ્ઞાન''માં લખે છે કે એઈડ્ઝની પ્રારંભિક નિશાનીઓમાં મોં પાકવું પણ દાખલ છે. મોંના કિનારાઓનું ફાટવું, છાલા વગેરે થઈ જવું પણ દાખલ છે. આગળ લખે છે કે કોગળા કરવા એક એવું કામ છે જેનાથી માણસ એવી બીમારીઓથી બચી જાય છે જે બીમારીમાં માણસ ન દીનનો રહે છે ન દુનિયાનો.

તદ્‌ઉપરાંત કોગળાની સાથે સાથે ગરગરા કરવા જેનાથી નમાઝી અને કોગળા કરવાવાળો ટોન્સીલ અને

http://new.barkatekhwaja.net

ગળાની અસંખ્ય બીમારીઓથી બચી જાય છે. ત્યાં સુધી કે ગળામાં વારંવાર પાણી પહોંચાડવું માણસને ગળાના કેન્સરથી બચાવે છે. *(સુન્નતે નબવી ઔર જદીદ સાયન્સ)*

### ★ નાકમાં પાણી નાખવું (જે સુન્નત છે) ★

નિષ્ણાંત હાઈડ્રો પીથી એટલે પાણીથી થતા ઈલાજના નિષ્ણાંતોની દ્રષ્ટિએ નાકમાં પાણી નાખવું નજરોને તેજ કરે છે અને કાયમી શરદીના માટે ઘણુ જ ફાયદાકારક છે. આંતર રાષ્ટ્રિય તંદુરસ્તીની સંસ્થા (W.H.O.) અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની આધુનિક તપાસનો રિપોર્ટ જે ઈ.સન. ૧૯૯૩ માં હિંદુસ્તાનમાં કોઢના સંબંધમાં આપવામાં આવ્યો છે એમાં નાકની સફાઈને ખાસ મહત્વ આપવામાં આવ્યું છે. જેમાં એ જણાવવામાં આવ્યું છે કે કોઢના જંતુઓ બધાથી પહેલા નાકને જ પોતાનું રહેઠાણ બનાવે છે.

હવે આપણે વુઝૂની બરકતથી નાકમાં દિવસમાં પાંચવાર પાણી નાખીને સાફ કરીએ છીએ એટલા માટે અવકાશ જ નથી કે કોઈ પ્રકારનું કોઈ જતું નાકમાં પોષણ પામે.

### ★ ચેહરો ધોવો ★

આધુનિક એટમી યુગમાં જ્યારે કે દરેક બાજુ એટમી ધમાકાઓ ધડાકાઓ થઈ રહ્યા છે. વાતાવરણના નિષ્ણાંત વારંવાર જણાવી રહ્યા છે કે દરેક બાજુ વધારેથી વધારે વૃક્ષો વાવો જેથી પ્રદુષણ ઓછુ થાય અને ખુલ્લા ભાગોને વારંવાર ધોવામાં આવે જેથી ત્વરિતપણે બીમારીઓથી માણસ સુરક્ષિત રહે. ચેહરો ધોવાથી એક ફાયદો એ છે કે ચેહરા પર દાણા તથા મસા નથી નીકળતા એટલા માટે ચેહરાની ખૂબસૂરતીને સારી રાખવાના માટે જરૂરી છે કે એને વારંવાર ધોવામાં આવે.

અમેરિકન ફોર બ્યૂટીની એક સ્ત્રીનું કહેવું છે કે મુસલમાનોને કોઈ કીમીયામય લોશનની જરૂરત નથી, એમના માટે ઈસ્લામી વુઝૂથી ચેહરો ધોવાઈ જાય છે અને ચહેરાની બીમારીઓથી તે બચી જાય છે.

### ★ ચેહરાની એલર્જી ★

ડોકટર મુહમ્મદ તારિક પોતાની કિતાબમાં ''સુન્નતે નબવી ઔર જદીદ સાયન્સ''માં લખે છે કે એક બીમારનો ચહેરો દરેક વખતે ગરમ રહેતો હતો. દરેક પ્રકારની એલર્જી વિરૂધ્ધની દવાઓનો ઉપયોગ કર્યો પણ કાંઈ પણ ફાયદો થયો નહીં. મેં એને નમાઝ પઢવા અને દરેક નમાઝમાં નવું તાજા વુઝૂ કરવાની તાકીદ કરી. એણે એ અમલ એકધારો ચાલુ રાખ્યો, થોડાક દિવસો પછી એના ચહેરાની એલર્જી મટી ગઈ. પર્યાવરણના નિષ્ણાંત આ વાતથી એકમત છે કે એલર્જીથી બચવા માટે ચહેરાને વારંવાર ધોવામાં આવે અને એવું માત્ર વુઝૂના કારણથી જ થઈ શકે છે. ચેહરાને ત્રણવાર ધોવો સુન્નત છે અને આ સુન્નતમાં ભેદ એ છે કે પ્રથમ ચેહરા પર પાણી નાખીને મેલને નરમ કરો, બીજા પાણીથી એનો મેલ ઉતરી જશે, અને ત્રીજાથી ચેહરો ધોવાઈને ચોખ્ખો ચટ થઈ જશે.

### ★ વુઝૂ અને આંખમાં મોતીનો ઈલાજ ★

એક યૂરોપિયન ડોકટર પોતાના સંશોધનમાં લખે છે કે જેવી રીતે ધૂળ–કચરો અને કેમિકલ નાક, કાન અને મોં ને અસર કરે છે એવી રીતે આ ધૂળ–કચરો આંખોને પણ અસર કરે છે એટલા માટે આંખોને દરરોજ પાણીથી કેટલીયે વાર ધોતા રહો, નહીં તો તમારે ખતરનાક બીમારીઓમાં સપડાવું પડશે.

આ જ કારણે મુઅલ્લિમે ઈન્સાનિય્યત પૈગમ્બરે ઈસ્લામ ﷺ દિવસમાં પાંચ વાર વુઝૂ કર્યા કરતા હતા. આજે સંશોધન અને વિજ્ઞાનની દુનિયા કહે છે કે આંખોમાં મોતીનો પાયાનો ઈલાજ એ છે કે માણસ આંખોની અંદર દિવસમાં કેટલીયવાર પાણીની છાલક મારે. હવે જે માણસ નમાઝનો પાબંદ હશે તે દિવસમાં પાંચ વાર વુઝૂ કરશે જેના કારણે એની આંખોની આ બીમારી નષ્ટ થઈ જશે.

વિચારો ! હુઝૂર ﷺની આ એક સુન્નતમાં કેટલાં વૈજ્ઞાનિક પાસાંઓ અને હિકમતો છુપાયેલ છે. ડોકટર હૂક નોર્ડનર પોતાની કિતાબ ''વૈજ્ઞાનિક વાસ્તવિકતાઓ''માં લખે છે કે એક દિવસ જરૂર આવશે કે આખી દુનિયાના સંશોધકો અને વૈજ્ઞાનિકો ઈસ્લામના પૈગમ્બરની સુન્નતોના ફાયદાઓ સ્વીકારવા પર મજબૂર થશે અને ઈસ્લામ દુનિયાના તમામ નીચા અને મઝલૂમ માણસોના માટે અંતિમ સલામતીનું ઘર હશે. વિજ્ઞાન જેમ જેમ ઉન્નતી કરશે તેમ તેમ ઈસ્લામની સચ્ચાઈ દુનિયાની સામે આવતી જશે અને ઈસ્લામી કાયદાઓ અને હુકમોને સમજવામાં મદદ મળશે.

### ★ દાઢીમાં ખિલાલ ★

જો કોઈની દાઢી ગાઢ અને ગીચ છે તો એના માટે શરીઅતનો હુકમ છે કે તે વુઝૂ કરતી વખતે દાઢીને ખિલાલ કરે. આમ કરવાથી વાળના મૂળ સુધી પાણી પહોંચી જાય છે અને વાળોના મૂળ મજબૂત થઈ જાય છે. ડોકટર જ્યોર્જ એલ. ''વિજ્ઞાની દુનિયા''ના હવાલાથી લખે છે કે આવું કરવાથી સામાન્ય જંતુઓ પાણીની સાથે વહીને નષ્ટ થઈ જાય છે અને દાઢીના વાળોનાં મૂળમાં જો પાણી રોકાઈ જાય તો એ રાઉન્ડ ગ્લેન્ડ અને ગળાની તમામ બમારીઓથી સુરક્ષિત રાખે છે.

### ★ કોણીઓ સુધી ધોવું ★

બંને હાથોને કોણીઓ સુધી ધોવા ફર્ઝ છે અને નબીની સુન્નત પણ છે. સામાન્યતઃ એ ભાગ ઢંકાયેલો રહે છે જેથી જો એને હવા અને પાણી ન લાગે તો દિમાગી અને રગોની બીમારીઓ પેદા થઈ જાય છે. મેડિકલ સાયન્સ અને તમામ ડોકટરોનું કહેવું છે કે કોણી પર ત્રણ મોટી નસો હોય છે જેનો સીધો સંબંધ દિલ, દિમાગ અને જિગરથી છે જેથી જ્યારે આપણે હાથને કોણીઓ સુધી ધોઈએ છીએ તો ત્રણેવ આંતિરક અંગોને તાકાત મળે છે.

### ★ માથુ અને ગરદનનો મસહ ★

માથુ દરેક વ્યકિતના શરીરમાં બધાથી વધારે મહત્વ ધરાવે છે. કાંકરાઓ, પત્થરો અને પોતે બનાવેલ ચીજોની સામે નમાવવાના બદલે એક ખુદાની સામે જ નમાવવામાં આવે. બાતિલ મઅબૂદની સામે માથુ નમાવવું ઈન્સાનિયતની સૌથી મોટી તૌહીન છે. વુઝૂમાં માથાનો મસહ કરવો ફર્ઝ કરવામાં આવ્યો છે. પાણીથી ભીના હાથને માથા અને ગરદન પર ફેરવવો એ જ મસહ છે. મેડિકલ સાયન્સની શોધખોળના મુતાબિક માથાના મસહથી સાંધાની બીમારી, ચક્કર, શરદી, ઊંઘની કમી મટે છે અને આંખોની રોશની તેજ થાય છે. દિમાગી ઠંડકથી શાંતિ થાય છે. ગરદન જેને ધોળી નસ પણ કહે છે, અલ્લાહ તઆલા કુર્આનમાં ફર્માવે છે જેનો અર્થ એ છે કે, અય મારા બંદાઓ ! હું તમારી ધોળી નસથી પણ વધારે નજીક છું. તબીબ આલિમો (નિષ્ણાતો) કહે છે કે વુઝૂમાં ગરદનનો મસહ કરવાથી શરીરને એક ખાસ તાકાત મળે છે જેનો સંબંધ કરોડની હાડકીની અંદરના માવા તથા તમામ શારીરિક સાંધાઓથી છે. જ્યારે કોઈ નમાઝી ગરદનનો મસહ કરે છે તો હાથોના દ્વારા વિદ્યુત કરંટ નીકળીને સ્પાઈનલ કાર્ડમાં ભેગો થઈ જાય છે અને કરોડરજ્જુની હાડકીથી પસાર થતાં શરીરની આખી શારીરિક વ્યવસ્થાને તાકાત અર્પે છે.

### ★ ફ્રેન્ચ સર્જન અને પાગલખાનાં ★

અત્રે ડોકટર હકીમ મુહમ્મદ તારિકની કિતાબથી એક બનાવ લખી રહ્યો છું : તેઓ પોતાની કિતાબમાં લખે છે કે અમારો એક મિત્ર ફ્રાન્સ ગયો તે નમાઝી હતો. ત્યાં એક મોકા પર તે નમાઝ પઢવાને માટે વુઝૂ કરી રહ્યો હતો તો નજીક એક માણસ ઊભો રહીને ધ્યાનથી એના આ કામને જોઈ રહ્યો હતો. મિત્રે અનુભવી તો લીધુ પરંતુ વુઝૂ કરતો રહ્યો. જ્યારે વુઝૂથી પરવાર્યો તો એ માણસે મારા મિત્રને પૂછયું કે તમે કોણ છો ? એણે કહ્યું કે હું મુસલમાન છું અને પાકિસ્તાનથી આવ્યો છું.

http://new.barkatekhwaja.net

કહેવા લાગ્યો, એ તો જણાવો કે પાકિસ્તાનમાં કેટલાં પાગલખાનાં છે ? એનો આ ઘણો જ અજબ સવાલ હતો એટલા માટે મારા મિત્રએ કહ્યું, વધારેમાં વધારે બે–ચાર હશે ! કહેવા લાગ્યો, અત્યારે તમે શું કર્યું ? એમણે કહ્યું કે વુઝૂ કર્યું છે. કહેવા લાગ્યો, આવું જ દરરોજ કરતા રહો છો ? હા ! દરરોજ દિવસમાં પાંચ વાર કરતો રહું છું. તે આશ્ચર્યમાં પડી ગયો અને કહેવા લાગ્યો, અહીંયા (MENTAL)દિમાગી બીમારીના માટે ઈસ્પિતાલ છે એમાં હું મગજનો નિષ્ણાત સર્જન છું. વિચારતો રહું છું શોધ કરતો રહું છું કે લોકો પાગલ કેમ થઈ જાય છે મારી શોધ એવું જણાવે છે કે માણસોના દિમાગથી સિગ્નલ પૂરા શરીરમાં જાય અને અમારા શરીરના અંગો સિગ્નલ મેળવીને કામ કરે છે. અને દિમાગ દરેક સમયે પાતળા વહેતા પ્રવાહીની અંદર તરી (FLOAT) રહ્યું છે, એટલા માટે આપણે દોડીએ છીએ, કૂદીએ છીએ, ફરીએ છીએ અને દિમાગને કાંઈ નથી થતું જો તે કોઈ પાતળી (RIGLID) હોત તો અત્યાર સુધી તૂટી ચૂકી હોત. અલ્લાહએ એને પ્રવાહીની અંદર રાખેલ છે. આ દિમાગથી અમુક બારીક નસો (CONDUCTOR) બનીને આવી રહી છે જે આખા શરીરમાં જાય છે. મારી રિસર્ચમાં એ વાત આવી છે કે મસહવાળી જગા ગરદન દિવસમાં બે–ચાર વાર પાણીથી ભીની કરવામાં આવે તો માણસ કદી પણ પાગલ નથી થઈ શકતો. જેથી ગરદનના મસહ કરવાથી લૂ લાગવી અને ગરદન તોડ તાવ ખતમ થઈ જાય છે.

વિચાર કરો ! એક એક સુન્નતમાં તંદુરસ્તીની હિફાઝતના કેટલા નિયમો સમાયેલા છે. જો એક એક સુન્નત પર સંશોધન કરવામાં આવે તો તબીબી જ્ઞાન તથા હિકમતનું એક નવુ પ્રકરણ ખુલતુ જશે.

### ★ પગોનું ધોવું ★

બંને પગોનું ધોવું નબીની સુન્નત છે જે વુઝૂમાં ફર્ઝ કરી દેવામાં આવ્યું છે. એક સર્જન પોતાના ડાયાબીટીસના દર્દીઓને કહે છે, જેવી રીતે તમે તમારા ચહેરાની હિફાઝત કરો છો બિલકુલ એ જ રીતે પગોની હિફાઝત કરો. કેમ કે સુગરના દર્દીઓને પગોનું ઈન્ફેકશન વધારે થાય છે. હવે જો દર્દી બંધ બૂટનો ઉપયોગ કરે છે અને માત્ર સવાર સાંજ બૂટ કાઢે છે જેમ કે યૂરોપના પ્રગતિશીલ લોકો કેટલાય દિવસો સુધી બૂટ કાઢતા જ નથી ! રાત્રે પણ બૂટ પહેરેલ હાલતમાં જ સૂઈ જાય છે. એવા લોકો ઘણા જલ્દી પગોની બીમારીઓમાં સપડાઈ જાય છે. મોટા ભાગે પગોમાં ધૂળ, કચરો અને જંતુઓ જામી રહેવાથી આપણા પગો ખરાબ થાય છે અને સૌ પ્રથમ જે ઈન્ફેકશન શરૂ થાય છે તે પગોની આંગળીની વચમાં શરૂ થાય છે.

હવે તમે વિચારો ! ઈસ્લામે દિવસમાં પાંચ વાર હાથ, પગો ધોવા અને આંગળીઓના ખિલાલનો હુકમ આપ્યો છે જેથી કોઈ પ્રકારનાં કોઈ જંતુઓ અટકીને રહી ન જાય. સ્વાસ્થ્યની રક્ષાના નિષ્ણાંતોના સંશોધન પ્રમાણે હાથ, પગો ધોવાથી ડિપ્રેશન, બેચૈની, દિમાગનું સુકાવુ અને અસંખ્ય બીમારીઓ ખતમ થઈ જાય છે. યૂરોપ અને અમેરિકામાં માલીશની રીતે (ફિઝિયોથેરાપી) કરવાવાળા ડોકટર ઘણી બધી બીમારીઓનો ઈલાજ પગના તળિયાઓને રગડી રગડીને ધોવાથી કરે છે અને કહે છે કે આમ કરવાથી તમામ બીમારીઓથી છૂટકારો મેળવી શકાય છે.

### ★ કોઈ કોઈ વાર ખુલ્લા પગે ચાલવું ★

પૈગમ્બરે ઈસ્લામ ﷺની આદતોમાં આ પણ શામિલ હતું કે આપ કોઈ કોઈ વાર ખુલ્લા પગે ચાલતા હતા, ખાસ કરીને સવાર સવારમાં ઊઠીને.

બૂટ બંધ હોય છે અને કાયમ માટે પેહરવાથી બંધ બૂટ અસંખ્ય બીમારીઓનું કારણ બની શકે છે. ખાસ કરીને સુક્ષ્મ બીમારીનાં જંતુઓ બૂટ તંગ અને ફીટ હોવાના કારણે અંદર અંદર ફેલાતાં રહે છે. હવે જો એ

http://newbarkatekhwaja.net

પગોને જમીન પર રાખશો તો એને હવા લાગશે જેથી ફોલ્લા પાડતા જંતુઓ તથા વાઈરસને નષ્ટ કરશે, પગો પર માટી લાગશે અને માટીમાં સડાના અવરોધક તત્વો હોવાના કારણથી જંતુઓ નષ્ટ થઈ જશે. જો બૂટ રબર કે પ્લાસ્ટિકના છે તો એનાથી પગોમાં ગરમી પેદા થાય છે. એ અલગ વાત છે કે આજે ગરમીના આપણે બધા આદી બની ગયા છીએ. એના માટે જરૂરી છે કે પગોને બૂટમાંથી બહાર કાઢીને ચાલવામાં આવે, ખાસ કરીને દરરોજ સવારમાં આમ કરવાથી દિમાગની કમજોરી, સુકાઈ જવું અને ટેન્શનથી વ્યકિત મેહફૂઝ થઈ જાય છે. ડોકટર સરજેમ્ઝ (કેનેડા) અને તમામ તબીબો ખાસ જોર આપે છે કે સવાર સવારમાં ઘાસ અને માટી પર ખુલ્લા પગે ચાલ્યા કરો એનાથી જોવાની શકિતમાં વધારો થશે, આંખોની બીમારીઓથી સલામત રહેશો અને દિમાગમાં ઠંડક રહેશે.

### ★ વુઝૂ અને હાઈ બ્લડ પ્રેશર ★

વુઝૂ દરમિયાન જ્યારે આપણે આપણો ચેહરો અને કોણીઓ સુધી હાથ પગો ધોઈએ છીએ અને માથુ અને ગરદનનો મસહ કરીએ છીએ તો આપણી અંદર દોડવાવાળા લોહીને એક નવી જિંદગી મળે છે જેનાથી આપણને સંતોષ મળે છે અને આ સુકૂનથી આપણી આખી રગોની વ્યવસ્થા પ્રભાવિત થાય છે. સંતોષકારક નસોથી દિમાગને આરામ મળે છે. માથુ, ફેફસાં, દિલ અને જિગર વગેરેની કામગીરી બરાબર થાય છે. નસોની ઢીલાશ અને આળસ સુસ્તી દૂર થઈ જાય છે.

શરીઅતનો હુકમ છે કે જ્યારે ગુસ્સો આવે તો વુઝૂ કરી લો અને તબીબી રીત પણ આ જ કહે છે, જ્યારે બ્લડ પ્રેશર વધારે થાય તો વુઝૂ કરી લો. શરીઅતી અને તબીબી બંનેના નિયમોની સરખામણી કરો તો તારણ એ વાત આવશે કે ગુસ્સામાં બ્લડ પ્રેશર હાઈ થઈ જાય છે અને દિલના દર્દીઓનું જ્યારે બ્લડ પ્રેશર હાઈ થઈ જાય છે, તો એ દર્દીઓનો ઈલાજ વુઝૂ છે. ખૂદ મેડિકલ સાયન્સ અને દિલની બીમારીઓના નિષ્ણાંતોનો અનુભવ છે કે હાઈ બ્લડ પ્રેશરના દર્દીને વુઝૂ કરવો પછી તેનું બ્લડ પ્રેશર ચેક કરો તો અવશ્ય પહેલાં કરતાં કમ થશે.

યૂરોપી નિષ્ણાંતો હૃદયના બીમારીવાળાને દરરોજ કેટલીયવાર વુઝૂની જેમ શરીર પર પાણી લગાવડાવે છે અને ઈસ્લામે પહેલાં જ ફર્માવી દીધું કે વુઝૂ કરો.

ઈસ્લામની તાલીમાત અને તેના ફાયદાઓનું ક્ષેત્ર માત્ર મુસલમાનો સુધી મર્યાદિત નથી પરંતુ ગેરમુસ્લિમ પણ એની તાલીમાત અને હિદાયતોથી પૂરેપૂરો ફાયદો ઉઠાવી રહ્યા છે. જેથી દુનિયાના જેટલા મોટા મોટા સંશોધકો, બુધ્ધિશાળીઓ અને વૈજ્ઞાનિકો છે એ બધાએ ઈસ્લામે બતાવેલ પધ્ધતિઓના થકી ઉન્નતિ કરી છે. એમાં કોઈ શંકા નથી કે ઈસ્લામ દરેક વ્યકિતની શોધનો સહીહતરીન (સચોટ) જવાબ છે.

### ★ પશ્ચિમ જર્મનીનો સેમીનાર ★

પશ્ચિમ જર્મનીમાં એક સેમીનાર યોજાયો જેનો મુદ્દો હતો ડિપ્રેશનનો ઈલાજ દવાઓ સિવાય બીજી કઈ કઈ રીતોથી કરવામાં આવે છે, એ સેમીનારમાં એક ડોકટરે જણાવ્યું કે એણે ડિપ્રેશનના અમુક દર્દીઓને દરરોજ પાંચવાર મોઢું ધોવડાવ્યું એ અમલથી એમની બીમારી ઘણી જ ઓછી થઈ ગઈ ત્યાં સુધી કે એ અમલ ચાલુ રાખ્યો તો તે તંદુરસ્ત થઈ ગયા. અને ડોકટરે એ પણ કહ્યું કે, જે લોકોને આ બીમારી લાગેલી છે એમાં વધારે પડતા ગેરમુસ્લિમમાં આ બીમારી છે, મુસલમાનોમાં ઓછી એટલા માટે છે કે તેઓ દિવસમાં પાંચ વાર હાથ પગો મોઢું ધૂએ છે એટલે કે વુઝૂ કરે છે એટલા માટે તેઓ ડિપ્રેશનનો શિકાર ઓછા થાય છે.

ઈસ્લામે કાયદાની રીતે વુઝૂને ઈબાદતના માટે જરૂરી અને ફર્ઝ ગણાવ્યું છે. જેથી જિંદગીનો મકસદ એટલે ઈબાદતની સાથે સાથે શરીરની તંદુરસ્તી તથા સફાઈનો મકસદ પણ પાંબદીની સાથે પૂરો થતો રહે. *(ક્રમશઃ)*

http://www.barkatekhwaja.net

# મુસ્લિમ સ્ત્રીઓની ઈદ્દત અને ડીએનએનું વૈજ્ઞાનિક સંશોધન

કાર્યાલય

ફલોરિડાના ડો. જેમ્સ ઈ.સ. ૧૯૬૮માં એક પ્રયોગશાળામાં માનવ ડીએનએ (ડી ઓકસી રાઈવો ન્યુક્લિક એસિડ) પર શોધ (સંશોધન) કરી રહ્યા હતા. તે એક ઈસાઈ હતા. તેમની પત્ની કાળી (શ્યામવર્ણ) હતી અને તેમનાં ત્રણ બાળકો હતાં. પડોશમાં એક મુસ્લિમ પરિવાર રહેતુ હતું. જેમ્સની પત્ની મુસ્લિમ પરિવારમાં આવજા કરતા હતી. મુસ્લિમ મહિલાનો પતિ એ દરમ્યાન મૃત્યુ પામે છે, એટલા માટે મહિલા પોતાના પતિના મૃત્યુ બાદ ઈદ્દતમાં બેસે છે. ડૉ. જેમ્સની પત્ની પોતાના પતિની સાથે ઘરમાં મુસ્લિમ મહિલાની ઈદ્દતનો ઉલ્લેખ કરતી હતી કે આ કેવો ધર્મ છે કે જે મહિલાને ચાર મહિના દસ દિવસ સુધી ઘરમાં કેદ રાખે છે ?! ડૉ. જેમ્સ વૈજ્ઞાનિક દૃષ્ટિએ એને જોવાના શોખિન બની ગયા અને તેમણે ઈસ્લામિક દૃષ્ટિએ મુસ્લિમ સ્ત્રીઓની ઈદ્દત પર અભ્યાસ કર્યો અને દરમ્યાન એમના શરીરમાંના ડીએનએ પર અભ્યાસ કર્યો શરૂ કર્યું. જેમ જેમ તેમણે સંશોધન કર્યું તેમ તેમ અલ્લાહે એમની બુદ્ધિ પરથી પર્દો હટાવી દીધો. એઓ એ નિર્ણયે પહોંચ્યા કે ઈદ્દતના સમયના કારણે મુસ્લિમ મહિલાઓ અન્ય ધર્મોની મહિલાઓની સરખામણીમાં અધિક પવિત્ર રહે છે, કારણ કે એક પુરૂષનું ડીએનએ એક સ્ત્રીના શરીરમાં **નેવુથી એકસો ત્રીસ દિવસો**ના માટે મૌજૂદ રહે છે. જ્યારે કોઈ સ્ત્રીના પતિનું મૃત્યુ થઈ જાય છે (અથવા તલાક તલાક થઈ જાય તો તલાકવાળીની ઈદ્દત ત્રણ માસિકથી પાકી) તો ઈસ્લામ તે સ્ત્રીના માટે ચાર મહિના દસ દિવસ સુધી ઈદ્દતમાં રહેવું અનિવાર્ય કરવામાં આવેલ છે. જેથી જ્યારે વિધવા કે તલાકવાળી સ્ત્રી બીજી શાદી કરે છે તો તેણીના શરીરમાં પ્રથમ પતિનું ડીએનએ મૌજૂદ ન રહે. તે તલાક પામેલી ત્રણ માસિક પસાર કરતા સુધી કે વિધવા મહિલા જો ચાર મહિના દસ દિવસની અંદર અન્ય પુરૂષથી શાદી કરે છે તો તે શુદ્ધ નથી હોતી, કેમ કે તેણીના શરીરમાં પહેલાં પતિનું ડીએનએ હોય છે જે ઈદ્દતની અંદર (સમય મર્યાદાની અંદર) શાદી કરનારી સ્ત્રીના બીજા પતિથી પેદા થનાર બાળકો વચ્ચે સ્થળાંતર થઈ જાય છે જે ઈસ્લામમાં સખ્ત મના છે. આ શોધ કરતી વખતે ડૉ. જેમ્સે પોતાના પત્ની અને ત્રણ બાળકોના ડીએનએનું તેમની પ્રયોગશાળમાં પરીક્ષણ કર્યું તો તેમની પત્નીના શરીરમાં ચાર અલગ અલગ લોકોના નમૂના જોવા મળ્યા અને તેમના એક પુત્રને છોડીને બાકીના બે બાળકોમાં બે અન્ય લોકોના ડીએનએના નમૂના સામે આવ્યા. ડૉ. જેમ્સે એક બાળકને પોતાની પાસે રાખ્યો જેમાં કેવળ ડૉકટર તથા તેની પત્નીના ડીએનએ પામ્યા હતા, અને બે બાળકો સાથે પોતાની પત્નીને ડાયવોર્સ આપીને મુસ્લિમ બની ગયા. અને કેનેડાની એક મુસ્લિમ સ્ત્રી સાથે શાદી કરી. ડૉ. જેમ્સે ઈસાઈ ધર્મ છોડી આપ્યો અને ઈસ્લામમાં પ્રવેશ કર્યો. અને ડૉ જૂન નામ અપનાવી લીધું. તેમણે કેનેડિયન વર્તમાન પત્રમાં એક રિપોર્ટની સાથે પોતાનું સંશોધન પ્રકાશિત કર્યુ તો ડૉ. જૂનના કેટલાય મિત્રોએ ઈસ્લામ ધર્મ સ્વીકારી લીધો. યૂરોપમાં ડીનએનએ પર વૈજ્ઞાનિક સંશોધન ૧૯૬૦ના દસકમાં શરૂ કરવામાં આવ્યુ હતું. ઈસ્લામમાં સદીઓ પહેલાં (૧૪૦૦ વરસ પહેલાંના) માનવ ડીએનએ પ્રતિ નિર્દેશ કરવામાં આવેલો છે, આ તેની હક્કાનિયતની દલીલ છે.

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે મુહમ્મદભાઈ અહમદ બાપાલાલ તા. ૧૬–૧૨–૨૦૨૦, ૩૦–રબિઉલ આખર, હિ.સ. ૧૪૪૨, બુધવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.
- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે જનાબ હનીફ અબ્દુલકાદર મજેના વાલિદ અબ્દુલકાદર અલી મજે તા. ૨૧–૧૨–૨૦૨૦, ૦૫–જમાદિઉલ અવ્વલ, હિ.સ. ૧૪૪૨, સોમવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.
- **નબીપુર** : ખાતે તંત્રી "બરકાતે ખ્વાજા"મંથલીના સાસુમા આયશાબેન ઈસ્માઈલ કડુજી તા. ૨૨–૧૨–૨૦૨૦, મુ.ચાંદ ૬ જમાદિયુલ અવ્વલ, હિ.સ. ૧૪૪૨ મંગળવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. મર્હૂમા નેક, નમાઝી, રોઝાનાં પાબંદ, તિલાવતે કુર્આનનાં આદી હતાં. મૌલા કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં કરવટ કરવટ મગફિરત ફર્માવે. (આમીન) –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)
- **આમોદ** : ખાતે જનાબ હાફિઝ સઈદ ખાનપુરી (મુદર્રિસ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)ના વાલિદ સાહબ હાજી આદમ મુહમ્મદ સુલેમાન સુન્ની (મૂળ રહેવાસી : ખાનપુર, તા. જંબુસર)નો તા. ૨૩–૧૨–૨૦૨૦, મુ. ચાંદ ૮ જમાદિયુલ અવ્વલ હિ.સ. ૧૪૪૨ બુધવારના રોજ ઈન્તેકાલ કરી ગયા. જેમની દફનવિધિ આમોદ મુજાહિદશાહ બાવા કબ્રસ્તાનમાં અસર બાદ રાખવામાં આવી.
- **દયાદરા** : ખાતે ૧૪ જમા. અવ્વલ હિ.સ. ૧૪૪૨, તા. ૩૦–૧૨–૨૦૨૦ બુધવાર હાજી ઐયૂબ હાજી અહમદ હાજીનો ઈન્તેકાલ થઈ ગયો.
- **દયાદરા** : બાકરોલીવાળા કારી મકસૂદ તથા સુલેમાનભાઈનાં ફોઈ અમીના ઈસ્માઈલ ઝંઘારીયાનો મુ ચાંદ ૧૭ જમા. અવ્વલ હિ.સ. ૧૪૪૨, તા. ૨–૧–૨૦૨૧ શનિવારના રોજ ઈન્તેકાલ થયો જેમની દફનવિધિ બાકરોલી ખાતે સૂરા પીરબાવા દરગાહ કબ્રસ્તાનમાં દફનવિધિ કરવામાં આવી.
- **મારેહરા શરીફ** : (તા. ૧૫/૧૨/૨૦૨૦) ખાનદાને બરકાતના ચશ્મો ચિરાગ, શેહઝાદએ હુઝૂર અહસનુલ ઓલમા, IPS ઓફિસર હઝરત સૈયદ મુહમ્મદ અફઝલમિયાં કાદરી, બરકાતી સાહબ લાંબી બીમારી બાદ આજે આ ફાની દુનિયા છોડી માલિકે હબીબને જઈ મળ્યા. اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیْہِ رٰجِعُوْن આપ એક વર્ષથી દિમાગી બીમારીથી પીડિત હતા અને છેલ્લે આપ અલીગઢની હોસ્પિટલમાં ઝેરે ઈલાજ હતા. આપના ઈન્તેકાલના સમાચારથી સમગ્ર દેશમાં ગમગીનીની લહેર પ્રસરી ગઈ છે. આપનો જન્મ ૧૯૬૪માં મારેહરા શરીફ ખાતે થયેલો. દીની તા'લીમની સાથે સાથે આપે દુન્યવી, સનદી તા'લીમમાં પણ મહારત હાંસલ કરેલી. અલીગઢ મુસ્લિમ યુનિર્વસીટીમાં આપે પહેલાં LLB કર્યું બાદમાં LLMની ડિગ્રી પાસ કરી. આપે ૧૯૯૦માં ઈન્ડિયન સિવિલ સર્વિસિસની પરીક્ષા ઉર્દૂમાં પાસ કરી અને IPS ઓફિસર બન્યા. છેલ્લે આપ મધ્યપ્રદેશના ADG પદ પર નિયુક્ત હતા. ૨૦૧૧માં આપને રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત પણ કરવામાં આવેલા. આપે અલીગઢ ખાતે "અલ બરકાત સોસાયટી"ની રચના કરેલી. આપના ઈન્તેકાલથી ખાનદાને બરકાત તેમજ સમગ્ર સુન્ની આલમને ભારે આઘાત પહોંચ્યો છે. આપને તા. ૧૬/૧૨/૨૦૨૦ના રોજ મારેહરા શરીફ ખાતે આપના બુઝુર્ગોના સાંનિધ્યમાં સપુર્દે ખાક કરવામાં આવ્યા. *(રબ્બુલ આલમીન તેના પ્યારા હબીબ ﷺના તુફૈલ વ સદકામાં આપની મગફેરત ફર્માવે, તેમની કબ્ર પર રહમતો નૂરની વર્ષા ફર્માવે. તંત્રી)*

http://www.barkatekhwaja.net

❑ **અહમદાબાદ** : ખાતે આલી જનાબ મુહમ્મદ રફીક જૈનુદ્દીન શેખ નક્શબંદી મુજદ્દિદી ઉષ્માની ઉર્ફ રફીકભાઈ પેન્ટરનો ઈન્તેકાલ તા. ૧૩–૧૧–૨૦૨૦ જુમ્આના રોજ થઈ ગયો. મગરિબની નમાઝ બાદ પથ્થરવાળી મસ્જિદ ખાનપુરમાં મૌલાના મુહમ્મદ અસ્લમ નક્શબંદી મુજદ્દિદી ઉષ્માની (સદર મુદર્રિસ : દારુલ ઉલૂમ હઝરત સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ)એ નમાઝે જનાઝા પઢાવી અને હઝરત મૂસા સુહાગ કબ્રસ્તાન, શાહીબાગમાં દફન કરવામાં આવ્યા. મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકે મર્હૂમની મગફિરત ફર્માવે, સંબંધીઓ, સ્નેહીઓને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

❑ **ટંકારીઆ** : (તા. જિ. ભરૂચ) ખાતે હજીયાણી ઝુલેખાબેન યાકુબ ડબગર તથા તેમના પતિ હાજી યાકુબ ડબગર મુ. ચાંદ ૨૩ જમાદીયુલ અવ્વલ હિ.સ. ૧૪૪૨, તા. ૮–૦૧–૨૦૨૧, જુમ્આના રોજ ઈન્તેકાલ થયો છે.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે યાસીન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ભરૂચ ખાતે સૈયદ અમીન અલી કાદરીનો કામયાબ તબ્લીગી દૌરો

તા. ૧૧–૧–૨૦૨૧ સોમવારના રોજ લાંબા અરસા પછી ઔલાદે ગૌષે આ'ઝમ આલે રસૂલ મુકર્રિરે ઝીશાન હઝરત સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ) ભરૂચ ખાતે તશરીફ લાવ્યા હતા. ઝહોર બાદ **દયાદરા** મુકામે કબ્રસ્તાનમાં મર્હૂમ હાફિઝ ઐયૂબ અહમદ માટલીની કબ્ર પર ફાતિહા પઢી સર્વ મર્હૂમો માટે દુઆ ગુજારી ત્યાર બાદ મર્હૂમના ઘરે તશરીફ લઈ ગયા અને સર્વ ચાહકોથી મુલાકાત કરી દુઆઓ આપી. ત્યાર બાદ **સાપા** ગામે કબ્રસ્તાનમાં પહોંચી હાફિઝ સીરાજ સાપાવાળાના વાલિદૈનની કબ્રો પર ફાતિહા પઢયા. ત્યાર બાદ અસરમાં સાપા મસ્જિદ પહોંચ્યા. જ્યાં અસર બાદ મગરિબ સુધી وَالتِّيۡنِ وَالزَّيۡتُوۡنِۙ "ઈન્જીરની કસમ ! અને ઝયતૂનની કસમ !" (સૂ. તીન, ૯૫) સૂરત તિલાવત ફર્માવી તેની તફસીર વર્ણવી ખૂબ જ અસરકારક બયાન કર્યું હતું. ત્યાર બાદ પારખેત ગામે તશરીફ લઈ ગયા હતા.

**પારખેત** : મુકામે રાત્રે ઈશા બાદ મસ્જિદમાં શાનદાર સુન્ની ઈજતેમા યોજાયો જેમાં દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ તથા અન્ય ઉલમાએ કિરામ, મુફતીયાને એઝામની મૌજૂદગીમાં اَلۡهٰٮكُمُ التَّكَاثُرُۙ "તમને ગાફિલ રાખ્યા માલની અધિક તલબીએ" (સૂરએ તકાસૂર, ૧૦૨) આયત પઢીને માલની મહોબ્બતમાં માણસના શું બુરા હાલ થાય છે અને સહાબા તથા અહલે બયત તથા બુઝુર્ગો માલને કેવી રીતે રાહે ખુદામાં ખર્ચ કરતા હતા તેનાં દષ્ટાંતો આપી દિલને ઝંઝોળનારુ તથા ખૌફે ખુદા દિલમાં પેદા કરનારુ બયાન કરી ખૂબ જ સચોટ અંદાઝમાં હાજર મજમાની તથા લાઈવ જોનારાઓની ઈસ્લાહ કરી હતી. બીજા દિવસે હઝરત ઉમલ્લા મુકામે "સુન્ની દા'વતે ઈસ્લામી'ના મજબૂત મુઆવિન મર્હૂમ ઈબ્રાહીમ ખત્રીની કબ્ર પર પણ ફાતિહા પઢવા તશરીફ લઈ ગયા હતા અને તેમના ઘરે પણ હાજરી આપી કુટુંબીજનોને આશ્વાસન આપી દુઆઓ ગુઝારી હતી.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## હાફિઝ મુહમ્મદ કમરુદ્દીન રઝવીએ દુનિયાને અલવિદા કહી

**દિલ્હી** : ખાતે હિંદમાં મશહૂર "રઝવી કિતાબ ઘર" ભીવંડી તથા દિલ્હીના સ્થાપક જેમણે ઉલમાએ અહલે સુન્નત વ જમાઅતની અનેક કિતાબો ઉર્દૂમાં પ્રસિદ્ધ કરી તેમજ "કન્ઝુલ ઈમાન" નામથી ઉર્દૂ તથા હિંદીમાં મંથલી ચાલુ કરેલ જે હજી દર મહિને પ્રકાશિત થાય છે. અમો પણ ઉર્દૂ મંથલીના લાઈફ મેમ્બર છીએ. ૧૯૫૬માં આપનો જન્મ થયો હતો. ૧૯૭૧ કે ૧૯૭૨માં દારુલ ઉલૂમ તન્વીરુલ ઈસ્લામ–અમર ડોભામાં હાફિઝની દસ્તાર બંદી થઈ હતી. ટૂંક સમય ઈમામત કરીને કિતાબોનું સેલિંગ શરૂ કરેલ છેવટે પ્રથમ ભવંડી પછી દિલ્હી રઝવી કિતાબ ઘરની સ્થાપ્ના ૧૯૯૫માં મેટિયા મહેલ ખાતે કરી. અમોએ પણ તેમના હેઠળ ગુજરાતી ઘણી કિતાબો દિલ્હી છપાવી હતી. ૩–રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૪૨, અં.તા. ૨૦–૧૦–૨૦૨૦ મંગળવારે આપનો ઈન્તેકાલ થઈ ગયો. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની મગફિરત ફર્માવે, ઘરવાળાંઓને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ......અને અમે ઔર એક મુખ્લિસ સુન્નિયતનો ખાદિમ ગુમાવી દીધો !

અત્રે આ સમાચાર છાપતાં અમો બેહદ દુ:ખ અનુભવીએ છીએ કે એક વધુ અમારા હમદર્દ, અમને સદા યાદ રાખનાર, અહલે સુન્નતના મજબૂત સિપાહી, દીનો સુન્નિયતના કામોમાં અગ્રેસર રહેનાર, લિલ્લાહિયતથી ભરપૂર ખાદિમે અહલે સુન્નત, મુજાહિદે સુન્નિયત, ઉષ્માની મસ્જિદ–લેસ્ટરના કર્તાહર્તા, **"સુન્ની દા'વતે ઈસ્લામી"**ના ખાસ સપોર્ટર, **"ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા"**, **"દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ"** તેમજ **"દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ"**, તેમજ **"દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામ"** વગેરે દીની ઈદારાઓના નિ:સ્વાર્થ ડોનર, સપોર્ટર એવા રૂસ્તમભાઈ વકા વલણવાળા (હાલ : લેસ્ટર) ખાતે કોરોનાની બીમારી સામે ટક્કર લેતા રહી છેવટે તા. ૨૦–૧૨–૨૦૨૦, મુ. ચાંદ ૪ જમાદિયુલ અવ્વલ, હિ.સ. ૧૪૪૨ રવિવારના રોજ ઈન્તેકાલ કરી ગયા. اِنَّا لِلّٰہِ وَاِنَّآ اِلَیْہِ رٰجِعُوْنَ આપની ખોટ અમને હમેશાં સતાવતી રહેશે. દિલોજાનથી અમારા ચાહક, સહાયક અને સાફ દિલ માણસ હતા. અલ્લાહ કરીમ તેના પ્યારા હબીબે પાક ﷺના સદકામાં, ગૌષ પાક رضی اللہ عنہના વસીલાથી તેમની કરવટ કરવટ મગફિરત ફર્માવે, શહાદતનો મર્તબો મર્હૂમને નસીબ કરે, જન્નતમાં આ'લાથી આ'લા મકામ અતા કરે, ઘરવાળાંઓ, સર્વ ચાહકો, સંબંધીઓને સબ્રે જમીલ તથા અજરે જઝીલ અતા કરે. (આમીન) *–તંત્રી*


કિતાબ : **ચમનિસ્તાને કરમ** (પેજીસ–૨૦૮)

**(પંજતન પાક, અહલે બૈત, બારહ ઈમામ, આલે રસૂલ વ સાદાતે કિરામની શાન નઝમ રૂપે)**

**સંપાદક** : પીરે તરીકત હઝરત સૈયદ હાજી દાદામિયાં એસ. કાદરી 'મુહિબ' (રૂપાલ)

**સહ સંપાદકો** : સૈયદ એહસાનુલ હક્ક 'એહસાન' કાદરી (રૂપાલ) તથા નિઝામ કુરૈશી અશરફી 'અશરફ' અહમદાબાદી

**પ્રકાશક** : **સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી**, મુ. રૂપાલ, તા. બાવાલા, જિ. અહમદાબાદ–૩૮૨૨૨૦

*(કિતાબ મેળવવા પ્રકાશકના સરનામે પત્ર વહેવાર કરશો)*